દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 249 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 October 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
મંગળવાર, ૨૧ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ગુજરાતના ખેડૂતોની દિવાળીઃ ૯૪૭ કરોડ રૂપિયાનું પૅકેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં ભારે વરસાદના કારણે પાકને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને ખેડૂતો માટે ₹૯૪૭ કરોડનું વિશેષ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજમાં કેન્દ્ર સરકારના સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી ₹૫૭૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જ્યારે બાકીની રકમ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી હતી. આ રાહત પેકેજનો લાભ રાજ્યના પાંચ જિલ્લાના ૧૮ તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોને મળશે. સરકારે જાહેરાત કરી કે, જો જરૂર પડશે તો ખેડૂતોને મદદરૂપ થવા માટે વાવ અને થરાદ જેવા વિસ્તારોને વધારાનું પેકેજ પણ ફાળવવામાં આવી શકે છે. કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ઑગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૫ થયેલા ભારે વરસાદથી પાકને નુકસાન થયું હતું. જૂનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જેવા વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ધાન, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને અન્ય પાકમાં મોટું નુકસાન થયું હતું. કુલ ૧૮ તાલુકાના (જુઓ પાનું ૨) ▶▶

ઔગઃ તમિળનાડુના મદુરાઈ જિલ્લામાં રવિવારે પેપરના ગોદામમાં આગ ફાટી નીકળ્યા બાદ જોવા મળી રહેલા ધુમાડાના ગોટેગોટા. (એજન્સી)

‘સૈન્યની ત્રણેય પાંખના અદ્‌ભુત સંકલનને લીધે પાકિસ્તાને ઘૂંટણિયાં ટેકવવા પડ્યાં’

આઈએનએસ વિક્રાંતમાં જવાનો સાથે દિવાળી ઉજવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું

સલામ સેનાનેઃ આઈએનએસ વિક્રાંત પર નૌકાદળના જવાનો સાથે દિવાળીની ઉજવણી ગઈ કાલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી. (એજન્સી)

પણજી : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે લશ્કરની ત્રણ પાંખોના ભવ્ય સંકલનને - નૌકાદળે ઊભો કરેલો ભય, હવાઈ દળનું અસામાન્ય કૌશલ અને ભૂદળની બહાદુરીની લીધે ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને અતિશય ઝડપથી ઘૂંટણિયે લાવી દીધું હતું મોદીએ કહ્યું હતું કે થોડા મહિના અગાઉ વિક્રાંતને લીધે પાકિસ્તાનને અનેક રાત ઊંઘ આવી નહોતી.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતમાં નૌકાદળના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. તેમણે વિક્રાંતને આત્મનિર્ભર ભારતની ગગનચુંબી નિશાની ગણાવી હતી. મોદી રવિવારે સાંજે અહીં આવ્યા હતા અને ગોવાના કાંઠે દેશી બનાવટના વિમાનવાહક જહાજમાં સવાર થયા હતા. આખો પ્રવાસ ગુપ્ત રીતે પાર પાડવામાં આવ્યો હતો એમ સૂત્રોએ કહ્યું હતું.

મોદી વિક્રાંતમાં ફ્લાઈટડેકમાં ગયા હતા જ્યાં મિગ ૨૯કે ફાઈટર પ્લેન તૈનાત થયા છે. જહાજના ટૂંકા રનવે પર તેમણે મિગ ૨૯નું ઉડાણ અને ઉતરાણ જોયું હતું.

મોદીએ વાઈબ્રન્ટ સાંસ્કૃતિક (જુઓ પાનું ૨) ▶▶

જહાજમાં આગ, ૨૩ ભારતીયને બચાવાયા

નવી દિલ્હીઃ યમનના એડનના કિનાર નજીકના એનએનજી લઈ જતા જહાજ પર વિસ્ફોટ પછી ભયાનક આગ લાગી હતી. ૨૪માંથી ૨૩ ભારતીયને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. આ જહાજ ઓમાનથી જિબૂટી જઈ રહ્યું હતું. યુરોપિયન સંઘના નૌકાદળ દ્વારા બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જહાજમાં પેટ્રોલિયમ પદાર્થ હોવાને કારણે વિસ્ફોટ ભયાનક થયો હતો, આસપાસ અવરજવર કરનારા માર્ગ પર પણ જોખમ વધી ગયું હતું. હાલના તબક્કે બે જણ ગુમ છે, જ્યારે અકસ્માત થયો ત્યારે જહાજ ઓમાનથી સોહાર પોર્ટ રવાના થઈ જિબુતી જઈ રહ્યું હતું. વિસ્ફોટ પછી પાણીમાં જહાજ વહેવા લાગ્યું હતું. જહાજમાં આશરે ૨૦ ટકા આગ લાગી હતી. મળતી માહિતી અનુસાર બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે, જ્યારે તપાસ (જુઓ પાનું ૨) ▶▶

...તો જંગી ટૅરિફ ચૂકવવાનું ભારત ચાલુ રાખેઃ ટ્રમ્પ



વૉશિંગ્ટન (અમેરિકા) અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે તે હું તેના પર જંગી ટૅરિફ ઝીંકીશ. જોકે તેમણે એ વાત ફરી દોહરાવી હતી કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મને ખાતરી આપી છે કે નવી દિલ્હી મોસ્કો પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે.

એર ફોર્સ વન વિમાન પર પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે જો ભારત રશિય પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે તો તેના પર વ્યાપક ટૅરિફ નાખીશ. મને લાગે છે કે ભારત એ કરવા માગતું નથી.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ફોક્સ ન્યૂસને એક મુલાકાતમાં કહ્યું હતું કે ટૅરિફની ધમકીથી ભારત અને પાકિસ્તાન-બે અણુસત્તાઓ વચ્ચેનું યુદ્ધ અટકાવ્યું હતું. યુદ્ધ ચાલું હતું. સાત વિમાન તૂટ્યાં હતાં. આમાં અણુયુદ્ધ ફાટવાનો ભય હતો. સાત ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવ્યા હતા. આ મોટી વાત છે. અણુયુદ્ધ ફાટી જાય એવો ડર હતો.

ટ્રમ્પે કહ્યું હતું કે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે લાખો જાન બચાવવા બદલ મારો આભાર માન્યો. પાકિસ્તાનના વડા પ્રધાને હકીકતમાં કહ્યું હતું કે ડોનલ્ડ ટ્રમ્પ, પ્રેસિડન્ટ ટ્રમ્પે યુદ્ધ અટકાવીને લાખો જાન બચાવવા બદલ આભાર માન્યો હતો. ■

‘અંગ્રેઝો કે જમાને કે જેલર’ની વિદાય

મૃત્યુ ઈવેન્ટ ન બને એવી સૂચના આપી હોવાથી તેમના અવસાનની જાહેરાત અંતિમસંસ્કાર પછી જ કરાઈ

મુંબઈઃ બૉલીવૂડના જાણીતા કોમેડિયન એક્ટર અસરાનીનું ૮૪ વર્ષની વયે ગઈ કાલે મુંબઈ ખાતે જુહુની હૉસ્પિટલમાં નિધન થયું હતું. છેલ્લા ચાર દિવસથી તેઓ હૉસ્પિટલમાં હતા. ગઈ કાલે સાંજે જ તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા, એમ જણાવતા તેમના પીએ બાબુભાઈએ કહ્યું હતું કે, અસરાનીએ પત્નીને કહ્યું હતું કે, મારું મૃત્યુ ઇવેન્ટ ન બને એ જોજો. આથી જ અંતિમસંસ્કાર પછી જ તેમના અવસાનની જાહેરાત કરવામાં આવી હતી. તેમના ફેફસાંમાં પ્રવાહી ભેગું થયું હતું અને તેઓ સોમવારે બપોરે ૩.૩૦ વાગ્યે ગુજરી ગયા હતા.

સદાબહાર હાસ્ય કલાકાર અસરાનીનું પૂરું નામ ગોવર્ધન અસરાની હતું. તેમનો જન્મ એક જાન્યુઆરી ૧૯૪૧માં જયપુરમાં થયો હતો. તેમણે (જુઓ પાનું ૨) ▶▶

એમેઝોન ક્લાઉડ ખોરવાતા ઈન્ટરનેટમાં મોટું બ્લૅકઆઉટ

રૉબિનહૂડ, સ્નૅપચેટ, કૅનવા અને પર્પ્લેક્સિટી સહિતની જગતભરની સર્વિસિઝ ડાઉન

ન્યૂ યૉર્કઃ ઍમેઝોન ક્લાઉડ ડિવિઝન એડબ્લ્યુએસ, રૉબિનહૂડ, સ્નૅપચેટ, કૅનવા અને પર્પ્લેક્સિટી એઆઈ સહિતની લોકપ્રિય ઑનલાઈન સેવા સોમવારે ખોરવાઈ ગઈ હતી. ઈન્ટરનેટના બૅકઍન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોટા હિસ્સાને યાંત્રિક શક્તિ પૂરી પાડતી ઍમેઝોન વૅબ સર્વિસિસમાંથી આ સમસ્યા ઉદ્‌ભવી હોવાનું માનવામાં આવે છે, એમ આઉટેજ ટ્રેકિંગ વૅબસાઈટ ડાઈનડિટેક્ટરે જણાવ્યું હતું. ડાઉનડિટેક્ટરે અમેરિકામાં એડબ્લ્યુએસની સમસ્યાની ૧,૦૦૦ કરતાં પણ (જુઓ પાનું ૨) ▶▶

યુદ્ધના અંતનો આ છે યોગ્ય સમયઃ ઝેલેન્સ્કી

કીવઃ રશિયા અને યુક્રેન વચ્ચે સતત યુદ્ધ ચાલી રહ્યું છે. તેમજ આ યુદ્ધને સમાપ્ત કરવા માટે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી જણાવ્યું છે કે હાલ યુદ્ધને સમાપ્ત કરવાનો આ યોગ્ય સમય છે. તેમજ તેમણે રશિયા પર આ અંગે રાજકીય દબાણ વધારવા અપીલ કરી છે. ઝેલેન્સકીનું આ નિવેદન ફ્રાંસના પ્રમુખ સાથેની મુલાકાત બાદ આવ્યું છે. ઝેલેન્સ્કીએ સોમવારે એક્સ પર શેર કરેલી પોસ્ટમાં કહ્યું કે તેમણે ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે શાંતિ સ્થાપવા થઈ રહેલા રાજદ્વારી પ્રયાસો અંગે ચર્ચા કરી હતી. તેમણે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વાત કરી. તેમજ કહ્યું કે યુદ્ધનો અંત લાવવાનો હવે યોગ્ય સમય છે. તેમણે રશિયા પર (જુઓ પાનું ૨) ▶▶

ટૅરિફ ઈફેક્ટઃ ભારતની અમેરિકાની નિકાસમાં તીવ્ર ઘટાડો

નવી દિલ્હીઃ મોટાભાગનાં ભારતીય ઉત્પાદનો પર અમેરિકાએ પચાસ ટકા ટૅરિફ લાદતાં ભારતની અમેરિકાની નિકાસમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.

સપ્ટેમ્બર ૨૦૨૫માં નિકાસ ઘટીને ૫.૫ અબજ ડૉલર તો ઑગસ્ટમાં નિકાસમાં ૨૦.૩ ટકાનો ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. સતત ચોથા મહિને નિકાસમાં ઘટાડો જોવા મળ્યો હતો.

મે મહિનાથી અત્યાર સુધીમાં સતત ચાર મહિના માસિક ૩.૩ અબજ ડૉલરનો ઘટાડો જોવા મળ્યો છે.

જીટીઆરએ ટ્રેડ ડેટા દર્શાવે છે કે ભારતની અમેરિકાની નિકાસ મે મહિનામાં ૮.૮ અબજ ડૉલરની હતી જે જૂનમાં ૫.૭ ટકા ઘટીને ૮.૩ અબજ ડૉલર, જુલાઈમાં ૩.૬ ટકા ઘટીને ૮.૦ અબજ ડૉલર, ઑગસ્ટમાં ૧૩.૮ ટકા ઘટીને ૬.૯ અબજ ડૉલર અને સપ્ટેમ્બરમાં ૨૦.૩ ટકા ઘટીને ૫.૫ અબજ ડૉલર થઈ ગઈ હતી.

સપ્ટેમ્બર એવો પહેલો મહિનો હતો જ્યારે ભારતના તમામ ઉત્પાદનો પર પચાસ ટકા ટૅરિફ લાગુ થયો હતો.

જે ચાવીરૂપ ક્ષેત્રો પર ટૅરફની સૌથી વધુ અસર જોવા મળી રહી છે તેમાં ટેક્સટાઈલ, જૅમ્સ ઍન્ડ જ્વેલરી, ઍન્જિનિયરિંગ ગુડ્સ, કેમિકલ વગેરેનો સમાવેશ થાય છે. ટૅરિફ વધારાને કારણે આ અસર જોવા મળી રહી છે. ૧૦ ટકાથી શરૂ થયેલો ટૅરિફ ઑગસ્ટના આરંભમાં વધીને પચીસ ટકા અને મહિનાના અંત સુધીમાં વધીને પચાસ ટકા થઈ ગયો હતો. (એજન્સી)■

આરજેડીના ૧૪૩ ઉમેદવાર જાહેરઃ પાંચ ઈન્ડિ બ્લૉક સામે ચૂંટણી લડશે

પટણાઃ બિહાર વિધાનસભા ચૂંટણી માટે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)એ સોમવારે ૧૪૩ ઉમેદવારના નામની યાદી જાહેર કરી હતી. બીજા અને અંતિમ તબક્કાનું ઉમેદવારીપત્રક ભરવાના ગણતરીના કલાકો અગાઉ આ યાદી જાહેર કરવામાં આવી હતી. આમાંથી પાંચ આરજેડી જેનું ગટક છે એ ઈન્ડિ બ્લૉકના અન્ય ઘટક પક્ષોના ઉમેદવારો સામે લડવાના છે.

જાહેર કરવામાં આવેલી આ યાદીએ કૉંગ્રેસના રાજ્ય એકમના વડા રાજેશકુમાર રામ વર્તમાનમાં જે બેઠક ધરાવે છે તે કુટુમ્બા બેઠક પરથી આરજેડી ચૂંટણી લડશે એ પ્રકારની વહેતી થયેલી અટકળોનો અંત આણ્યો હતો.

ઉલ્લેખનીય ઉમેદવારોમાં તેજસ્વી યાદવ (રાઘોપુર), આલોક મહેતા (ઉજિયારપુર), મૂકેશ (જુઓ પાનું ૨) ▶▶

બાંકે બિહારી મંદિરના ખજાનામાં સોનું-ચાંદી

આગ્રાઃ વિશ્વ વિખ્યાત મથુરાના બાંકે બિહારી મંદિરના ઐતિહાસિક તોશાખાનામાંથી ઘણી અમૂલ્ય અને ઐતિહાસિક વસ્તુઓ મળી આવી છે. ૫૪ વર્ષ પછી ખોલવામાં આવેલા આ રૂમમાંથી રવિવારે સોના-ચાંદીના સળિયા, રત્નો અને કિંમતી સિક્કા મળી આવ્યા હોવાનો પૂજારીઓએ દાવો કર્યો હતો. સર્વે દરમિયાન હાજર મંદિરના પૂજારી દિનેશ ગોસ્વામીએ જણાવ્યું કે ટીમને એક સોનાનો સળિયો અને ત્રણ ચાંદીના સળિયા મળી આવ્યા હતા. જેના પર ‘ગુલાલ’ લગાવેલું હતું. આ સળિયા તોશાખાનામાંથી મળેલા એક લાંબા બોક્સમાંથી મળી આવ્યા હતા. આ ધાતુઓ લગભગ ૩-૪ ફૂટ લાંબી હતી. આ ઉપરાંત લાલ અને લીલા રંગના રત્નો, કિંમતી સિક્કા અને વિવિધ ધાતુઓથી બનેલા વાસણો પણ મળી આવ્યા હતા.■

ઐતિહાસિક હીરાની ચોરી બાદ મ્યુઝિયમ બંધ રહેશે

પૅરિસઃ વિશ્વના સૌથી વધુ મુલાકાતીઓની અવરજવર ધરાવતા લુવ મ્યુઝિયમમાંથી ધોળાદિવસે ઐતિહાસિક હીરાની ચોરી થયા બાદ મ્યુઝિયમ એક દિવસ બંધ રહેશે.

ગ્લાસ પિરામીડ પ્રવેશદ્વારની સામે લાઈનબંધ ઊભેલા મુલાકાતીઓને મ્યુઝિયમના સ્ટાફે જણાવ્યું હતું કે જે લોકોએ ટિકિટ ખરીદી છે તેમને રિફંડ આપવામાં આવશે. જોકે તેમણે વધુ કોઈ માહિતી નહોતી આપી.

રવિવારે ચોર ડિસ્પ્લે ગ્લાસ તોડી અમૂલ્ય નેપોલિયોનિક હીરો ચોરીને ભાગી છૂટ્યો હતો.

મ્યુઝિયમ ખોલવામાં આવ્યાની ૩૦ જ મિનિટમાં આ ચોરી થઈ હતી. મુલાકાતીઓની હાજરીમાં માત્ર ચાર જ મિનિટમાં આ ચોરી થઈ હતી.

ફ્રાન્સના કાયદા પ્રધાન ગૅરલ્ડ ડાર્મેનિને આને સુરક્ષાની નિષ્ફળતા લેખાવી હતી. (એજન્સી) ■

ગ્રાન્ડ સૂમો ટૂર્નામેન્ટઃ લંડનના રોયલ આલ્બર્ટ હૉલ ખાતે ગ્રાન્ડ સૂમો ટૂર્નામેન્ટ દરમિયાન રવિવારે પવિત્ર સૂમો રેસ્લિંગ રિંગમાં સૂમો કુસ્તીબાજ ડાઇશૉ અને રૉગા આમનેસામને. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

કિરણની વાતથી શિવકુમારને કેમ મરચાં લાગી ગયાં ?

ભારતમાં રાજકારણીઓ લોકશાહીની ને વાણી સ્વાતંત્ર્યની વાતો કરે છે પણ પોતાની કે પોતાની સરકારની ટીકા ભાગ્યે જ કોઈ રાજકારણી સહન કરી શકે છે. કોઈ જરાક ટીકા કરે કે શાસકોને મરચાં લાગી જાય છે ને પોતાની ટ્રોલ આર્મીને ધંધે લગાડીને ટીકા કરનારના માથે માછલાં ધોવાનો, તેનું ચારિત્ર્યહનન કરવાનો ગોરખધંધો પુરજોશમાં ચાલુ થઈ જાય છે. બિઝનેસવુમન કિરણ મઝુમદાર-શોએ બેંગલુરુના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દયનીય હાલતની ટીકા કરી એ સાથે જ આ ધંધો શરૂ થઈ ગયો છે.

એક તરફ કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારથી માંડીને ગૃહ મંત્રી પરમેશ્વર સુધીના પ્રધાનો કિરણના માથે માછલાં ધોવા માટે કૂદી પડ્યા છે ત્યારે બીજી તરફ કૉંગ્રેસની ટ્રોલ આર્મી પણ કામે લાગી ગઈ છે. કિરણ મઝુમદાર બેંગલુરુમાં જન્મ્યાં છે પણ તેમનાં માતા-પિતા ગુજરાતી હતાં એ વાતને પકડીને કિરણને ટ્રોલ કરાઈ રહ્યાં છે. કિરણ પર ભાજપનાં એજન્ટ હોવાનો ઠપ્પો લગાવવાની કોશિશ પણ થઈ રહી છે.

બેંગલુરુના રોડ-રસ્તા, ટ્રાફિક વગેરેની બદતર હાલતની ટીકા પહેલી વાર નથી થઈ રહી. સામાન્ય લોકોથી માંડીને આઈટી ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા માંધાતાઓ સુધી ઘણાં તેની વારંવાર ટીકા કરી ચૂક્યાં છે. કિરણ શો-મઝુમદાર અને ઈન્ફોસીસના ભૂતપૂર્વ ચીફ ફાયનાન્સિયલ ઓફિસર (સીએફઓ) મોહનદાસ પાઈ આ ટીકામાં મોખરે છે તેથી બંને નજરે ચડેલાં જ હતાં ત્યાં ગયા અઠવાડિયે કિરણે એક વિદેશી કોર્પોરેટ અગ્રણીની કોમેન્ટ વિશે ટ્વિટ કરી તેમાં આ બબાલ ફરી શરૂ થઈ ગઈ. આ કોર્પોરેટ અગ્રણીએ બેંગલુરુના ખરાબ રોડ-રસ્તા, સાવ ખાડે ગયેલા ટ્રાફિક મેનેજમેન્ટ અને કચરાના ઢગલાઓ અંગે આઘાત વ્યક્ત કર્યો હતો અને એવો અભિપ્રાય આપેલો કે, બેંગલુરુની હાલત બદથી બદતર થતી જાય છે.

શિવકુમારને આ વાતથી મરચાં લાગી ગયાં કેમ કે શિવકુમાર પાસે બેંગલૂરુના વિકાસનો હવાલો પણ છે. શિવકુમારે કોમેન્ટ કરી કે, કોઈ ટીકા કરે તેની સામે પોતાનો વાંધો નથી પણ આ ટીકાઓ વધારે પડતી થઈ રહી છે. શિવકુમારે એવું ડહાપણ પણ ડહોળ્યું કે, કોઈએ પણ ખાલી ટીકા કરવાના બદલે હકારાત્મક વલણ બતાવીને સહિયારા પ્રયાસોમાં સાથ આપવો જોઈએ કેમ કે વિકાસ એકલા સરકારની જવાબદારી નથી પણ સામૂહિક જવાબદારી છે. શિવકુમારે અકળાઈને એમ પણ કહ્યું કે, કિરણને રોડ સામે વાંધો હોય તો તેમણે સારા રોડ બનાવવા જોઈએ.

શિવકુમારની વાત અત્યંત હાસ્યાસ્પદ છે કેમ કે વિકાસ સામૂહિક જવાબદારી છે પણ સંચાલન અને વહીવટ સામૂહિક જવાબદારી નથી. દેશ હોય, રાજ્ય હોય, શહેર હોય કે નાનું ગામ હોય, લોકોની સુવિધાઓ જળવાય અને કોઈ પણ એકમનું સારી રીતે સંચાલન થાય એ માટે લોકો જનપ્રતિનિધિઓને ચૂંટે છે. સરકારી તંત્ર પાસેથી સારું કામ લેવાની જવાબદારી આ જનપ્રતિનિધિઓની છે, લોકોની નથી. લોકો કરવેરા ચૂકવે તેમાંથી ભરાતી સરકારી તિજોરીમાંથી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના પગાર ચૂકવાય છે અને આખું તંત્ર ચાલે છે. આ તંત્ર સારી રીતે કામ કરે છે કે નહીં એ જોવાની જવાબદારી જનપ્રતિનિધિઓની બનેલી સરકાર કે પંચાયતની હોય છે. આ જવાબદારી પ્રજાની નથી કે બીજા કોઈની નથી. એ જવાબદારી સરકાર કે પંચાયત સારી રીતે ના બજાવે તો તેની ટીકા કરવાનો લોકોને અધિકાર છે. આ ટીકાને સહન કરતાં શાસકોએ શીખવું જોઈએ અને તેના આધારે વહીવટમાં સુધારો કરવાની તૈયારી પણ બતાવવી જોઈએ. શિવકુમારમાં એ ખેલદિલી નથી તેથી કિરણની ટીકાને હકારાત્મક રીતે લઈ શકતા નથી.

શિવકુમારે કિરણને રોડ બનાવવાની સલાહ આપી એ પણ બકવાસ છે. કિરણ મઝુમદાર કે બીજી કોઈ પણ કંપની કે વ્યક્તિનું કામ રોડ બનાવવાનું નથી. લોકો અને કંપનીઓ કરવેરા ચૂકવે જ છે ને તેમાંથી રોડ બનાવવા જોઈએ ને સારી સવલતો આપવી જોઈએ. શાસકો એ સવલતો આપી ન શકે ત્યારે શિવકુમાર જેવી વાહિયાત વાતો કરે છે.

શિવકુમારે કિરણને પોતાનાં મૂળિયાં યાદ રાખવાની સુફિયાણી સલાહ પણ આપી છે. શિવકુમારનું કહેવું છે કે, કિરણ સહિતનાં જે લોકોએ અહીં બિઝનેસ શરૂ કર્યા ત્યારે કેવા સંજોગોમાં બિઝનેસ શરૂ કર્યા હતા અને અત્યારે ક્યાં પહોંચ્યા છે એ વાત ભૂલી ગયા છે. આ લોકો મોટા થયા કેમ કે સરકારે તેમને સવલતો આપી પણ હવે બધું ભૂલીને ટ્વિટ કરીને એ લોકો ટીકા કરી રહ્યા છે. શિવકુમારે ડાયલોગ પણ ફટકાર્યો છે કે, તમે તમારાં મૂળિયાં ભૂલી જાઓ તો તમને ફળ નહીં મળે.

બેંગલુરુમાં આઈટી સહિતની ઈન્ડસ્ટ્રીનો અભૂતપૂર્વ વિકાસ થયો એ સાચું છે. આ વિકાસમાં શાસકોના યોગદાનને ના નકારી શકાય પણ તેના કારણે સરકારને પણ ફાયદો થયો જ છે. આઈટી કંપનીઓના કારણે બેંગલુરુ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરોડો રૂપિયાનો ટેક્સ મળે છે, લાખો લોકોને રોજગારી મળે છે, રાજ્ય સરકારને પણ તોતિંગ આવક થાય છે, અબજો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ દેશમાં ઠલવાય છે ને તેનો લાભ રાજકારણીઓને મળે જ છે. તેના બદલામાં બેંગલુરુના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સારું રાખવું એ તેમની ફરજ છે.

આ ફરજ સારી રીતે ના બજાવી શક્યા એ માટે કોઈ તેમનો કાન આમળે એ સહન કરવાની તેમની તૈયારી હોવી જોઈએ. દૂઝણી ગાયની લાત પણ ખાવી પડે પણ અહીં ગાય ખાલી ભાંભરે તેમાં તો શિવકુમાર સહિતના કૉંગ્રેસીઓ ઊભા થઈ ગયા છે. વાસ્તવમાં કિરણે કરેલી ટીકા માટે તેમણે શરમ અનુભવવી જોઈએ. કોઈ શહેર કચરાનો ઢગ બની જાય કે સરખું ટ્રાફિક મેનેજમેન્ટ ના કરી શકો એ સુધારી શકાય એવી નિષ્ફળતાઓ છે. શિવકુમાર સહિતના નેતાઓ એ કરવાના બદલે કિરણને સલાહો આપે છે, ટીકા કરે છે એ આઘાતજનક કહેવાય.

શિવકુમાર સહિતના કૉંગ્રેસી છીંડે ચડેલા ચોર છે પણ આ હાલત બધે જ છે. કિરણે બેંગલુરુના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરી પણ ભારતમાં મોટા ભાગનાં મોટાં શહેરોની હાલત બેંગલુરુ જેવી છે અને મોટા ભાગના શાસકોની માનસિકતા પણ શિવકુમાર જેવી જ છે. મુંબઈ, કોલકાતા, દિલ્હી, હૈદરાબાદ, અમદાવાદ સહિતનાં શહેરોમાં થોડોક વરસાદ પડે ત્યાં શું હાલત થઈ જાય છે એ આપણે જોઈએ જ છીએ. ખરા રસ્તા, કચરાના ખડકલા, કલાકો લગી અટવાઈ જાઓ એવો ટ્રાફિક જામ વગેરે દરેક શહેરમાં સામાન્ય વાત છે પણ તેમાં સુધારો થતો જ નથી. બલ્કે હાલત ખરાબ થતી જાય છે ને કોઈ તેને ગંભીરતાથી લેવા તૈયાર જ નથી. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૨૧-૧૦-૨૦૨૫, દર્શ અમાવસ્યા, અન્વાધાન,

- ભારતીય દિનાંક ૨૯, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૨-૫૮ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૯-૩૫ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૩૭, મધ્ય રાત્રે ક. ૦૦-૧૬
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૩ (તા. ૨૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - અમાવસ્યા. દર્શ અમાવસ્યા, અન્વાધાન, કેદાર ગૌરીવ્રત (દક્ષિણ ભારત). સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ ગ્રહદેવતાના જાપ પૂજન, હવન શ્રેષ્ઠ છે. બીલીનું વૃક્ષ વાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, નવાં વસ્રો, આભૂષણ, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભીપણું, ચંદ્ર-સૂર્ય યુતિ વ્યવહારમાં સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (આશ્વિન અમાસ યોગ)
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

હૉંગકૉંગમાં વિમાન રનવે પરથી સરકીને દરિયામાં પડ્યું, બેનાં મોત

હૉંગ કૉંગઃ હૉંગ કૉંગમાં ગઈકાલે એક મોટી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. હૉંગ કૉંગ ઇન્ટરનેશનલ એરપોર્ટના રનવે પર એક વિમાન લેન્ડિંગ કરી રહ્યું હતું ત્યારે સરકીને બાજુમાં આવેલા દરિયામાં ખાબક્યું હતું. દુર્ઘટનાગ્રસ્ત વિમાન કાર્ગો પ્લેન હતું, આ ઘટનામાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. અહેવાલ મુજબ ઍમિરૅટ્સએકસાઈન્સની માલિકીનું આ વિમાન બોઇંગ-૭૪૭ હતું. હૉંગ કૉંગમાં સવારે ૩:૫૦ વાગ્યે આ ફ્લાઈટ લેન્ડ થવાની હતી. આ દરમિયાન કોઈ કારણોસર પાઈલટે વિમાન પરથી કાબૂ ગુમાવ્યો હતો. વિમાન પહેલા રનવે પાસે ઉભેલા ગ્રાઉન્ડ વેહિકલમાં સાથે અથડાયું અને ત્યાર બાદ બાજુમાં આવેલા દરિયામાં ખાબક્યું હતું. એરપોર્ટની બચાવ ટીમે તુરંત રેક્યું ઓપરેશન શરૂ કર્યું હતું. એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા મુજબ વિમાનમાં સવાર ચાર ક્રૂ મેમ્બર્સને બચાવી લેવામાં આવ્યા હતા. જોકે, રનવે નજીક ગ્રાઉન્ડ વેહિકલમાં સવાર બે લોકોના મોત થયા છે. અધિકારીઓના જણવ્યા મુજબ વિમાન અથડાતા ગ્રાઉન્ડ વેહિકલ પણ સમુદ્રમાં પડી ગયું હતું. તેમાં સવાર ૩૦ વર્ષીય વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજ્યું, જ્યારે ૪૧ વર્ષીય અન્ય એક વ્યક્તિનું હોસ્પિટલમાં મોત થયું. ■

કૅનેડામાં ભારતીયો અસલામતઃ હાઇ કમિશનર

નવી દિલ્હીઃ કૅનેડામાંથી હાંકી કાઢવામાં આવતા ભારતીયોની સંખ્યામાં રેકોર્ડ વૃદ્ધિની ચિંતાઓ વચ્ચે કૅનેડામાં ભારતના નવા હાઇ કમિશનર દિનેશ કે. પટનાયકે ત્યાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં પટનાયકે જણાવ્યું કે કૅનેડામાં ભારતીય નાગરિકો સુરક્ષિત અનુભવતા નથી. તેમણે વધુમાં કહ્યું કે તેમના જેવા હાઇ કમિશનર માટે દેશમાં સુરક્ષાની જરૂર હોવી તે અસામાન્ય લાગે છે. કૅનેડા આ પરિસ્થિતિને ભારતની સમસ્યા તરીકે જોઇ શકે નહીં. આ કૅનેડાની સમસ્યા છે. કૅનેડામાં ખાલિસ્તાન સમર્થક આતંકવાદનો ઉલ્લેખ કર્યા વિના પટનાયકે જણાવ્યું કે લોકોનું એક જૂથ ખરેખર આતંક ફેલાવી રહ્યું છે, સંબંધોને જોખમમાં મૂકી રહ્યું છે ... આપણે તેની સાથે કેવી રીતે વ્યવહાર કરીશું? કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાથે કેવી રીતે વ્યવહાર કરીશું? ■

ટ્રેડવૉરઃ રેર અર્થ મેટલ મામલે અમેરિકાનો શ્વાસ રુંધે છે ચીન

બેઈજિંગ : અમેરિકા સાથે ભીષણ બનતું વેપારયુદ્ધ ચીન અમેરિકાની જ વ્યૂહરચના અપનાવીને લડી રહ્યું છે. વૉશિંગ્ટને વર્ષોથી અપનાવેલી યુક્તિઓ જ ચીને અપનાવી છે. આ મહિને બેઈજિંગે રેર અર્થ મેટલના નિયમનું વિસ્તરણ કરતાં એવી જોગવાઈ કરી છે કે ચીનમાં ઉત્પાદિત રેર અર્થ મટેરિયલ અને ચીનના તંત્રજ્ઞાનથી બનાવેલા મટેરિયલનના નાના જથ્થાની નિકાસ કરવા પણ વિદેશી કંપનીને ચીન સરકારની પરવાનગી લેવી પડશે. આનો અર્થ એ થયો કે દક્ષિણ કોરિયા સ્માર્ટફોન મેકરને તેના ડિવાઈસ ઑસ્ટ્રેલિયા વેચવા બેઈજિંગની પરવાનગી લેવી પડશે જો તેમાં વપરાયેલી વિરલ ધાતુ મૂળ ચીનની હોય. આને લીધે ગ્લોબલ ઈકોનોમીની ટેક્નોલોજી સપ્લાઈ ચેન પર ચીનનું નિયંત્રણ હશે. એવો અહેવાલ અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમ્સન ગ્રેયરને ટાંકીને આપવામાં આવ્યો હતો. આ નિયમ અમેરિકાના ફોરેન ડાયરેક્ટ રૂલ જેવો છે જે મહત્ત્વની ટેક્નોલોજી ચીન મેળવે તેના પર અંકુશ મૂકે છે.

ચીનના વિશ્લેષણ માટેની એશિયન સોસાયટી પૉલિસી સેન્ટરના ફેલો નીલ થોમસ કહે છે કે ચીન અમેરિકા પાસેથી શીખી રહ્યું છે. બેઈજિંગ હવે વૉશિંગ્ટન પ્લેબુકનું અનુકરણ કરે છે. ૨૦૧૮માં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની પહેલી મુદતમાં બેઈજિંગે આવા નીતિ હથિયારો બનાવ્યાં હતાં. ૨૦૨૦માં ચીને અનરીલાયેબલ એન્ટિટી લિસ્ટ તૈયાર કરવાનું ચાલુ કર્યું હતું. આ યાદી અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટ વિદેશી કંપનીઓને અમેરિકન કંપની સાથે ધંધો કરવા પર અંકુશ મૂકે છે. ગયા વર્ષે ચીને વિદેશ મંત્રાલયને મિલકતોને થીજાવી દેવાનો અને વ્યક્તિઓ અને બિઝનેસને વિઝા આપવાની મનાઈ કરવાનો હક્ક આપ્યો હતો. ■

ચીનનો અમેરિકાને ફટકોઃ સોયાબીનની આયાત સાવ બંધ

બેઈજિંગઃ ચીને નવેમ્બર ૨૦૧૮થી પહેલી વાર સપ્ટેમ્બરમાં અમેરિકાથી સોયાબીનની આયાત જ કરી નથી. ચીન હવે સાઉથ અમેરિકા પાસેથી સોયાબીન લે છે, પરંતુ અમેરિકાથી લેવાનું બંધ કરી દીધું છે. ખરીદદારોએ વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્ર અમેરિકા અને ચીન વચ્ચે ચાલતા વેપારયુદ્ધને પગલે સોયાબીનના અમેરિકન કાર્ગોને જાકારો આપ્યો છે. ગયા મહિને સોયાબીનની આયાત એક વર્ષ અગાઉની ૧.૭ મિલિયન મેટ્રિક ટન હતી તેની સરખામણીમાં આ વખતે શૂન્ય થઈ હતી. આ માહિતી ચીનના જનરલ એડમિનિસ્ટ્રેશન ઑફ કસ્ટમ્સે આપી હતી. ચીને અમેરિકાની આયાત પર ઊંચા ટૅરિફ લાદતા અમેરિકાની શિપમેન્ટ ઘટી ગઈ હતી. ચીન સોયાબીનનું સૌથી મોટું આયાતકાર છે. ■

પહેલા પાનાનું ચાલુ

અંગ્રેજો કે જમાને કે જેલર

૧૯૬૦ના દસકામાં તેમની કરિયરની શરૂઆત કરી. તેમણે ૪૦૦થી વધારે ફિલ્મમાં કામ કર્યું હતું. 'શોલે'માં અંગ્રેજોના જમાનાના જેલરની ભૂમિકા આજે પણ દર્શકોને હસાવે છે. 'ખટ્ટા મીઠા' અને 'ચુપકે ચુપકે' જેવી ફિલ્મોમાં તેમની ભૂમિકા હંમેશાં યાદગાર રહી હતી.અસરાનીએ શરૂઆતમાં અભ્યાસ સેન્ટ ઝેવિયર સ્કૂલમાં કર્યો હતો. અસરાની ગ્રેજ્યુએશન માટે રાજસ્થાન કૉલેજ જતા રહ્યા. અભ્યાસ પૂરો થયા બાદ અસરાનીએ રેડિયો આર્ટિસ્ટ તરીકે કામ કર્યું. અસરાનીની પત્ની મંજુ બંસલ ઈરાની હતી. અસરાનીએ પત્ની સાથે પણ થોડી ફિલ્મો કરી હતી. અસરાનીએ રાજકારણમાં પણ ઝંપલાવ્યું હતું. તેમણે ૨૦૦૪માં કૉંગ્રેસ પાર્ટીના સભ્ય બન્યા હતા. લોકસભા ચૂંટણી તેઓ લડ્યા હતા.

અસરાનીએ લાંબા સંઘર્ષ બાદ જયા ભાદુરીની લોકપ્રિય ફિલ્મ 'ગુડ્ડી' વડે કરીયરની શરૂઆત કરી. ફિલમ હિટ થઈ પરંતુ અસરાનીનો સંઘર્ષ પત્યો નહોતો. અસરાની તેમને કમર્શિયલ આર્ટિસ્ટ ગણતા નહોતા. ગુલઝર પણ તેમને કમર્શિયલ આર્ટિસ્ટ ગણતા નહોતા.

કોશિશ (૧૯૭૩), બાવર્ચી (૧૯૭૨), ચુપકે ચુપકે (૧૯૭૫), છોટી સી બાત (૧૯૭૫) અને શોલે (૧૯૭૫) તેમની યાદગાર ફિલ્મો છે. અસરાની જીવંત નથી, પરંતુ તેમના પાત્રો દ્વારા તેઓ અમર છે.

અસરાનીની ગુજરાતી ફિલ્મો

હીરો તરીકે

- અમદાવાદનો રિક્ષાવાળો
- સાત કેદી
- સંસારચક્ર
- પંખીનો માળો
- જુગલ જોડી
- માબાપ
- છેલ છબીલો ગુજરાતી

સહાયક અભિનેતા અને કોમેડિયન તરીકેની ફિલ્મો

- મોટા ઘરની વહુ
- પિયુ ગયો પરદેશ
- બાપ ધમાલ દીકરા
- વાયા વિરમગામ
- પારકા પોતાના
- ઘર ઘરની વાત
- નસીબદાર

તાજેતરની ફિલ્મો

- ઉંધીનાપુર (૨૦૧૯)
- શું કરીશું (૨૦૧૬)
- ફિલ્લમ (૨૦૧૬)
- નસીબદાર (૨૦૧૬)

આરજેડીના ૧૪૩ ઉમેદવાર

રોશન (મહુઆ) અને અખ્તરુલ ઈસ્લામ શાહિન (સમસ્તીપુર)નો સમાવેશ થાય છે. આરજેડીના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવનો અંગત સાથીદાર ભોલા યાદવ જેણે વર્ષ ૨૦૧૫માં બહાદૂરપુર બેઠક પર વિજય મેળવ્યો હતો, પરંતુ મુખ્ય પ્રધાન નિતિશકુમારના જેડી (યુ) સામે પક્ષના પરાજય થયા બાદ પાંચ વર્ષ માટે તેને પડતો મૂકવામાં આવ્યો હતો. ભોલા યાદવ હવે આ બેઠક પર મદન સાહની પાસેથી પ્રધાનપદ પાછું મેળવવા લડત આપશે.

ભૂતપૂર્વ સ્પિકર અવધ બિહારી ચૌધરીને પક્ષે વિધાનસભાની વર્તમાન બેઠક જાળવી રાખવા તક આપી છે. ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન ચંદ્રશેખરે પણ વર્તમાન માધેપુરા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ૨૧ મહિલાને ઉમેદવારી આપનાર મુખ્ય વિપક્ષ એ બાબતે ગર્વ લઈ શકે છે કે તેણે મુખ્ય પ્રતિસ્પર્ધી જેડી(યુ) અને ભાજપની સરખામણીએ વધુ મહિલાઓને ઉમેદવારી આપી છે. (એજન્સી)

ગુજરાતના ખેડૂતોની દિવાળી

આશરે ૮૦૦ ગામમાં પાક નુકસાનનું મૂલ્યાંકન કરીને સહાય ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો, જેમાં ખરીફ ઋતુમાં વાવેતર કરેલ પાકો પૈકી મુખ્યત્વે દિવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને કઠોળ પાક તેમ જ બહુવર્ષાયુ દાડમ જેવા બાગાયતી પાકમાં નુકસાન થયાનું જણાયું હતું

પ્રધાને ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા આ પાંચ જિલ્લાઓના ૧૮ તાલુકાના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેના માટે એસડીઆરએફની જોગવાઈ મુજબ ₹ ૫૬૩ કરોડ અને રાજ્ય સરકાર દ્વારા ઉદાર અભિગમ અપનાવી રાજ્ય બજેટમાંથી કુલ રૂપિયા ₹૩૮૪ કરોડની વધારાની સહાય ઉમેરી કુલ ₹ ૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું હતું.

તેમણે ઉમેર્યું કે, આ ઉપરાંત, વાવ-થરાદ અને પાટણ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ ભૌગોલિક પરિસ્થિતિના કારણે ભારે વરસાદ અને નદીઓના પૂરની પરિસ્થિતિમાં વારંવાર ખેતીલાયક જમીનમાં લાંબા સમય સુધી પાણી ભરાવવાની સમસ્યા ઉપસ્થિત થાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ/નિવારણ માટે ખાસ પ્રોજેક્ટ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવશે. આ ખાસ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા અલગથી ₹ ૨૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવશે.

ઝેલેન્સ્કી

યોગ્ય દબાણ લાવવા પણ જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કહ્યું કે યુદ્ધ શરૂ કરનાર પક્ષ પર દબાણ ઊભું કરવું મહત્ત્વનું છે. ઝેલેન્સ્કીએ અને ઇમેન્યુઅલ વચ્ચે તમામ વર્તમાન રાજદ્વારી ચર્ચા અને ભાગીદારો સાથેના તાજેતરના સંપર્કોની ચર્ચા કરી હતી.

યુક્રેનને ટૉમહૉક આપવાની અમેરિકાની સાફ ના

યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કી સાથે તેમણે વાઈટ હાઉસમાં મુલાકત કરી કરી. આ દરમિયાન ટ્રમ્પે ઝેલેન્સ્કી ધમકી આપી હતી કે જો યુક્રેન રશિયાએ મૂકેલી શરતો નહીં માને તો પુતિન યુક્રેનને બરબાદ કરી કરશે.

ઝેલેન્સ્કી એવી આશા સાથે ગયા હતા કે અમેરિકા યુક્રેનને વધુ હથિયારો આપશે જેથી રશિયા સામે લડત આપી શકાય.

ઝેલેન્સ્કીએ ટ્રમ્પને કહ્યું કે યુક્રેન પણ યુદ્ધવિરામ વિરામ ઈચ્છે છે, પણ પુતિન નથી ઇચ્છતા. યુક્રેન પાસે રશિયા પર હુમલો કરવા માટે હજારો ડ્રોન તૈયાર છે, પરંતુ તેમની પાસે ટોમહોક મિસાઇલો નથી.

બેઠક દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે તેઓ નથી ઈચ્છતા કે આ યુદ્ધ આગળ વધે. ટ્રમ્પે કહ્યું કે તેમનું ધ્યાન હવે યુક્રેનની લશ્કરી તાકાત વધારવા પર નહીં, પરંતુ શાંતિ કરાર કરાવવા પર છે. આ બેઠક દરમિયાન બંને દેશના પ્રમુખ વચ્ચે ઉગ્ર દલીલો થઇ હતી, વાત ઝઘડા સુધી પહોંચી ગઈ હતી.

અહેવાલ મુજબ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે વાઈટ હાઉસમાં થયેલી આ બેઠક લગભગ બે કલાક ચાલી હતી. આ દરમિયાન ઝેલેન્સ્કીએ યુએસ પાસેથી ટોમહોક મિસાઇલોની માગ કરી હતી, પરંતુ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું તે યુક્રેનને વધુ હથિયાર નહીં આપે. આ દરમિયાન ટ્રમ્પ વારંવાર ગુસ્સામાં આવીને ઊંચા અવાજે બોલતા હતાં, તેઓ ઘણા અપશબ્દો પણ બોલ્યા.

બેઠક દરમિયાન ટ્રમ્પે ગુસ્સામાં ટેબલ પર રાખેલા વોર ઝોનના નકશા બાજુ પર ફેંકી દીધા અને ઝેલેન્સ્કીને કહ્યું કે તેમણે સમગ્ર ડોનબાસ ક્ષેત્ર રશિયાને સોંપી દેવું જોઈએ. ટ્રમ્પે ઝેલેન્સ્કીને કહ્યું કે તેઓ યુદ્ધ હારી રહ્યા છે. ટ્રમ્પે ચેતવણી આપી કે જો પુતિન ઇચ્છે, તો તેઓ યુક્રેનને સંપૂર્ણપણે નષ્ટ કરી શકે છે.

જહાજમાં આગ

હાથ ધરવામાં આવી છે.

જહાજ પર કુલ ૨૪ ક્રૂ હતા, જે આગ પછી દરિયામાં ઝંપલાવ્યું હતું. યુરોપિયન સંઘ દ્વારા ઓપરેશન એસ્પાઈડ્સએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, ત્યાર પછી જહાજ પરના ૨૩ ભારતીય ક્રૂને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે અન્ય લોકો ગુમ છે.

અચાનક વિસ્ફોટ પછી આગ લાગવાના બનાવને કારણે લોકોને આશ્ચર્ય થયું છે, કારણ કે જહાજમાં પેટ્રોલિયમ પદાર્થથી લદાયેલું હતું. ધમાકાને કારણે જોખમ વધ્યું છે. યુરોપિયન સંઘ દ્વારા ઓપરેશન એરસ્પાઈડ્સ હાથ ધરવામાં આવ્યું હતું, જ્યારે એમવી ફાલ્કન હવે દરિયાઈ કોરિડોર માટે મોટું જોખમ ઊભું થયું છે.

સૈન્યની ત્રણે પાંખ

કાર્યક્રમ જોયો હતો જેમાં નૌકાદળના ખલાસીઓ અને અધિકારીઓએ દેશભક્તિનાં ગીતો ગાયા હતા. આમાં ભારતીય સશસ્ત્ર દળોના ઑપરેશન સિંદૂરની સફળતાનો મહિમા ગાતા ગીતનો સમાવેશ થાય છે જેની રચના પણ નૌકાદળે કરી હતી. સૂત્રોએ કહ્યું હતું કે વડા પ્રધાનના દિલને આ અનુભવ સ્પર્શી ગયો હતો. મોદીએ 'બડા ખાના'માં જવાનો સાથે ડીનર લીધું હતું. સોમવારે સવારે મોદી વિક્રાંતના ડેક પર યોગા સત્રમાં જોડાયા હતા તેમણે અનેક યુદ્ધજહાજો અને વિમાનોને પસાર થતાં જોયાં હતા. તેમણે નૌકાના જવાનોને પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું.

મોદીએ કહ્યું હતું કે વિક્રાંત એ યુદ્ધજહાજ નહીં, પરંતુ ૨૧ સદીના ભારતના અથાગ પરિશ્રમ, કૌશલ, પ્રભાવ અને પ્રતિબદ્ધતાનો પુરાવો છે. મોદીએ કહ્યું હતું કે બ્રહ્મોસ મિસાઈલનું નામ સાંભળીને અમુકના મગજમાં ડર પેસી જાય છે અને હવે અનેક દેશો આ મિસાઈલ ખરીદવા આતુર છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે ગઈ રાત્રિ મેં વિક્રાંતમાં વિતાવી હતી. મેં જોયું તમારામાં અપાર ઊર્જા અને ઉત્સાહ છે. મેં તમારા દેશભક્તિના ગીતો સાંભળ્યાં. મેં તમારું ઑપરેશન સિંદૂર પરનું ગીત સાંભળ્યું હતું. જવાનને રણમેદાનમાં ઊભા રહેવામાં કેવો રોમાંચ થાય છે એનું હું વર્ણન ન કરી શકું. મોદી ૨૦૧૪થી જવાનો સાથે દિવાળી મનાવે છે. (એજન્સી)

લાલ આતંક સમાપ્તિના આરેઃ મોદી

વડા પ્રધા

ગુજરાતમાં લાભપાંચમ બાદ ભાજપનું નવું માળખું જાહેર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ, પ્રધાનમંડળ વિસ્તરણ બાદ ભાજપનું નવું માળખું ક્યારે જાહેર થાય તેના પર સૌની નજર છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભાજપના પ્રદેશ માળખામાં પણ ધરખમ ફેરફારો થશે. લાભપાંચમ બાદ ભાજપ પ્રદેશનું નવું માળખુ જાહેર થાય તેવી શક્યતા છે.

જગદીશ પંચાલે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખનો ચાર્જ સંભાળ્યા બાદ રાજ્યમાં પરિભ્રમણ કરીને લોકસંપર્ક કર્યો હતો. ઉપરાંત ઝોન વાઇઝ જાહેરસભા યોજી હતી. પ્રદેશ પ્રમુખના પરિભ્રમણનું સમાપન અમદાવાદમાં સભા સ્વરૂપે થયું હતું. રાજ્યમાં થોડા સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થશે. આ ચૂંટણીમાં એક તરફી જીત હાંસલ કરવા જગદીશ પંચલા નવી ટીમને અંતિમ સ્વરૂપ આપવાની દિશામાં કવાયત હાથ ધરી હતી. જેમાં પાયાના કાર્યકરોને સંગઠનમાં સ્થાન આપવાનુ નક્કી કરાયું હતું. જૂના જોગીઓના અનુભવની સાથે યુવાઓને જોડી પ્રદેશના માળખાને નવો ઓપ આપવા તૈયારી કરી છે, જેને હાઇકમાન્ડે લીલીઝંડી આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જગદીશ પંચાલની નવી ટીમમાં કેટલાંક નેતાઓની વાપસી થઈ શકે છે તો કેટલાંકને વિદાય લેવી પડી શકે છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંડળના વિસ્તરણ પહેલાં હાઇકમાન્ડનું તેડું આવતાં પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ તાબડતોડ દિલ્હી દોડ્યા હતાં. જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે યોજાયેલી બેઠકમાં નવા પ્રધાનો ઉપરાંત પ્રદેશના નવા માળખાને લઇને પણ ચર્ચા થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી રેલવે મુસાફરી કરીને સુરત પહોંચ્યા: લવ-જેહાદ પર આકરા પ્રહાર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના નવનિયુક્ત નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ નાયબ મુખ્ય પ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ રેલવે મુસાફરી કરીને પોતાના મત વિસ્તાર સુરત પહોંચ્યા હતા. જોકે, દિવાળીના પર્વ નિમિત્તે નાગરિકોને પરિવહન કે ટ્રાફિકની અડચણનો સામનો ન કરવો પડે તે ઉદ્દેશ્યથી તેમણે તેમની સ્વાગત રેલી ન નીકાળવા આહવાન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી સુરત પહોંચતા સુરતના કાર્યકરો તેમજ શુભેચ્છકો તેમના ભવ્ય સ્વાગત અને અભિવાદન રેલી માટે મોટી સંખ્યામાં આતુર હતા. પરંતુ હર્ષ સંઘવીએ દિવાળી પર્વના કારણે સામાન્ય નાગરિકોને અગવડ ન પડે તે માટે તેમની સ્વાગત રેલી ન યોજવા માટે સ્પષ્ટ જણાવી દીધું હતું.

આ મુલાકાત દરમિયાન તેમણે સુરત શહેર અને રેન્જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ અવસરે તેમણે રાજ્યના કાયદા-વ્યવસ્થાની સ્થિતિ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી અને ખાસ કરીને ડ્રગ્સના દૂષણ અને લવ-જેહાદના મામલે આકરા પ્રહાર કરીને પોલીસ તંત્રને કડક કાર્યવાહી કરવા માટે પ્રોત્સાહિત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે હવે નાના-નાના ડ્રગ્સ-પેડલરો પર હલ્લાબોલ થશે.

સંઘવીએ કહ્યું, ગુજરાતમાં લવ-જેહાદનું ષડયંત્ર નહીં ચાલે. સાચો પ્રેમ કરનારને હેરાન નહીં કરવામાં આવે, પરંતુ નામ બદલીને કોઈ ષડયંત્ર કરશે તો ચલાવી નહીં લેવાય. હું કોઈ પ્રેમનો વિરોધી નથી, તમામને પ્રેમનો અધિકાર છે, પરંતુ તેમણે છેતરપિંડી અને ષડયંત્ર કરનારાઓને સખત ચેતવણી આપી હતી.

જો કોઈ યુવક કોઇ માધ્યમથી, સોશ્યલ મીડિયા કે ડિજિટલ પ્લેટફોર્મ થકી દીકરીઓને ટાર્ગેટ કરે અથવા ગુજરાતની દીકરીઓને ફસાવવા માટે નામ છુપાવે તો તેને નહીં છોડાય.

સંઘવીએ ડ્રગ્સના દૂષણને રાજ્યમાંથી જડમૂળથી ઉખાડી ફેંકવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડ્રગ્સ વિરુદ્ધનું અભિયાન નહીં, પણ લડત છે અને આ લડત આરપારની લડાઈ છે. નાના-નાના ડ્રગ્સ-પેડલરો પર હલ્લાબોલ કરવામાં આવશે. નવા વર્ષથી એની શરૂઆત કરવામાં આવશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની કામગીરીની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, એક એવા વિચારશીલ મુખ્ય પ્રધાન અને ટીમ લીડર મળ્યા છે, જે નાની ભૂલ થાય તો મુખ્ય પ્રધાન તરીકે નહીં, પણ ટીમ લીડર તરીકે માર્ગદર્શન આપે છે. મુખ્ય પ્રધાનના માર્ગદર્શનથી તેમની જવાબદારીનું સ્વરૂપ બદલાયું છે, અને હવે તેઓ પીડિતોને ન્યાય મળે એ માટે ડબલ મહેનત અને વિઝન સાથે કામ કરવા માગે છે.

બોટાદ ઘર્ષણ મામલો: ૨૧ આરોપીને કોર્ટે જેલમાં ધકેલવાનો હુકમ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદના હડદડ ગામે તાજેતરમાં પોલીસ સાથે થયેલા ઘર્ષણ મામલે કોર્ટે મોટો હુકમ કર્યો હતો. પોલીસે રિમાન્ડ પૂર્ણ થતાં આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા અને પ્રવીણ રામ સહિત કુલ ૨૧ આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા, જ્યાં જજ દ્વારા તમામને ભાવનગર જેલ હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ ઘટનામાં પોલીસ સાથે સંઘર્ષ કરવા બદલ કુલ ૮૫ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી, જેમાંથી અત્યાર સુધીમાં કુલ ૬૮ લોકોની અટકાયત કરવામાં આવી છે. અગાઉ કોર્ટે આ પૈકીના ૨૧ લોકોના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

૨૧ આરોપીના રિમાન્ડ પૂર્ણ થતાં, બોટાદ પોલીસે તમામ આરોપીઓને જજના નિવાસસ્થાને રજૂ કર્યા હતા. કોર્ટે તમામ ૨૧ આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં ભાવનગર જેલમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. આ કેસમાં પોલીસની કાર્યવાહી અને કોર્ટના આદેશથી અન્ય આરોપીઓમાં પણ ફફડાટ ફેલાયો હતો.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સૌ નાગરિક ભાઈ-બહેનો અને વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતી પરિવારોને વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે વિક્રમ સંવતના આ નવા વર્ષે સૌને નવા ઉત્સાહ, આનંદ અને સમૃદ્ધિના માર્ગે આગળ વધવાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

મુખ્ય પ્રધાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, ગુજરાત 'સૌના સાથ, સૌના વિકાસ'ના સકારાત્મક દ્રષ્ટિકોણથી વિકાસ તરફની ઊર્ધ્વગતિ કરી રહ્યું છે. ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષ્યને સુસંગત વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા 'એજન્ડા ફોર ૨૦૩૫'થી રાજ્યના સર્વાંગી વિકાસના લક્ષ્યો આપણે નક્કી કર્યા છે. વિક્રમ સંવતના આ નૂતન વર્ષે, વિકસિત ભારતના વડા પ્રધાનના વિઝનને વિકસિત ગુજરાતથી પાર પાડવા સૌ ગુજરાતીઓ સંકલ્પબદ્ધ બને તેવી અપેક્ષા મુખ્ય પ્રધાને દર્શાવી હતી. ગુજરાતે ભારતના ગ્રોથ એન્જિન તરીકે આગવી ઓળખ ઊભી કરી છે. વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન અમદાવાદમાં થવા જઈ રહ્યું છે તે વધુ એક ગૌરવપૂર્ણ ક્ષણ છે. રાજ્યની સંસ્કૃતિ અને વિકાસ સમગ્ર દેશ માટે આવનારા વર્ષોમાં વધુ પ્રેરણારૂપ બને તેવી મંગળકામનાઓ તેમણે વ્યક્ત કરી હતી. મુખ્ય પ્રધાને રાજ્યની વણથંભી વિકાસયાત્રાને તેજ ગતિએ આગળ ધપાવવાના દ્રઢ સંકલ્પ સાથે સૌ કોઈ વિક્રમ સંવતના નૂતન વર્ષે વિકાસ માર્ગે વધુ ગતિમય બને તેવી અંતરની શુભકામનાઓ પણ પાઠવી હતી.

સવા રૂપિયાના ભાડે ધારાસભ્યોને ક્વાર્ટર: અમિત શાહ ભાઈબીજે લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરમાં ધારાસભ્યો માટે નવા નિવાસસ્થાનની જરૂરિયાત હોવાથી સરકારે પાંચ વર્ષ પહેલા એમએલએ ક્વાર્ટર્સ બનાવવાનું આયોજન કર્યું હતું. નવા આવાસ માટે બજેટમાં પણ વિશેષ જોગવાઈ રાખવામાં આવી હતી. શહેરના સેક્ટર-૧૭માં આવેલા જૂના એમએલએ ક્વાર્ટરને તોડીને ૯ માળના ૧૨ ટાવરમાં લક્ઝરિયસ ફ્લેટ બનાવવામાં આવ્યા છે. ૨૨૦ કરોડથી વધુના ખર્ચે ધારાસભ્યો માટે તૈયાર થયેલા ફ્લેટનું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ભાઈબીજના દિવસે લોકાર્પણ કરશે.

આ આવાસો આધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે ગાંધીનગરના વહીવટી અને સાંસ્કૃતિક મહત્ત્વને વધુ ઉજાગર કરશે. આ આવાસમાં ધારાસભ્યને એક ડ્રોઈંગ રૂમ, બે બેડરૂમ, ડાઈનિંગ રૂમ અને રસોડા સહિતના ફ્લેટની સગવડ આપવામાં આવે છે. રહેઠાણનું રોજનું ભાડું રૂ. ૧.૨૫ રાખવામાં આવ્યું છે. આમ, જોઈએ તો માસિક માત્ર રૂપિયા ૩૭.૫ના ખર્ચે ધારાસભ્યને સરકારી આવાસનો લાભ મળશે.

માહિતી ખાતાની ભરતીના વિગતવાર અભ્યાસક્રમ વિના પરીક્ષા જાહેર કરાતા ઉમેદવારો મુંઝાયા: તારીખ બદલવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના તહેવાર સમયે જ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ વિભાગોની કુલ ૧૨ જાહેરાતોની એમસીક્યુ-કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રૂટમેન્ટ ટેસ્ટ પદ્ધતિથી પરીક્ષાનું આયોજન કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈને પરીક્ષાની તારીખો જાહેર કરી હતી.

જો કે માહિતી ખાતા હસ્તકની ભરતીના મુદ્દે વિવાદ સર્જાયો હતો. વિગતવાર અભ્યાસક્રમની જાહેરાતના અભાવે જાહેર કરવામાં આવેલી પરીક્ષાની તારીખ બદલવા અને વિગતવાર અભ્યાસક્રમ જાહેર કરવાની માગ કરવામાં આવી હતી. માહિતી અને પ્રસારણ વિભાગ/માહિતી નિયામક કચેરી હસ્તકની સિનિયર સબ એડિટર અને માહિતી મદદનીશ વર્ગ ૩ની પ્રાથમિક પરીક્ષાની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરવામાં આવી હતી. ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત અનુસાર આગામી ૨૫ નવેમ્બરના રોજ સિનિયર સબ એડિટર અને માહિતી મદદનીશ વર્ગ ૩ની પ્રાથમિક પરીક્ષા યોજવાની જાહેરાત કરવામાં આવી છે. જો કે અન્ય ભરતી જાહેરાતની જેમ વિગતવાર અભ્યાસક્રમ જાહેર કરવામાં આવ્યો હોવાથી ઉમેદવારો મૂંઝવણમાં મુકાયા હતા.

ઉમેદવારો દ્વારા આ અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો સંપર્ક કરવામાં આવતા મંડળ દ્વારા એવો જવાબ આપવામાં આવ્યો હતો કે માહિતી ખાતા તરફથી અમને વિગતવાર અભ્યાસક્રમ મળ્યો નથી. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા અન્ય ભરતી જાહેરાતોમાં પાછળથી વિગતવાર અભ્યાસક્રમ જાહેર કર્યો હતો, જો કે માહિતી ખાતા હસ્તકની સિનિયર સબ એડિટર અને માહિતી મદદનીશ વર્ગ ૩ની પ્રાથમિક પરીક્ષા માટે વિગતવાર અભ્યાસક્રમ જાહેર કર્યા વગર જ પ્રાથમિક પરીક્ષાની તારીખ જાહેર કરી દેવામાં આવતા પરીક્ષાની તૈયારી કરતાં ઉમેદવારો મૂંઝવણમાં મુકાઇ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રેવન્યુ તલાટી, બાગાયત મદદનીશ, મ્યુનિસિપલ સેનેટરી ઇન્સ્પેક્ટર સહિતની અન્ય ભરતી જાહેરાતની પ્રાથમિક પરીક્ષા માટે વિગતવાર અભ્યાસક્રમ જાહેર કર્યો હતો, પરંતુ સિનિયર સબ એડિટર અને માહિતી મદદનીશ વર્ગ ૩ની પ્રાથમિક પરીક્ષા માટે વિગતવાર અભ્યાસક્રમ જાહેર કર્યા વિના જ પ્રાથમિક પરીક્ષાની તારીખની જાહેરાતથી ઉમેદવારો મૂંઝવણમાં મુકાયા છે. જો કે મુખ્ય પરીક્ષાના વિગતવાર અભ્યાસક્રમની જાહેરાત મંડળ દ્વારા ભરતીની જાહેરાત સાથે જ કરવામાં આવી હતી.

છઠ પૂજા અને વિધાનસભા ચૂંટણીના કારણે સુરતથી બિહાર જતી ટ્રેનો હજુ પણ હાઉસફુલ: મુસાફરોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના રેલવે સ્ટેશન ઉપર ઉત્તર ભારત તરફ જવા માટે વધારાની ટ્રેનો પણ ખૂટી પડી હોય તેવા હાલ થયા હતા. છઠપૂજા અને બિહાર વિધાનસભા ચૂંટણીના પગલે સુરતમાં કામ કરતા લાખો શ્રમિકોએ છેલ્લા અઠવાડિયાથી વતનની વાટ પકડી છે. પેસેન્જરોના ધસારાને પગલે રેલવે વિભાગે ઊભી કરેલી તમામ સુવિધા ટૂંકી પડી હતી. પીવાના પાણીની વ્યવસ્થા પણ ન હોવાની વ્યથામાં લોકો ટ્રેનમાં બેસવા માટે ૧૨થી ૧૪ કલાક લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા હતા. છતાં ટ્રેનોમાં જગ્યા ન મળી નહોતી. રેલવે વિભાગે મુસાફરો માટે પેસેન્જર હોલ્ડિંગ એરિયા બનાવ્યો છે, પરંતુ એ હાઉસફુલ થઈ જતાં પેસેન્જર ખુલ્લામાં રસ્તા પર બેસી ટ્રેનની પ્રતીક્ષા કરવાની નોબત આવી હતી. ઉધના રેલવે સ્ટેશન ખાતે બનાવવામાં આવેલાં બે પ્રતીક્ષા ગૃહો સંપૂર્ણપણે ભરાઈ ગયાં હતા. જેના કારણે લગભગ દોઢ કિલોમીટર લાંબી લાઈન રેલવે સ્ટેશનની બહાર લાગી હતી. કલાકોથી લાઈનમાં ઊભેલા યાત્રીઓ માટે બેસવાની પણ કોઈ જગ્યા ન હોવાથી તેઓ જમીન પર બેસવા મજબૂર બન્યા હતા.

કલાકોની રાહ જોયા પછી જ્યારે ટ્રેન આવે છે ત્યારે લાઈનમાં ઊભા રહેલા અનેક લોકો ટ્રેન ઝડપથી ભરાઈ જતી હોવાથી મોઢા સુધી આવેલો કોળીયો છીનવાઈ જાય તે રીતે માત્ર ટ્રેન જોતા જ રહી ગયા હતા. મહિલા યાત્રીઓ, તેમાં પણ પોતાનાં બાળકો સાથે આવતી મહિલાઓની હાલત સૌથી કફોડી થઈ હતી.

સૂત્રોએ જણાવ્યું કે, યાત્રીઓને કોઈ હાલાકી ન પડે એ માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જોકે, ભીડ ખૂબ જ વધારે હોવાથી લાઈનમાં ઊભેલા તમામ લોકોને ટ્રેનમાં મોકલવાનું મહત્તમ સ્તરે મેનેજમેન્ટ કરી રહ્યા છીએ. સ્પેશિયલ ૮ ટ્રેન દરરોજ રવાના થાય છે છતાં મુસાફરોનો ધસારો ઘણો છે.

રાજકોટમાં દિવાળીની રાત્રે ખૂની ખેલ: વાહન ચલાવવા જેવા ઠપકામાં ટ્રિપલ મર્ડરથી સનસનાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: શહેરમાં દિવાળીના તહેવારોમાં પોલીસના રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મોડીરાત્રિના શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ આંબેડકર નગરમાં કારે બાઈકને અડફેટે લેતા સર્જાયેલા સામાન્ય અકસ્માતમાં વાહન સરખું ચલાવવા બાબતે ઠપકો આપતા મોડીરાત્રિના ઘાતકી હથિયારો સાથે બે જૂથ વચ્ચે અથડામણમાં ઘટનાસ્થળે એક જ પરિવારના બે સગાભાઈ તેમજ સામા પક્ષે એક વ્યક્તિ સહિત ત્રિપલ હત્યાના બનાવે સનસનાટી મચાવી દીધી હતી.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા આંબેડકર નગરમાં ગત મોડીરાત્રિના સુરેશભાઈ વશરામભાઈ પરમાર (ઉંમર વર્ષ ૪૫) વાળો યુવક પોતાના ઘર પાસે હતો તે વેળાએ કારમાં નીકળેલા શખ્સોએ બાઈકને અડફેટે લેતા સામાન્ય અકસ્માત સર્જાતા સુરેશે કારચાલકને વાહન જોઈને ચલાવવા માટે ઠપકો આપતા સામાન્ય બોલાચાલી થયા બાદ કારમાં આવેલા શખ્સો નીકળી ગયા હતા. ત્યારબાદ રાત્રિના બે વાગ્યા આસપાસ ફરી ધોકા, છરી, પાઇપ જેવા ઘાતકી હથિયારો સાથે આવેલા પાંચથી સાત વ્યક્તિઓએ સુરેશભાઈ પરમાર તેના ભાઈ વિજય પરમાર, ભાઈ જગદીશ પરમાર, વિજયના પત્ની હંસાબેન તેમજ પુત્ર સુધીર અને માતાપિતા સાથે ગાળાગાળી કરી ઘાતકી હથિયારો સાથે ખૂની હુમલો કરતા બંને પક્ષે અથડામણ સર્જાઇ હતી.

આ અથડામણમાં સુરેશ પરમાર (ઉં.વ. ૪૫) અને તેના ભાઈ વિજય પરમાર (ઉં.વ ૪૦)નું ઘટનાસ્થળે જ ગંભીર ઇજાઓ પહોંચતા બંને ભાઈઓના મૃત્યુ થયા હતા, જ્યારે સુરેશભાઈના પત્ની ભારતીબેન, ભાઈ જગદીશ પરમાર, વિજયના પત્ની હંસાબેન, વિજયનો પુત્ર સુધીર તેમજ સુરેશના પિતા વશરામભાઈ અને માતા દેવુબેનને પણ ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જ્યારે સામા પક્ષે અરુણ વિનુભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૨૨) અને તેના મોટાભાઈ રમણ વિનુભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૨૫) વાળાને ગંભીર ઇજાઓ પહોંચતા વળતા પ્રહારમાં અરુણ રાઠોડનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું અને હુમલામાં ઘવાયેલ તેના ભાઈ રમણને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

દ્વારકાધીશ મંદિરમાં 'ભાઈ બીજ'ના દર્શનના સમયમાં ફેરફાર: અડધો કલાક વહેલા થશે મંગળા આરતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાધીશ મંદિર, દ્વારકા તરફથી નૂતન વર્ષ ઉત્સવ નિમિત્તે દર્શનના સમયમાં આંશિક ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી. મંદિરનાં સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું કે પ્રસિદ્ધ કરેલી જાહેર વિજ્ઞપ્તિ મુજબ, ભાઈ બીજના દિવસે મંગળા આરતીનો સમય સવારે ૦૭:૦૦ વાગ્યે નક્કી કરાયો હતો. જોકે, સુધારા જાહેર વિજ્ઞપ્તિ મુજબ, હવે મંગળા આરતીનો સમય અડધો કલાક વહેલો કરીને સવારે ૦૬:૩૦ વાગ્યે કરવામાં આવ્યો હતો. આ સિવાયના દર્શનના અન્ય ક્રમ ''નિત્ય ક્રમ'' મુજબ જ રહેશે.

અમદાવાદમાં શ્રમિક પર ઉકળતું તેલ ફેંકવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો હતો. શાહ-એ-આલમ વિસ્તારમાં એક શ્રમિક પર દુકાનદારે ઉકળતું તેલ નાંખ્યું હતું. જેના કારણે તે ગંભીર રીતે દાઝી ગયો હતો. પોલીસે આ મામલે એફઆઈઆર નોંધી હતી. ૩૬ વર્ષીય શ્રમિક યુવક દાળવડાના સ્ટોલ પર ગયો હતો. દુકાન પર કોઈ મુદ્દે બબાલ થઈ હતી. જેને લઈ તેના પર ઉકળતું તેલ નાંખવામાં આવ્યું હતું. શ્રમિકે જણાવ્યું કે, તે અને તેની પત્ની શાલમીર ટોકિઝ પાસે દાળવડાના સ્ટોલ પર ગયા હતા. જ્યાં તેમની સાથે ગંદી ભાષામાં વાત કરવામાં આવી હતી. જેના કારણે માથાકૂટ થઈ હતી. જે બાદ માલિકે ગરમ તેલ ફેંક્યું હતું. આ કારણે તેના પગ, જાંઘ દાઝી ગયા હતા. આ ઘટના બાદ પીડિતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદમાં પત્નીને પરપુરુષ સાથે પતિએ જોતાં છરીના ઘા મારી રહેંસી નાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં હત્યાનો વધુ એક બનાવ બન્યો હતો. પત્નીને પરપુરુષ સાથે પતિએ જોતાં છરીના ઘા મારીને રહેંસી નાખ્યો હતો. મૃતકના એક મહિના બાદ લગ્ન હતા. ઈસનપુર વિસ્તારમાં બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મળતી વિગત પ્રમાણે, દિવાળી હોવાથી યુવક પરિણીતાને મળવા આવ્યો હતો. બંને બેસીને વાતો કરતા હતા ત્યારે પરિણીતાનો પતિ આવી ગયો હતો. પત્નીને પરપુરુષ સાથે જ જોતાં ગુસ્સે ભરાયો હતો. તેણે કોઈપણ ચર્ચા કર્યા વગર મારઝૂડ શરૂ કરી હતી. જેથી તેને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તે ગુસ્સામાં હોવાથી રસોડામાંથી છરી લઈને આવ્યો હતો અને તૂટી પડ્યો હતો. પરિણીતાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. જેના કારણે તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા યુવક ત્યાં જ તરફડીને મરણ પામ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી અને મૃતદેહનો પોસ્ટ મોર્ટમ અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતકની બહેનની પોલીસ ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વડોદરામાં રહેણાક વિસ્તારમાં મગર આવી ચડતાં અફડાતફડી સર્જાઈ

અમદાવાદ: વડોદરા શહેરમાં વરસાદ ન હોવા છતાં રહેણાક વિસ્તારમાં મગર આવી ચડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું, જે જોવા માટે લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. મળતી વિગત પ્રમાણે, શહેરના ગાજરાવાડી વિસ્તારમાં મહાકાર મગર રહેણાક વિસ્તારમાં ઘૂસી આવ્યો હતો. જે અંગે તાત્કાલિક રેસ્ક્યૂ ટીમને જાણ કરવામાં આવી હતી.

આ ટીમે આવીને આઠ ફૂટના મહાકાય મગરનું રેસ્ક્યૂ કર્યું હતું. મગર પકડાતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. ગાજરાવાડી સુએઝ પંપિંગ સ્ટેશન પાસેના નાળામાં પણ મગરો હોવાને કારણે આસપાસના સ્થાનિક રહેવાસીઓમાં સતત ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉજવણીના માહોલ વચ્ચે કેશોદના શેરગઢમાં આગથી દેવીપૂજક પરિવારો બેઘર: તંત્ર ઘટનાસ્થળે દોડી ગયું

અમદાવાદ: દિવાળીના મહાપર્વ પર ચારેકોર ઉજવણીનો માહોલ છે ત્યારે કેશોદ તાલુકાના શેરગઢ ગામમાં કાળી ચૌદશની રાત્રે ગરીબ પરિવારોને બેઘર થવાનો વારો આવ્યો હતો. અહીં દેવીપૂજક સમાજના પાંચથી વધુ ઝૂંપડામાં અચાનક રાત્રિના સમયે ભીષણ આગ લાગી ગઈ હતી અને સમગ્ર ઘટનાથી ભાગદોડ મચી ગઈ હતી. રાત્રિના સમયે ઝૂંપડાઓમાં આગ લાગ્યાની જાણ થતાં જ ગામ લોકો એકઠા થઈ ગયા હતા અને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કર્યા હતા. દિવાળીના મહાપર્વ પર ચારેકોર ઉજવણીનો માહોલ છે, તેવા સમયે જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના શેરગઢ ગામમાં કાળી ચૌદશની રાત્રે દેવીપૂજક સમાજના ગરીબ પરિવારોના પાંચથી વધુ ઝૂંપડામાં અચાનક આગ લાગી ગઈ હતી, જેમાં જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસ અને ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ફાઇટરો દ્વારા ભારે જહેમત ઉઠાવીને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં સુધીમાં ઝૂંપડાઓમાં રાખેલો મોટા ભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની ઘટનાને કારણે ઝૂંપડામાં રાખેલી ઘરવખરી, ટીવી, કબાટ તેમજ અન્ય જીવન જરૂરી તમામ વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી.

દિવાળીના મહાપર્વ પર ગુજરાત ઝળહળી ઊઠ્યું: ભુજથી લઈ દ્વારકા અને અક્ષરધામ મંદિરમાં દિવ્ય રોશનીનો વૈભવ

અમદાવાદ: પ્રકાશના પર્વ દીપાવલી નિમિત્તે સમગ્ર ગુજરાત દિવ્ય રોશનીના વૈભવથી ઝગમગી ઊઠ્યું હતું. રાજ્યભરમાં ધાર્મિક સ્થળો અને જાહેર સ્થળોએ ભવ્ય સજાવટ અને વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે ભક્તિ અને આનંદનું વાતાવરણ સર્જ્યું હતું. યાત્રાધામ દ્વારકાધીશ મંદિરને દિવાળી પર્વ નિમિત્તે રંગબેરંગી લાઈટોથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું. મંદિરના શિખરથી લઈને પરિસર સુધીની રોશની એટલી દિવ્ય છે કે જગતમંદિર ૧૦ કિલોમીટર દૂરથી પણ ઝગમગતું નિહાળી શકાતું હતું. આ અલૌકિક માહોલમાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લહાવો લીધો હતો. ગાંધીનગરના અક્ષરધામ મંદિરમાં પણ ૨૬ ઓક્ટોબર સુધી દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૩ વર્ષની પરંપરા મુજબ દિવાળીની પૂર્વ સંધ્યાએ ૧૦,૦૦૦થી વધુ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર પરિસર દૈદીપ્યમાન બન્યું હતું.

અરવલ્લી જિલ્લાનું શામળાજી મંદિર પણ વોર્મ વ્હાઇટ લાઈટ્સની વિશેષ રોશનીથી આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું, જ્યાં રાત્રે પણ દિવસ જેવો નજારો જોવા મળી રહ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના દૂધરેજમાં આવેલા વડવાળા દેવ મંદિર પરિસરને પણ રંગબેરંગી લાઇટોથી શણગારવામાં આવ્યું હતું. કચ્છના ભુજ શહેર ખાતે ૫૧ હજાર દીવડાઓની હારમાળા સાથે સ્મૃતિવન ઝળહળી ઊઠ્યું હતું. જ્યારે અમદાવાદનો રિવરફ્રન્ટ અને અટલ બ્રિજ પણ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સંસ્થા સમાચાર

પૂજ્ય જલારામ બાપાનો ૨૨૬મો જન્મજયંતી મહોત્સવ

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુલેશ્વર રોડ, પંચમુખી હનુમાન મંદિરની સામે ૨૯ ઓક્ટોબરે પૂજ્ય જલારામ બાપાનો ૨૨૬મો જન્મ જયંતી મહોત્સવ ઉજવવામાં આવશે. શ્રી જય જલારામ બાપા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સવારથી જ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવશે. આરતી, મહાપ્રસાદ અને ડાયરાની રમઝટ બોલાવવામાં આવશે.

ડોંબિવલીમાં સંત શિરોમણિ જલારામ બાપાની જન્મ જયંતીનું આયોજન

શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા ડોંબિવલી વેસ્ટમાં ૨૯ ઓક્ટોબરે પૂજ્ય જલારામ બાપાનો ૨૨૬મો જન્મ જયંતી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી જલારામ ધામ, ઓમ આશિર્વાદ બિલ્ડિંગ, સ્વામી વિવેકાનંદ સ્કૂલની પાસે, મહાત્મા ફૂલે રોડ, ડોંબિવલી વેસ્ટમાં ભક્તોને બાપાના આ મહોત્સવમાં આવવાનું આમંત્રણ છે. એ નિમિત્તે સવારે મહિલા મંડળ દ્વારા ભજન-કિર્તન અને ધૂનની રમઝટ બોલાવવામાં આવશે. સાથે જ બાપાને મનપસંદ એવી કઢી-ખીચડી અને શાકનું વિતરણ કરવામાં આવશે.

'વંદે કલાપૂર્ણમ' નાટક સંપન્ન

થાના (પ)ના શ્રી વાગડ વિસા ઓસવાલ શ્વે. મૂર્તિ તપાગચ્છ જૈન સંઘના પૂ. કલાપૂર્ણસૂરી મામા-ભાણેજ આરાધના ભવનમાં પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આ. શ્રી વિ. તિર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્ય પૂ. મુનિરાજ શ્રી તિર્થસુંદરવિજયજી મ.સા. આદિ ઠાણા -૫, તથા પૂ. સાધ્વીજી શ્રી નિર્મલયશાશ્રીજી મ.સા. અને પૂ. શ્રી પૂર્ણચંદ્રાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ ચાલી રહ્યો છે.

ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિજયકલ્પતરુસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા સાથે ગીતાર્થ શિરોમણી પ. પૂ. આ. શ્રી વિ.શ્રી તિર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા-માર્ગદર્શન સાથે પૂ. મુનિરાજ શ્રી તિર્થસુંદરવિજયજી મ.સા.એ સમસ્ત વાગડ સમુદાય ઉપર સદા વાત્સલ્યપૂર્ણ આશિર્વાદ વરસાવતા રહ્યાં છે. એવા પ.પૂ. આધ્યાત્મયોગી આ. દેવ શ્રી વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના જીવન ઉપર આધારિત નવંદે કલાપૂર્ણમથ નાટક બનાવવામાં આવ્યું હતું. થાનાના ગડકરી હૉલમાં એનો પ્રથમ પ્રયોગ સફળ રહ્યો. એથી ભારતભરના શ્રી સંઘોના પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારમાં આ અલૌકિક નાટક રજૂ કરવાની માગણી કરી છે.

દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

દર્દીઓના નામ	ઉંમર	ખર્ચ (રૂ.)
૧) બિશ્વજીત ઘોષ	૪૧	૮૦,૦૦૦
૨) મોહડ યાસીન ગુફરન મન્સૂરી	૫	૮,૧૦,૩૨૭
૩) આદુ દેવી	૪૬	૪,૭૦,૦૦૦
૪) સવિતા સિંહ	૪૪	૨૦,૦૦૦
૫) ઉમેશ ચંદ	૩૮	૮૦,૦૦૦
૬) ફિરોજાડૂલ મટ્યા	૧૯	૮૦,૦૦૦
૭) નૂરનાહાર બીબી	૪૦	૪૦,૦૦૦
૮) મધુકર લક્ષ્મન ભગત	૬૨	૧,૦૦,૦૦૦
૯) જમશેદ અલી	૩૭	૨૫,૦૦૦
૧૦) સાફિના બીબી	૪૮	૩૦,૦૦૦
૧૧) સાંતના રોય બર્મન	૩૪	૧,૦૦,૦૦૦
૧૨) ચાંદાના હળદર	૪૧	૫૧,૨૦૨
૧૩) રણજીત શેઠ	૬૩	૧૫,૦૦૦
૧૪) સાગરિકા બેગમ	૩૬	૫૦,૦૦૦
૧૫) રેખારાની બિસ્વાસ બૈન	૩૦	૧,૭૫,૦૦૦
૧૬) લખી કર	૬૪	૮૦,૦૦૦
નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ માસીના હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૧૭) રફિયા ખાતૂન	૫૪	૧,૧૦,૦૦૦
નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ હોલી સ્પિરિત હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૧૮) નંદ કિશોરે મંડળ	૪૮	૧,૦૦,૩૭૦
નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૧૯) અતીફા કમાલુધિન શૈખ	૦૯	૫,૬૫,૬૮૮
નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.		
૨૦) વેધાન સુરજ ધોત્રે	૦૫	૫,૦૦,૦૦૦

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

મુંબઈ પોર્ટ ટ્રસ્ટની એનઓસીના અભાવે સફાઈ કર્મચારીઓના ક્વોર્ટસનું કામ રખડી પડ્યું

મુંબઈ: લગભગ એક વર્ષ પછી પણ દક્ષિણ મુંબઈના ફોર્ટ ખાતે કોચીન સ્ટ્રીટ પર સફાઈ કર્મચારીઓ માટે રહેણાંક ક્વાર્ટસ બનાવવાનો મુંબઈ મહાનગરપાલિકાનો પ્રોજેક્ટ અધૂરો જ રહ્યો છે. મુંબઈ પોર્ટ ઓથોરિટી સાથે લીઝની ઔપચારિકતાઓ બાકી હોવાથી આ પ્રોજેક્ટમાં વિલંબ થઈ રહ્યો હોવાનું કહેવાય છે. આ પ્રોજેક્ટમાં આશ્રય યોજના હેઠળ મુંબઈના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કર્મચારીઓ માટે રહેણાંક જગ્યા વિકસાવવાનો સમાવેશ થાય છે. સોલિડ વેસ્ટ વિભાગે સફાઈ કર્મચારીઓ માટે વધુ સારી રીતે રહેવાની સ્થિતિ પૂરી પાડવા માટે ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન ૨૦૩૪ હેઠળ મંજૂરી માંગી છે. પાલિકાએ આશ્રય યોજના હેઠળ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કર્મચારીઓ માટે ક્વોટર્સનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેનો શિલાન્યાસ ઑક્ટોબર ૨૦૨૪માં થયો હતો. અંદાજિત ૧૭ કરોડ રૂપિયાના ખર્ચે આ યોજનામાં ૨૩૮ ચોરસ ફૂટના ૫૪ ઘર બનાવવાના હતા. ૧,૮૯૨.૧૫ ચોરસ મીટરનો પ્લોટ આંશિક રીતે પાલિકા (૧,૪૦૩ ચોરસ મીટર) અને આંશિક રીતે મુંબઈ પોર્ટ ટ્રસ્ટ (૪૮૯.૧૩ ચોરસ મીટર)ની માલિકીનો છે. જોકે પાલિકાના ૧૯૯૧ની ડેવલપમેન્ટ પ્લાન હેઠળ ફક્ત ૮૭૮.૨૩ ચોરસ મીટર જ મકાન બાંધકામ માટે મંજૂર કરવામાં આવ્યો છે. સાત ઑક્ટોબરના રોજ મુંબઈ પોર્ટ ટ્રસ્ટને લખેલા પત્રમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે તમામ સફાઈ કર્મચારી અને હાલમાં ક્વોટર્સમાં રહેતા લોકોના પુનર્વસન માટે પ્રસ્તાવિત ૧,૮૦૪ ચોરસ મીટર બિલ્ટ અપ વિસ્તાર આવશ્યક છે.

નવમા પાનાનું ચાલુ

થાણેમાં

પાટીલ, કમિશનર સૌરભ રાવ સહિત અન્ય અધિકારીઓ, પદાધિકારીઓ અને નાગરિકો કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શિંદેએ કહ્યું હતું કે થાણે ઝડપથી વિકાસ કરી રહ્યું છે. જો આપણને સારા અધિકારીઓ મળે, તો જિલ્લાનું પરિવર્તન થવામાં લાંબો સમય લાગશે નહીં. મોટા શહેરોમાં મોટા પાયે વૃક્ષારોપણ જરૂરી છે. મેં કમિશનરને એક લાખ વૃક્ષારોપણ કરવાની સૂચના આપી હતી, તેમણે એક લાખ પચીસ હજાર વૃક્ષારોપણ કર્યા. આ વર્ષે, જ્યારે તેમને બે લાખ વૃક્ષારોપણ કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું, ત્યારે તેમણે બે લાખ નવ હજાર વૃક્ષારોપણ કર્યા છે.

મુમ્બ્રા ટેકરીઓ પર વૃક્ષોના વિકાસ અને નાગરિકો તેમના 'જન્મદિવસ' ઉજવી રહ્યા છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે પર્યાવરણપ્રેમી સમુદાયની પ્રશંસા કરી. 'વિદર્ભ અને મરાઠવાડામાં પૂર એ વાતાવરણ પરિવર્તનનો સંકેત છે. તે વિસ્તારોના ખેડૂતોને મદદ કરવા માટે ૩૨,૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, અને અત્યાર સુધીમાં ૩.૫ થી ૪,૦૦૦ કરોડ રૂપિયા તેમના ખાતામાં જમા કરવામાં આવ્યા છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ધારાશિવ જિલ્લાના ખેડૂતોને ૧૦૧ દૂધ આપતી ગાયો આપવાનું પણ નક્કી કર્યું છે, જેમના પશુધનને પૂરમાં નુકસાન થયું હતું,' એવી માહિતી તેમણે આપી હતી.

ઓક્સિજન પાર્ક અંગે શિંદેએ કહ્યું હતું કે, 'અહીં ઔષધી છોડ, પુષ્કળ ઓક્સિજન અને ખારું પાણી છે. ચાલવા માટે ૫૦૦ મીટરનો ટ્રેક તૈયાર કરવામાં આવ્યો છે. અહીં ચાલવાથી ઘણા રોગો મટી જશે. પાર્કમાં મોટી માત્રામાં વાંસનું વાવેતર કરવામાં આવ્યું છે.'

પર્યાવરણના રક્ષણ માટે ગાયમુખ, લોકમાન્ય નગર અને અન્ય સ્થળોએ 'શહેરી જંગલો' બનાવવામાં આવ્યા છે. વન વિભાગની જમીન પર પચાસ હજાર વાંસ વાવવામાં આવ્યા છે. 'થાણેમાં તળાવોને પુનર્જીવિત કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. જોગીલા માર્કેટ પાસેનું તળાવ તેને પુનર્જીવિત કરીને વિશ્વમાં પ્રથમ ઉદાહરણ બન્યું છે. તેમણે કહ્યું કે માસુંદા તળાવમાંથી કાંપ કાઢવો, નક્ષત્ર ઉદ્યાન માટે ચાર કરોડનું ભંડોળ જેવા ઘણા અન્ય કામો ચાલી રહ્યા છે.

'હાલનું થાણે બદલાતું થાણે છે - રસ્તાઓ પહોળા થઈ રહ્યા છે, મેટ્રો નેટવર્ક વિસ્તરી રહ્યું છે. મેટ્રોનો પ્રથમ તબક્કો ડિસેમ્બરમાં શરૂ થશે, જ્યારે આગામી તબક્કામાં તે મીરા-ભાયંદર અને વડાલા સુધી વિસ્તરશે. થાણેમાં એક રિંગ મેટ્રો પણ હશે. 'થાણેને વિકસિત, બદલાતું અને હરિયાળું શહેર બનાવવા માટે નાગરિકોની ભાગીદારી ખૂબ જ જરૂરી છે,' એમ શિંદેએ કહ્યું હતું.

તેમણે કમિશનરને ઘોડબંદર રોડ પર ટ્રાફિક જામ પર ખાસ ધ્યાન આપવા સૂચના આપી હતી. 'ચોમાસાની ઋતુ પૂરી થઈ ગઈ હોવાથી રસ્તાના કામો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે, તેને જલ્દી પૂર્ણ કરો અને નાગરિકોને મુશ્કેલીમાંથી મુક્તિ આપો,' એમ તેમણે અધિકારીઓને અપીલ કરી હતી.

આત્મહત્યા કરવાને

રાજકારણીઓની પ્રતિક્રિયા આવી રહી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વિધાન સભ્ય રોહિત પવાર, ભાજપના વિધાન સભ્ય પ્રવીણ દરેકર અને રાજ્યના કૃષિ પ્રધાન દત્તાત્રેય ભાર્નેએ વિધાનસભ્યના નિવેદન બદલ નારાજગી વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો છે.

બચ્ચુ કડુએ ભાષણમાં વધુમાં જણાવ્યું હતું કે દિવાળીના દિવસે આપણે દુઃખની વાતો કરવી પડી રહી છે. વિચારધારાની લડાઈ છોડીને જાતિવાદની લડાઈ શરૂ કરી દીધી હોવાથી ખેડૂત પાછળ રહી ગયો છે. જાતિ અને ધર્મને ધ્યાનમાં લીધા વિના આપણે ખેડૂત તરીકે સાથે રહેવું જોઈએ. આપણે ખેડૂત તરીકે સમસ્યાનો સામનો કરી શકીએ એમ છીએ? કોઈનો રંગ ભગવો, કોઈનો લીલો તો કોઈનો પીળો કે વાદળી હોય છે. આ બધા રંગના કપડાં કપાસમાંથી તૈયાર થાય છે અને એ કપાસ ખેડૂત ઉગાડે છે.

વિધાનસભ્યોએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે ભૂતપૂર્વ ખેડૂત નેતા શરદ જોશીએ ખેડૂતો માટે પોતાનો જીવ આપ્યો હતો. તેઓ કઈ જાતિના હતા તે હું તમને નહિ કહું. પરંતુ તેમણે જાતે ખેતી કરી. તેમની કોશિશ વ્યર્થ સાબિત થઈ. તેમની પત્નીએ આત્મહત્યા કરી હતી. આજે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. પરંતુ તેમણે આત્મહત્યા કરવાને બદલે વિધાનસભ્યની હત્યા કરવી જોઈએ.

બચ્ચુ કડુના નિવેદન પછી ભાજપના વિધાન સભ્ય પ્રવીણ દરેકરે કહ્યું કે બચ્ચુ કડુએ બાલિશ વાતો કરવાનું બંધ કરવું જોઈએ. બાલિશ વાતો કરવાને બદલે સામાજિક કાર્યો કરવા જોઈએ. કાપી નાખીએ, ફટકારીએ જેવી બાબત તેમની સાથે ન થવી જોઈએ. વિવાદ સર્જનારાઓમાં બચ્ચુ કડુના નામનો ઉલ્લેખ પણ કરવામાં આવશે.

વિધાનસભ્યોને કાપી નાખવાના નિવેદન સંદર્ભે ભૂતપૂર્વ વિધાનસભ્ય બચ્ચુ કડુએ સ્પષ્ટીકરણ આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે 'મારા બોલવાથી કેટલાક લોકોને દુઃખ થયું હતું. પરંતુ તમારી નીતિને કારણે દરરોજ ૧૨ ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. તો દરરોજ મરવાને બદલે ખેડૂતો વિધાનસભ્યોને કેમ ન કાપી નાખે? ખેત પેદાશો માટે કોઈ લઘુતમ ટેકાના ભાવ નથી, ખેડૂતનો પાક નજીવી કિંમતે વેચવામાં આવી રહ્યો છે. શું તેમને શરમ ન આવવી જોઈએ? લોન માફી બાજુ પર રહી, પરંતુ ૨૦ ટકા બોનસની જાહેરાત કરવામાં આવી હતી તેનું શું થયું?

દિવાળીમાં મુંબઈમાં પ્રદૂષણ

આસપાસ મુંબઈ છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ વિસ્તારમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ સૌથી ઊંચો ૨૨૬ નોંધાયો હતો. બીકેસીમાં એક્યુઆઈ ૨૨૧ નોંધાયો હતો.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા મુજબ ૦-૫૦ના એક્યુઆઈ રીડિંગ સારું, ૫૧-૧૦૦ને સંતોષકારક, ૧૦૧-૨૦૦ને મધ્યમ, ૨૦૧-૩૦૦ને ખરાબ, ૩૦૧-૪૦૦ને ખૂબ જ ખરાબ અને ૪૦૦થી વધુને ગંભીર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

દિવાળી દરમ્યાન ફોડવામાં આવી રહેલા ફટાકડાને કારણે અને આગામી દિવસમાં શિયાળાના આગમનની સાથે જ મુંબઈમાં પ્રદૂષણનું પ્રમાણ હજી વધવા બાબતે નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે. હવામાન નિષ્ણાતોના કહેવા મુજબ લા-નીના સ્થિતિને કારણે આગામી મહિનામાં મુંબઈનો એક્યુઆઈ વધુ ખરાબ થઈ શકે છે, જે વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સપાટી-સમુદ્રના પાણીના ઠંડક દ્વારા વર્ગીકૃત થયેલ આબોહવા પેટર્ન છે. લા-નીના દરમ્યાન વાતાવરણીય પરિભ્રમણમાં ફેરફારના પરિણામે પવનની ગતિમાં ઘટાડો થાય છે, તેને કારણે પ્રદૂષણના કણો આગળ વધવાને બદલે વાતાવરણમાં તરતા રહે છે અને પ્રદૂણષનું પ્રમાણ વધે છે. લા-નીના સામાન્ય રીતે પવનોની ગતિ ધીમી કરે છે અને તેને કારણે પ્રદૂષણ વધી શકે છે.

નવેમ્બર મહિનામાં પવનની ગતિ ધીમી પડવાની શક્યતા હોવાથી આ સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે, જેમા પાછો દિવાળીમાં ફટાકડા ફોડવા જવી પ્રવૃત્તિને પણ એક્યુઆઈ ઊંચો જઈ શકે છે. આ દરમ્યાન ફટાકડા ફોડવાને કારણે હવાની ગુણવત્તા નબળી નોંધવાનું ચાલુ થઈ ગયું છે. બીકેસીમાં છેલ્લા થોડા દિવસથી એક્યુઆઈ સતત ઊંચો નોંધાઈ રહ્યો છે, તે માટે બે પરિબળને જવાબદાર માનવામાં આવે છે. એક તો બુલેટ ટ્રેન જેવો માળખાકીય પ્રોજેક્ટનું બાંધકામ ચાલી રહ્યું છે અને બીજું અહીં ભારે ટ્રાફિક રહેતો હોય છે તેને કારણે સતત ધૂળ ઊડતી રહે છે. આ બંને કારણથી બીકેસીમાં પ્રદૂષણનું સ્તર વધી રહ્યું છે અને એક્યુઆઈ ઊંચો નોંધાઈ રહ્યો હોવાનું માનવામાં આવે છે.

દિવાળી બોનસથી

રૂપિયાનું બોનસ મળ્યું છે, જે ગયા વર્ષ કરતાં ૨૦૦૦ રૂપિયા વધુ છે. જ્યારે સામાજિક આરોગ્ય સ્વયંસેવકોને રૂ. ૧૪,૦૦૦ ની ભેટ અને કિન્ડરગાર્ટન શિક્ષકો/સહાયકોને રૂ. ૫,૦૦૦ ની ભેટ આપવામાં આવી છે.

આમ આ વર્ષે કુલ ૯૮ હજાર કર્મચારીઓને ૨૮૫ કરોડ રૂપિયાનું બોનસ આપવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકાની નાણાકીય સ્થિતિ દિવસેને દિવસે કથળી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં બોનસના મુદ્દામાં શાસક પક્ષની દખલગીરીને કારણે, ટ્રેડ યુનિયનો દ્વારા મહત્તમ બોનસની માંગણી અને રાજકારણીઓ દ્વારા મહત્તમ બોનસની જાહેરાતને કારણે મુંબઈ મહાનગરપાલિકા પર બોનસનું દબાણ વર્ષ-દર-વર્ષે વધી રહ્યું છે અને દર વર્ષે તેમાં વધારો કરવો પડે છે.

કફ પરેડની

ઘરવખરીના સામાનને નુકસાન થયું હતું. આગ લાગ્યા બાદ ઘટના સ્થળે પહોંચેલી ફાયરબ્રિગેડે ૨૦ મિનિટમાં આગ પર નિયંત્રણ મેળવ્યું હતું.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આગ નાની હતી પણ વાયરિંગ સંપૂર્ણપણે બળી ગયું હતું. એક ઈલેક્ટ્રિક વેહિકલની બેટરી પણ ફાટી ગઈ હતી અને બે અન્યને નુકસાન થયું હતું. મૃતક સગીર સ્ટ્રક્ચરના માલિકનો પુત્ર હતો, જે ઈલેક્ટ્રિક વાહનોને જરૂર પડે તે પ્રકારનો બરફ પૂરો પાડવાનો વ્યવસાય ચલાવતો હતો. વાહનની બેટરી કદાચિત પહેલા માળા પર રાખવામાં આવી હતી, તેથી આગ બાદ તેમાં સ્ફોટ થયો હોવો જોઈએ.

બધા જાણે છે કે

છે. અમૃત સહિત બધા મરાઠી લોકો આ ચોરોને બહાર કાઢવા માટે એકઠા થયા છે. કારણ કે કોઈને આ ગમતું નથી.

મહારાષ્ટ્રીયનો લડવૈયા છે. સંગીતા ગાયકવાડ અને બીજા બધા શિવસેનામાં જોડાયા. હું તમને બધાની સામે પૂછું છું, શું તમને કોઈ બોક્સ વગેરે મળ્યા છે? શું તમને ડરાવવામાં આવ્યા છે? કારણ કે અંતે, જે લોકો લોભમાં ફસાઈ જાય છે તેઓ મૂર્ખ હોય છે. મને આના કરતાં વફાદાર સૈનિકો વધુ ગમે છે. હું બધા ભાજપ નેતાઓને વિનંતી કરું છું કે ઇતિહાસમાં પોતાને પાપના માલિક તરીકે નોંધાવા ન દો. હું પહેલા પણ નાશિક ગયો છું. પણ હું ફરીથી નાશિક આવીશ, પરંતુ તે સમયે ભગવો લહેરાતો હોવો જોઈએ.

હિન્દુ મરણ

ક્રોળી પટેલ

ગામ એરુ મોટા ફળિયા હાલ મલાડ, સ્વ. લાલુભાઈ સોમાભાઈ તેમજ સ્વ. લાડુબહેનના પુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૬૭) તા. ૧૭-૧૦-૨૫ના દેવલોક પામ્યા છે. તેઓ મંજુબહેનના પતિ. પારસ અને કાશ્મીરાના પિતા. તેજલ અને ચેતનના સસરા. ધ્રુવી અને સ્વેનીના દાદા. સ્વ. રમેશભાઈ, ગ.સ્વ. નીરુબહેન, સ્વ. કંચનબહેન, સ્વ રુખીબહેનના ભાઈ. તેમનું બંને પક્ષનું બેસણું તા. ૨૩-૧૦-૨૫ને ગુરુવારે ૪.૦૦થી ૬.૦૦. તથા બારમું - પુષ્પાણિ મંગળવાર તા. ૨૮-૧૦-૨૫ના ૩.૦૦થી ૫.૦૦. રૂમ નંબર-૫, સોનીબાઈ ચાલ નંબર-૩, કાસમબાગ, દફતરી રોડ, મલાડ પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી લોહાણા

ગામ કચ્છ અંજાર હાલ મુલુંડ મહેશભાઇ કોટરાની (ઉં. વ. ૬૯) તે સ્વ. ઝવેરબેન ડુંગરશી દયાળજી કોટરાનીના પુત્ર. કંચનબેનના પતિ. કેતન, હિરલબેનના પિતાશ્રી. દિપ્તીબેનના સસરા. ગં. સ્વ. શારદાબેન, સ્વ. નટવરલાલ, સ્વ. હિરાલાલ, સ્વ. હિંમતલાલ, સ્વ. મંજુલાબેન, સ્વ. મધુસુદનના ભાઇ. સ્વ. સાકરબેન વસનજી સાવલા કોડાયવાળાના જમાઇ તા. ૧૯-૧૦-૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી લોહાણા

લધારામ નરશી ચંદે (ઉં. વ.૬૮) તે સ્વ. શાંતાબેન નરશી ચંદેના પુત્ર. સ્વ. તારાબેનના પતિ. સ્વ. જયેશભાઇ, પ્રવીણા હેમંત ઠક્કર (આડાસાણી)ના પિતા. અનુસુયાબેન નારાયણજી અનમના ભાઇ. મંથનના નાના. બાબુલાલ મુળજી કતિરાના જમાઇ તા. ૧૮-૧૦-૨૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

હાલાઇ ભાટીયા

ધરણગામ હાલ મુંબઇ સ્વ. સુધીરભાઇ દુતિયા તે સ્વ. કરસનદાસ અને બચુબેન દુતિયાના પુત્ર. સ્વ. ગોપાલદાસ, સ્વ. તુલસીદાસ, સ્વ. ચારુબેન રામૈયા, દમયંતીબેન રામૈયા, ઇંદુબેન દાસના ભાઇ. સ્મિતાબેનના પતિ. અનિશ, મિનેશ, પ્રિયેશના પિતા. સ્વ. નીતા, નિમિશ, ફાલ્ગુનીના સસરા. ધ્રુમિલ, મિલૌની, ધ્રુવેન, નિહાન, વિનીતના દાદા તા. ૧૯-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

કચ્છી લોહાણા

સ્વ. કસ્તુરબેન શામજી ગણાત્રા (ગામ તેરા) હાલ મુલુંડના પુત્ર સુરેશભાઇ (ઉં. વ. ૭૦) તા. ૧૮-૧૦-૨૫ના રામશરણ પામ્યા છે. મોહનલાલ હાથીરામ સોમૈયા (ગામ ગુંદાલા)ના જમાઇ. તે નૂતનબેનના પતિ. લીલાવંતી દિનેશ, ભારતી મહેશના દિયર. દક્ષા હરેશ, સ્વ. વીણા જનક, હીના દિપકના જેઠ. કુસુમ મોહનલાલ ચંદે, રક્ષા રાજેશ ગણાત્રા, પૂનમ પ્રકાશ આઇઆના ભાઇ. મેહુલના પિતાશ્રી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૧૦-૨૫ના ૫.૩૦થી ૭.૦ે. પવાણી હોલ, ૧ માળે, કચ્છી લોહાણા મહાજન વાડી, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

વિસનગરા નાગર બ્રાહ્મણ

વિસનગર નિવાસી હાલ મલાડ, ગં. સ્વ. સુલોચનાબેન મહેતા (ઉં. વ. ૮૩) તે સ્વ નવનીતરાય જેઠાલાલ મહેતાના પત્ની. સ્વ. પુનજીલાલ ઝાની દીકરી. સ્વ. ચંદ્રકાન્તભાઈ તથા સુરેશભાઈ, સ્વ. હસુમતિબેન ભટ્ટ, સ્વ. જસુમતીબેન ભટ્ટ તથા સ્વ શકુંતલાબેન પંડિતની બહેન. સંજયભાઈ મહેતા, પરેશ મહેતાની માતા. વર્ષાબેન, હર્ષાબેનની સાસુ. ધાર્મિકભાઈ, ખુશ્બુબેન, વિધીબેનની દાદી ૧૯-૧૦-૨૦૨૫ હાટકેશશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કંઠી ભાટિયા

પનવેલ-મુંબઈ, ગં. સ્વ. ક્રાન્તાબેન ગાંધી (ઉં. વ. ૮૬) તા. ૧૯-૧૦-૨૫ના ગોલોકવાસી પામેલ છે. સ્વ. કાનજી કુરજી આશરના પુત્રી. સ્વ. મધુસૂદન પ્રભુદાસ ગાંધીના પત્ની. સ્વ. હેમંત, અ. સૌ. હીના અને હિતેન્દ્રના માતુશ્રી. ગં. સ્વ. જ્યોતિ, મમતા અને દક્ષેશના સાસુ. દ્રષ્ટિ અને હેટ્રિયાના દાદી. વિધિ અને ધ્રુવના નાની. બેસણું પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ છે. રૂમ નં. ૮, દામોદર ભુવન, ૧લો, પારસીવાડા લેન, વી. પી. રોડ, મુંબઈ ૪૦૦૦૦૪.

હાલાઈ લોહાણા

મૂળ ગામ જુનાગઢ, હાલ, કલ્યાણ, હસમુખલાલ નાનાલાલ રાજા (ઉં. વ. ૮૩) તા. ૧૯/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે જયાલક્ષ્મીબહેનના પતિ. ગૌતમભાઈ, કશ્યપભાઈ, કાશ્મીરાબહેન મનોજભાઈ વિઠ્ઠલાણીના પિતા. સ્વ. મનહરભાઈ, સ્વ. નલિનભાઈ, સ્વ. પ્રતિમાબેન, પ્રવિણભાઈ, પંકજભાઈ, વિજયભાઈ, કલ્પનાબેન, સંગીતાબેનના ભાઈ. નિતાબહેન, અનુષ્કાબહેનના સસરા. પ્રિયલ, હિતી, આયુષી, માનવના દાદા. હિરલ, ઈશા, નિકુંજના નાના. વનરાવનદાસ તુલસીદાસ કાનાબારના જમાઈ. પ્રાર્થનાસભા ૨૧/૧૦/૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. જલારામ હોલ, મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ વેસ્ટ.

પારસી મરણ

અરનાવાઝ નોશીર કાતરક તે મરહુમ નોશીરવાનના ધન્યાની. તે મરહુમો વીલું હોરમઝજી રુસ્તમજી પીરના દીકરી. તે જહાંગીરના માતાજી. તે હુતોકશી ને એમીના બહેન. તે હોરમઝના બપઇજી. (ઉં.વ. ૯૩) રે. ઠે. કયુ-૧૬, એસ ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૧૦-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

આલુ દીનશા મિસ્ત્રી તે મરહુમો પીરોજા દીનશા મિસ્ત્રીના દીકરી. તે જીની તથા મરહુમો હીલ્લા, સરોશ, શેરી, ફ્રેની, રોશન, મેનુસના બહેન. તે શીરાઝ ને તનાઝના માસી. તે અશમી ને તુશાદના મોટા માસી. (ઉં. વ. ૯૯) રે. ઠે. વેંક્ટેશ ચેમ્બર, ચોથે માળે, પ્રેસ કોર્ટ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, વાચ્છા અગિયારીમાં ફોર્ટમાં છેજી.

જૈન મરણ

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. ચિત્રાબેન દોશી (ઉં. વ. ૬૫) તે સ્વ. અશ્વિનભાઇ જેઠાલાલ દોશીના ધર્મપત્ની. તે સ્વ. નિલમબેન દલીચંદ ભાયાણી, ગં. સ્વ. અર્ચનાબેન (લક્ષ્મીબેન) મહેન્દ્રભાઇ કંપાણી, સ્વ. હસમુખભાઇ જેઠાલાલ દોશી, ગં. સ્વ. દિપાબેન પ્રવીણભાઇ શાહ, ભારતીબેન દિપકભાઇ દવેના ભાભી. મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચંપાબેન પ્રાણલા

તન-મન-ધનથી રહો તરોતાજા

મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

MY EPS અને MY PE- My Enough Past Saving અને My Present Expenses

નિવૃત્તિકાળ માટેનું આયોજન બે તબક્કામાં થતું હોય છે. પહેલા તબક્કામાં શક્ય તેટલું વધુ ભંડોળ ભેગું કરવાનું વ્યૂહ અપનાવવાનો હોય છે. ભંડોળ જેટલું વધારે હોય એટલું જ નિવૃત્ત થનાર વ્યક્તિ માટે સારું કહેવાય. આથી આપણે ભૂતકાળમાં કરેલી બચત એટલે કે MY EPS - My Enough Past Saving પર ધ્યાન રાખવું આવશ્યક છે.

અહીં Enough અર્થાત્ 'પૂરતું' એ શબ્દ દરેક વ્યક્તિ માટે અલગ અલગ પ્રમાણ હોય છે. એ બાબત દરેક વ્યક્તિની જીવનશૈલી પર આધારિત હોય છે. જો જીવન સાદગીપૂર્ણ હોય તો ઓછાં નાણાંની એટલે કે ઓછા ભંડોળની જરૂર પડે છે. કોઇ વ્યક્તિ એક મહિનાનું ગુજરાન અમુક હજાર રૂપિયામાં ચલાવી શકે છે અને કોઇને લાખોની જરૂર પડતી હોય છે.

વ્યક્તિએ પહેલા તબક્કામાં સંગ્રહ કરેલી બચતનો ઉપયોગ બીજા તબક્કામાં અર્થાત નિવૃત્તિકાળમાં કરવાનો હોય છે. બીજા તબક્કાનું આયોજન કરતી વખતે એક મહત્ત્વપૂર્ણ શબ્દ ધ્યાનમાં રાખવો જોઇએ. એ શબ્દ છે My PE-My Present Expenses એટલે કે મારા હાલના ખર્ચ. આપણે ભૂતકાળમાં કરેલી બચત એટલે કે MY EPS - My Enough Past Saving માંથી ત્રિપાંખિયો વ્યૂહ ઘડી શકીએ છીએ.

સૌથી પહેલું કામ જીવનમાં સર્જાતી તાકીદની પરિસ્થિતિઓ માટે રકમ અલાયદી રાખવાનું હોય છે. તેના માટે ચારથી છ મહિનાનો ઘરખર્ચ નીકળે એટલી રકમ અલગ રાખવી જોઇએ. જે માણસ નિયમિત રીતે બજેટ બનાવતો હોય તેને ખબર હોય છે કે તેનો મહિનાનો ખર્ચ કેટલો થાય છે. My Budget (જેમાં આપણે ફરજિયાત ખર્ચ અને સ્વૈચ્છિક ખર્ચ એમ બે શ્રેણીઓ રાખીએ છીએ. તેમાંય પાછું નિશ્ચિત ખર્ચ અને બદલાતો ખર્ચ એમ બે પેટા શ્રેણીમાં હોય છે) બનાવતી વખતે ફરજિયાત ખર્ચ તરીકે જે રકમ જાણવા મળી હોય એના ચારથી છ ગણી રકમ તાકીદની પરિસ્થિતિઓ માટે અલગ રાખવી જોઇએ. એ રકમને My CEO- My Contingency and Emergency Options કહી શકાય.

ફાઇનાન્શિયલ પ્લાનર તરીકેનો મારો અનુભવ કહે છે કે લોકો My Budget બનાવતા નહીં હોવાને કારણે My CEO માટે ઘણી ઓછી અથવા તો વધુ પડતી રકમ રાખી મૂકે છે. રકમ ઘણી ઓછી હોય તો તાકીદની સ્થિતિમાં નાણાકીય કટોકટી સર્જાઇ શકે છે. પૈસાની જરૂર પડે ત્યારે એટીએમ સુધી દોટ મૂકવી પડે છે અથવા તો મિત્રો અને સંબંધીઓને ફોન લગાડવા પડે છે. બીજી બાજુ, જો એ રકમ ઘણી મોટી હોય તો તેના પર જે વળતર મળવું જોઇએ એ મળતું નથી અને આર્થિક રીતે નુકસાન થાય છે. ઘણી બધી ઓછી અને ઘણી બધી વધારે એ બન્ને પરિસ્થિતિઓ લાંબા ગાળાના સંપત્તિસર્જનમા બાધારૂપ બને છે.

ત્યાર પછીનું કામ નિયમિત રીતે આવક થતી રહે એવી જોગવાઇ કરવાનું છે. આવા વખતે પણ My Budget ની જરૂર પડે છે. જો My Budget બનાવેલું હોય તો મહિનામાં કેટલા પૈસાની જરૂર પડે એ સહેલાઇથી જાણી શકાય છે. બનાવ્યું ન હોય એવા પરિવારોને નિયમિત આવકની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી નડતી હોય છે. જેટલી જરૂર હોય એના કરતાં ઘણી વધારે રકમ મળતી હોય તો પણ બગાડ થાય છે. તેનું કારણ એ કે નિયમિત આવક આપનારાં સાધનોમાંથી મોટાભાગનાં સાધનમાં આવક કરવેરાને પાત્ર હોય છે, પછી એ એન્યુઇટી હોય કે પેન્શન હોય કે પછી અન્ય પ્રકારનાં રોકાણોમાંથી મળતું વળતર હોય. એન્યુઇટીમાં નિયત સમયાંતરે નિશ્ચિત આવક આપવામાં આવે છે. સરકારે આપેલું પેન્શન સરકારી કર્મચારીઓ માટે કરમુક્ત હોય છે, પણ તેના સિવાયનું પેન્શન કરવેરાને પાત્ર હોય છે.

ઘણા લોકો એવી દલીલ કરતા હોય છે, 'જો મને નિયમિત રીતે જેટલી જોઇએ છે તેના કરતાં વધારે આવક મળે તો કંઇ વાંધો નહીં; હું વધારાની રકમનું રોકાણ કરી લઇશ.' આવી રીતે રોકાણ કરવાનું શકય જરૂર છે, પરંતુ તેમાં એવું થાય કે મળેલી આવક પર કર ભરવો પડે અને પછી પાછું રોકાણ કરવું પડે. જો આપણે યોગ્ય રીતે આયોજન કર્યું હોય તો એટલી જ નિયમિત આવક પ્રાપ્ત થાય જે જરૂરી હોય અને કરવેરાનું નુકસાન વેઠવું ના પડે, રોકાણમાંથી ઉપાડ કરીને ઘર ચલાવવું જોઇએ નહીં. એ ઉપાડ ન કરીએ તો આપણાં નાણાં કરવેરાના લાભ આપવા ઉપરાંત વધતાં રહી શકે છે.

આપણે એ જોવાનું હોય છે કે આપણને મળી રહેલું વળતર ફુગાવાના દર કરતાં વધુ દર ધરાવતું હોય. સીધેસીધું કે મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ઇક્વિટીમાં કે સોનામાં રોકાણ કર્યું હોય તો જ એ શક્ય બને છે.

નિવૃતિના આયોજનના બીજા તબક્કાનું મુખ્ય કામ MY EPS અને MY PE પર લક્ષ કેન્દ્રીત કરવાનું છે. આપણને કંપનીઓની EPS (અર્નિંગ પર શેર) અને PE (પ્રાઇસ ટુ અર્નિંગ રેશિયો-ભાવ અને આવકનો ગુણોત્તર)ની ચર્ચા કરવાનું ગમતું હોય છે, પરંતુ જો પોતાની MY EPS(My Enough Past Saving) અને MY PE (My Present Expenses) તૈયાર ન હોય તો બીજી બધી વાતો નિરર્થક જ કહેવાય- ગણાય... ■

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી feedback@bombaysamachar.com

આરોગ્ય વીમા પૉલિસીનું પોર્ટિંગ વખતે નો- ક્લેમ બોનસ પણ ટ્રાન્સફર થાય ખરું?

તમે લીધેલી આરોગ્ય વીમા પોલિસી તમારી આવશ્યકતાઓ સંતોષતી ન હોય તો તમે વધુ સારાં ફીચર્સ અને ઓછું પ્રીમિયમ તથા વધુ હોસ્પિટલોનું નેટવર્ક ધરાવતી પોલિસીમાં પોર્ટિંગ કરાવી શકો છો. તમારી અગાઉની કંપનીની પોલિસીમાં ભેગી થયેલી નો- ક્લેમ બોનસ પણ પોર્ટિંગમાં ટ્રાન્સફર થઈ શકે છે. જો કે, નો -ક્લેમ બોનસના પોર્ટિંગને 'ઇરડાઈ' (ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા)નાં નિયમો અને શરતો લાગુ પડે છે.

નો- ક્લેમ બોનસઃ

સૌથી પહેલાં નો- ક્લેમ બોનસ વિશે થોડી જાણકારી મેળવી લો...

જો કોઈ વર્ષમાં તમારો ક્લેમ આવ્યો ન હોય તો વીમા કંપની ઈનામમાં તમને નો- ક્લેમ બોનસ આપે છે. સામાન્ય રીતે આ બોનસ બે સ્વરૂપે આપવામાં આવે છેઃ

૧) સમ ઇન્સ્યોર્ડ વધારી આપવામાં આવે છે (મોટાભાગે આ જ સ્વરૂપમાં બોનસ આપવામાં આવતું હોય છે)

૨) પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે (સામાન્ય રીતે મોટર ઇન્સ્યોરન્સમાં આવું થતું હોય છે, આરોગ્ય વીમામાં નહીં)

દાખલા તરીકે : જો તમારી પાસે પાંચ લાખ રૂપિયાનું કવર હોય અને વર્ષ દરમિયાન તમારો એકપણ ક્લેમ આવ્યો ન હોય તો વીમા કંપની તમને ઉદાહરણરૂપે, દસ ટકાની નો- ક્લેમ બોનસ આપીને તમારું કવર વધારીને ૫.૫ લાખ રૂપિયા કરી દે છે.

નો- ક્લેમ બોનસ વિશે 'ઇરડાઈ'ની માર્ગદર્શિકાઃ

આ માર્ગદર્શિકા કહે છે કે તમારા કન્ટિન્યુઇટી બેનિફિટના ભાગરૂપે તમને કવર વધારી આપવામાં આવવું જરૂરી છે.

પોર્ટિંગ કરાવવામાં આવે ત્યારે નવી વીમા કંપનીએ તમને નો ક્લેમ બોનસ સાથેનું કવર આપે એવું પણ કંપનીઓને જણાવાયું છે. એ ઉપરાંત પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસિઝિસને લગતી જે શરતોનું પાલન થઈ ગયું હોય એને પણ નવી પોલિસીમાં આવરી લેવાય છે, અર્થાત્ તમારો વેઇટિંગ પિરિયડ પૂરો થઈ ગયો હોય તો એ નવેસરથી લાગુ થતો નથી. એના સિવાય, તમે એક પણ દિવસ કવર વગર રહી ન જાઓ એ રીતે તમને અખંડ કવર આપવામાં આવે છે. દા.ત. જો તમે ૧૦ લાખના બેઝ કવરની પોલિસીમાં ત્રણ ક્લેમ વગરનાં વર્ષ પસાર કરી લીધાં હોય અને તમારી નો ક્લેમ બોનસ ૩ લાખ રૂપિયા થઈ ગઈ હોય તો તમારી હાલની પોલિસીનું કવર ૧૩ લાખ રૂપિયાનું થઈ જાય છે. ઉક્ત નિયમને કારણે પોર્ટિંગમાં પણ તમને કુલ ૧૩ લાખના કવરવાળી પોલિસી મળે છે.

અન્ય અગત્યના મુદ્દા :

* તમારે અગાઉની પોલિસીના નવીનીકરણની તારીખના ઓછામાં ઓછા ૪૫ દિવસ પહેલાં

પોર્ટિંગ માટેની પ્રક્રિયા શરૂ કરાવી દેવી જરૂરી છે.

* જૂની-નવી પોલિસી વચ્ચે કોઈ ખાડો પડવો જોઈએ નહીં (જો કે, ૩૦ દિવસનો ગ્રેસ પિરિયડ આપવામાં આવે છે.

* તમને સમાન પ્રકારની જ આરોગ્ય પોલિસી જ મળે છે, અર્થાત્ ઇન્ડિવિજ્યુઅલ હોય તો ઇન્ડિવિજ્યુઅલમાં અને ફ્લોટર હોય તો ફ્લોટરમાં જ પોર્ટિંગ થાય છે.

* અગાઉની પોલિસીમાં નો ક્લેમ બોનસ જમા થઈ છે એ દર્શાવતું પોલિસી સર્ટિફિકેટ અથવા તો રિન્યુઅલ નોટિસ નવી કંપનીને સુપરત કરવાનાં હોય છે.

નો- ક્લેમ બોનસ સહેલાઈથી ટ્રાન્સફર થાય એ માટે આટલું કરોઃ

પ્રક્રિયાનું ચરણ

૧) પોલિસી પોર્ટ કરાવવી છે એવી જાણ અગાઉની કંપનીને કરવી

૨) રિન્યુઅલના ૪૫થી ૬૦ દિવસ પહેલાં નવી વીમા કંપનીને અરજી કરવી

૩) અગાઉનાં ૩-૪ વર્ષની પોલિસી કોપી અને ક્લેમ હિસ્ટરી નવી કંપનીને સુપરત કરવી

૪) નો ક્લેમ બોનસ એકઠી થઈ છે એનો પુરાવો નવી કંપનીને સુપરત કરવો

૫) નો ક્લેમ બોનસ નવી પોલિસીમાં સમાવી લેવાઈ છે કે કેમ એની ખાતરી કરી લેવી

પોર્ટિંગ સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતીઃ

* અમુક વીમા કંપનીઓ એકઠી થયેલી બોનસ નવી પોલિસીમાં પૂરેપૂરી લેતી નથી.એમણે એના માટે ૫૦થી લઈને ૧૦૦ ટકા જેટલી મર્યાદા રાખેલી હોય છે. આથી નવી કંપની પાસેથી નો- ક્લેમ બોનસ વિશે સ્પષ્ટતા કરી લેવી જરૂરી બને છે.

* જો તમને પોર્ટિંગમાં હાલની પોલિસીમાં હોય એના કરતાં ઓછી રકમનું કવર મળવાનું હોય તો તમારી નો ક્લેમ બોનસમાં પણ સમપ્રમાણમાં ઘટાડો થાય છે.

* જો તમને પોર્ટિંગમાં હાલની પોલિસીમાં હોય એના કરતાં વધુ રકમનું કવર મળવાનું હોય તો એમાં કવરની વધારાની રકમ પર નવો વેઇટિંગ પિરિયડ લાગુ થઈ શકે છે.

* નો- ક્લેમ બોનસ સામાન્ય રીતે બેઝ કવરને જ લાગુ પડે છે, ટોપ અપ કે સુપર ટોપ અપ પ્લાનને નહીં.

અને છેલ્લે....

પોર્ટિંગ બાદ પણ નો - ક્લેમ બોનસ યથાવત્ રહે એ ખૂબ જ સારી બાબત કહેવાય. આથી, તમારે પોર્ટિંગ માટેની પ્રક્રિયા વેળાસર શરૂ કરી દેવી, પોલિસીને અખંડ રાખવી, તમામ આવશ્યક દસ્તાવેજો જોઈએ ત્યારે સુપરત કરવા અને નવી પોલિસીમાં નો ક્લેમ બોનસ ટ્રાન્સફરનો મુદ્દો સ્પષ્ટપણે લખાવી લેવો. ■

આરોગ્ય એક્સપ્રેસ

feedback@bombaysamachar.com
રાજેશ યાજ્ઞિક

પીડાશામક દવા જાતે લો છો? તો આટલું અચૂક જાણી લો...

તમે આ વાંચતા હશો ત્યારે તમારા ઘરની દિવાળીની સાફસફાઈ થઇ ગઈ હશે. જો તમે પોતે તમારા ઘરની સફાઈ કરી હોય તો થાકી ગયા હશો અને હાથ-પગ પણ દુખતા હશે. સામાન્ય રીતે આપણા મિત્રો-સંબંધીઓ આવા સમયે સલાહ આપે કે રાત્રે સૂતા પહેલા એક પેનકિલર લઇ લેવાની. યાત્રાધામમાં પર્વત ચઢીને ગયા હો કે લાંબી મુસાફરી પરથી આવ્યા હો, ખેલકૂદમાં ભાગ લીધો હોય કે શારીરિક કષ્ટ પડે તેવું કામ કર્યું હોય, કંઈ નહીં તો અમસ્તું માથું દુખતું હોય તો પણ આપણે એકાદ પેનકિલર લઇ લેતા ખચકાતા નથી. તેના માટે ડોક્ટર પાસે જવાની પણ જરૂર નથી હોતી, બરાબરને? પરંતુ આપણે સાવધાન થવાની જરૂર ચોક્કસ છે. શા માટે તે જાણીએ...

દવાની દુકાનોમાં ઓવર-ધ-કાઉન્ટર (ઓટીસી - ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર દવા ખરીદી શકાય તેવી) તરીકે ઓળખાતી પીડાશામક દવાના ઘણા બધા વિકલ્પ ઉપલબ્ધ હોય છે. તે કાં તો એસિટામિનોફેન અથવા નોનસ્ટીરોઈડલ એન્ટી-ઈન્ફ્લેમેટરી દવા (NSAID) હોય છે.

પેનકિલર્સ અને એનએસએઆઇડી, એનાલ્જેસિક્સ (પીડાનાશક) તરીકે ઓળખાય છે, જેનો ઉપયોગ પીડાની સારવાર માટે થાય છે.

અહીં સૌથી મોટો તફાવત એ છે કે પેનકિલર્સ તમે જે પીડા અનુભવી રહ્યા છો તેના સ્તરને લક્ષ્ય બનાવે છે, મગજમાં પહોંચે તે પહેલાં પીડાના સંકેતોને અટકાવીને.

બીજી તરફ, NSAID, જેને નોન-સ્ટીરોઈડલ સોજા વિરોધી દવાઓ પણ કહી શકાય, તે પીડા અને તાવને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, મુખ્યત્વે સોજો ઘટાડીને.

એસિટામિનોફેન અને એનએસએઆઇડી બંને તાવ અને ઘણા પ્રકારના દુખાવાની સારવાર માટે સારા છે. એમાં ગળા-કમરનો, શસ્ત્રક્રિયા પછી, વ્યાયામ કરવાથી કે શારીરિક પ્રવૃત્તિ કરવાથી, શરદી, ફ્લૂ અને સાઇનસાઇટિસથી દુખાવો વગેરે સામેલ છે.

આ દવા ગોળીના રૂપમાં ઉપલબ્ધ હોય છે, તે સિવાય સિરપના રૂપે અને ત્વચા પર લગાવવામાં આવતી ક્રીમ, જેલ, સ્પ્રે, પ્લાસ્ટરના રૂપે પણ ઉપલબ્ધ હોય છે. સ્વાભાવિક છે કે ડોક્ટર જરૂરિયાત મુજબ દવા સૂચવે છે.

પીડાનાશક ઓપીઓઇડ્સ (જેને નાર્કોટિક્સ પણ કહેવાય છે) મગજની પીડા પ્રત્યેની ધારણાને બદલીને કાર્ય કરે છે. ઓપીઓઇડ કોઈપણ દવા હોઈ શકે છે, કુદરતી અથવા માનવસર્જિત. ઘણા મોર્ફિન જેવા હોય છે, પરંતુ પ્રયોગશાળામાં નવા, અસંબંધિત ઓપીઓઇડ્સ પણ બનાવવામાં આવ્યા છે. કમનસીબે કેટલાકનો દૂર-ઉપયોગ નશો કરવા માટે પણ થાય છે.

મોટાભાગના લોકો ઓટીસી પીડાશામક દવાને ખતરનાક માનતા નથી, કારણ કે તેમને ખરીદવા માટે તમારે પ્રિસ્ક્રિપ્શનની જરૂર હોતી નથી. મહત્ત્વની વાત એ છે કે, ઉપયોગ નિર્દેશન મુજબ કરવામાં આવે છે ત્યારે પીડાનાશક સામાન્ય રીતે સલામત હોય છે, પરંતુ જો તમે તેનો વારંવાર, ખૂબ લાંબા સમય સુધી અથવા ખૂબ મોટી માત્રામાં ઉપયોગ કરો, તો તે આડઅસરો અને ગૂંચવણો પેદા કરી શકે છે.

શું નુકસાન થઇ શકે?

જો તમે ભલામણ કરતાં વધુ દવા લો તો તે સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. પીડા નિવારક દવા અન્ય દવાઓ, ખાસ કરીને લોહી પાતળું કરનાર દવાઓ સાથે હાનિકારક પ્રતિક્રિયા આપી શકે છે. દારૂની સાથે પીડાશામક દવાઓ લેવાથી આરોગ્યને ભારે નુકસાન થઇ શકે છે, મૃત્યુ પણ થઇ શકે છે. તેથી જ, નશો કરવાના રવાડે ચઢેલા ઘણા યુવાનોના આરોગ્ય જોખમમાં મુકાય છે. કેટલાક સંભવિત આરોગ્ય જોખમો જાણી લેવા જોઈએ. જેવા કે, લીવર અથવા કિડની જેવા આંતરિક અવયવોને નુકસાન, ઝાડા અથવા કબજિયાત, હૃદયની સમસ્યાઓ, અતિસંવેદનશીલતા જે એલર્જિક પ્રતિક્રિયા જેવી જ હોય છે, ઊબકા, પેટ ખરાબ થવું કે હાર્ટબર્ન, કાનમાં અવાજ આવવો, અથવા તો બહેરાશ પણ, પેટમાં અલ્સર, લોહીમાં ગંઠાવાનું નિર્માણ થવામાં મુશ્કેલી, જેનાથી વધુ પડતો રક્તસ્ત્રાવ થઈ શકે છે.

શું કાળજી લેવી?

કેટલીક ઉધરસ અને શરદીની દવાઓ અને એલર્જીની દવામાં અન્ય ઘટકો સાથે એસિટામિનોફેન અથવા એનએસએઆઇડી હોઈ શકે છે. તેથી તમે જે દવાઓ લો છો તેના લેબલ્સ કાળજીપૂર્વક વાંચવા મહત્ત્વપૂર્ણ છે. તેને અન્ય ઓટીસી દવાઓ સાથે ભેળવશો નહીં. આનાથી તમને ઓવરડોઝ થવાનું જોખમ રહેશે. બીજી સમસ્યા એ છે કે ઘણા દિવસો સુધી પીડા નિવારક દવાઓ લેવી.

આમાંની મોટાભાગની દવાઓ અમુક દિવસો સુધી લેવી જોઈએ તેના ચોક્કસ નિયમ હોય છે અને તે મુજબ જ ડોક્ટર તેની ભલામણ કરે છે.

બાળકોને ઓવર-ધ-કાઉન્ટર પીડા નિવારક દવા આપતી વખતે ખાસ કાળજી રાખો. બાળકને ક્યારેય ભલામણ કરેલ માત્રા કરતાં વધુ દવા ન આપો. બાળકો અને કિશોરોએ ક્યારેય એસ્પિરિન ન લેવી જોઈએ. તે 'રેય સિન્ડ્રોમ' નામની દુર્લભ પરંતુ સંભવિત જીવલેણ સ્થિતિનું કારણ બની શકે છે.

તમે કોઈ ક્રોનિક બીમારીઓથી પીડાતા હો તો કોઈપણ પીડાશામક દવા ડોક્ટરને પૂછ્યા વિના લેવાનું ટાળવું જોઈએ. એવી કોઈ બીમારી ન હોય તો પણ ટૂંકા ગાળાને બાદ કરતાં તબીબની સલાહ વિના વારંવાર દવાઓ લેવાનું ટાળવું હિતકારક છે. ■

પ્રકરણ-૩૭

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...



યોગેશ સી પટેલ

'મુખિયા જુગલ મેશ્રામની ટીમે ઉત્તમ કાર્ય કર્યું છે એમાં કોઈ બેમત ન હોઈ શકે એટલે બધા મુખિયાઓ વતી હું તેમનો આભાર માનું છું. પોલીસ તપાસ પૂરી થયા પછી આપણે તેમનો સત્કાર કરવો જોઈએ!'

યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામે વક્તવ્ય આપતાં તાળીઓના ગડગડાટથી યુનિટ-બેનો નાનકડો હૉલ ગુંજી ઊઠ્યો. મુખિયાઓની મીટિંગ માટે આ હૉલ નિઃશુલ્ક મળી રહેતો.

'આ સન્માનના ખરા હકદાર આપણા યુવાનો છે, જે ડર્યા વિના જંગલમાં રખડીને પેલા શોએબને પકડી લાવ્યા!' મેશ્રામ સભ્યતા દાખવતો હતો. આજે સવારથી તેણે દેશી દારૂ પેટમાં ઉતાર્યો ન હોવાનું લાગતું હતું.

'હવે શોએબનો સાથી હાથ લાગવો જોઈએ.' મેશ્રામે કહ્યું.

'એ જંગલ છોડી ભાગી ગયો છે, એવું પોલીસનું કહેવું છે. પોલીસ તેને શોધી કાઢશે.'

ટેકામે ઉમેર્યું: 'પોલીસની મદદ કરવી એ સારું છે, પણ હજુ હું કહું છું કે શંકાસ્પદના નામે કોઈની મારપીટ યોગ્ય નથી!'

'એ બધું તો ઠીક ટેકામજી, પણ આપણે જેની ચર્ચા માટે ભેગા થયા છીએ એની શરૂઆત કરો!' યુનિટ-૧૬ના મુખિયા ભાસ્કર કડુએ કહ્યું.

'હા, પણ કૃપાને તો આવવા દો.' મીટિંગમાં કૃપાને પણ બોલાવવામાં આવી હતી, પરંતુ હજુ તે પહોંચી નહોતી.

'એ આવે તો કડક શબ્દોમાં ચેતવણી આપીને બધી માહિતી મેળવી લેવી.' મેશ્રામે કોયતો બતાવતાં કહ્યું.

'જુઓ... આમ ઉશ્કેરાટમાં નિર્ણય લેવો નથી. તેણે આપણા લોકોના સ્વાસ્થ્ય માટે ઘણી મહેનત કરી છે. પહેલાં તેનું કહેવું જાણી લેવું જોઈએ!' ટેકામે શાંતિથી કહ્યું.

એટલી વારમાં કૃપા હૉલના ગેટ બહાર પહોંચી. સ્કૂટર ગેટ પાસે પાર્ક કરી તે અંદર પ્રવેશી.

'માફ કરજો... એક કામમાં અટવાઈ હતી!'

'હવે ક્યાં કામ બાકી છે?' મેશ્રામે ટોણો માર્યો.

'જો કૃપા... તું આટલાં વર્ષથી અમને ઓળખે છે અને તારા કામથી અમે પ્રભાવિત પણ છીએ.' ટેકામે સમજાવવાનું શરૂ કર્યું.

'અમારા રહેવાસીઓના ઉદ્ધારનાં અનેક કાર્યોમાં તે આગળપડતી ભૂમિકા ભજવી છે... અહીં મહિલાઓ તો કૃપાળુ તરીકે તને સંબોધે છે, પણ...'

થોડું અટકીને ટેકામ મૂળ વાત પર આવ્યા: 'આ જંગલમાં જે બધું ચાલી રહ્યું છે તે વિશે તને શી માહિતી છે એ જણાવ!'

'ટેકામજી, તમે લોકો અહીં રહો છો છતાં તમને જાણ ન થઈ તો મને કઈ રીતે ખબર હોય?' કૃપા નિર્દોષભાવે બોલી.

'જમીનમાંથી મળેલી એક લાશ તારી બહેનપણી અંજુની હતી. એ વિશે તે પોલીસ કે અમને પણ ક્યાં વિશ્વાસમાં લીધા?' કડુએ કડવી વાણી ઉચ્ચારી.

'અંજુના શબની તસવીર મને બે દિવસ પછી મળી... ત્યાં સુધીમાં પોલીસ તેની ઓળખ મેળવી ચૂકી હતી!'

કૃપા લાળા ચાવવા લાગી: 'અને અંજુ ગુમ હતી એની મને જાણ જ નહોતી... તો પછી તેની હત્યાનો અંદાજો મને કઈ રીતે હોય?'

કૃપા બોલતી હતી ત્યારે તેના ચહેરાના બદલાતા હાવભાવ ટેકામ નીરખી રહ્યા હતા. વારંવાર તે મુઠ્ઠીઓ વાળતી અને હથેળી ચોળતી હોવાનું પણ ટેકામે નોંધ્યું.

'સલ્લુને ઑપરેશન માટે તમારી સંસ્થાએ જ નાણાંની મદદ કરી હતી... હવે કહી દે કે એ પણ તને નથી ખબર?' કડુએ ફરી મોઢું ખોલ્યું.

'એ મને હવે ખબર પડી... તે સમયે કોઈને જાણ નહોતી કે એ ડ્રગ્સ તસ્કર છે!' કૃપાએ સ્પષ્ટતા કરી.

'...પણ આ બધા સવાલ પૂછીને તમે મારા પર શંકા કરતા હોવાનું લાગે છે!' કૃપા હવે સવાલ-જવાબથી કંટાળી.

'શંકા ઉપજાવે એવી વાત છે. આ બધું તમારી આસપાસ થયું અને તમને જાણ નથી... એવું કઈ રીતે બને?' મેશ્રામે કડક શબ્દો અપનાવ્યા.

'મુખિયાજી... તમે દિવસ-રાત આ જંગલમાં ફરો છો... તમને અણસાર સુધ્ધાં ન આવ્યો?' કૃપાના સવાલથી મેશ્રામ ભડક્યો.

'એ છોકરી... અમે અહીં રહીએ છીએ એટલે જ આવું હલકું કામ ન કરીએ. કોઈ વ્યક્તિ પોતાના જ ઘરમાં ગંદકી ન કરે!'

મેશ્રામે કહ્યું: 'બહારથી આવેલા લોકો આવું કરે... અને એ પણ એવા લોકો જે વારંવાર અહીં આવતા હોય!'

'મેડિકલ કૅમ્પનું આયોજન તું કરતી હતીને? તો અંજુ... મંજરી કઈ રીતે ગુમ થઈ એની તને ખબર કેમ ન પડી?' કડુના સવાલથી કૃપા અંદરથી હચમચી ગઈ.

'પોલીસ પણ આવું જ સમજે છે... હું આવું કરીને પાછી અહીં આવું ખરી?' કૃપાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

'બેટા... તું ભલે રડે, પણ તારો ચહેરો અને જુબાન સાથ નથી આપતા એવું લાગે છે...'

ટેકામે ઉમેર્યું: 'મારું અનુમાન છે કે આ કાંડ વિશે તું કંઈક તો જાણે છે!'

* * * *

આરે હૉસ્પિટલમાં ડૉ. મંદિરા અજવાનીની કૅબિન પાસેના સોફા પર સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગર અને મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલ સાથે ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલ બેઠો હતો. ત્રણેય જણ ડૉ. મંદિરા મળવા બોલાવે તેની રાહ જોતાં હતાં.

'મૅડમ અત્યારે બિઝી છે... થોડી વારમાં બોલાવે છે!'

વૉર્ડબૉય વસુ રાઠોડે ડૉ. મંદિરાની કૅબિનમાંથી બહાર આવી મેસેજ આપ્યો.

'મેં કહ્યુંને, સર... આ ડૉક્ટર નાટક કરશે જ. એટલે જ શિંદેસાહેબ આ લોકો પર ભડકી ગયા હતા!' વિદ્યાએ ગોહિલ તરફ જોતાં કહ્યું.

'એટલે જ તો શિંદેને સાથે લાવ્યો નથી... અત્યારે કોઈ હોબાળો થવો ન જોઈએ!' ગોહિલે જવાબ આપ્યો.

'કેટલી વાર લાગશે... કંઈ કહ્યું?' બંડગરે વૉર્ડબૉયને પૂછ્યું.

'એ હું કઈ રીતે પૂછી શકું?'

'...તો અમારે અહીં કેટલી વાર બેસી રહેવાનું!' વિદ્યાએ ડોળા કાઢી જોતાં રાઠોડ ડરીને એક ડગ પાછળ ખસ્યો. વિદ્યા પેલા દિવસનો ગુસ્સો ઉતારવાના મૂડમાં હોવાનું ગોહિલને લાગ્યું.

સ્મિત સાથે ગોહિલે કહ્યું: 'વિદ્યા... આ હૉસ્પિટલ છે, પોલીસ સ્ટેશન નહીં. તું શિંદે ન બન... શાંતિથી વાત કર!'

ગોહિલની આંખનો ઇશારો સમજી ગયેલી વિદ્યાની આંખો બે ક્ષણ માટે બંધ થઈ, જેને કારણે તેનો ગુસ્સો ઓસરવા લાગ્યો. એ જ સમયે ડૉ. મંદિરાની કૅબિનમાંથી બૅલ વાગી એટલે રાઠોડ દોડતો ગયો. બીજી તરફથી ડૉ. શ્રીધર ત્યાગી આવતો દેખાયો એટલે

અમે કંઈ કર્યું હોત અને અમને કોઈ વાતનો ડર હોત તો ઉપચાર દરમિયાન જ સલ્લુની બોલતી બંધ ન કરી દીધી હોત?

વિદ્યાથી રહેવાયું નહીં.

'સર... ડૉક્ટર મંદિરાનો બૉડીગાર્ડ આવ્યો... હવે એ પણ આપણી સાથે અંદર આવશે!' વિદ્યાએ કહ્યું અને થયું પણ એવું જ.

રાઠોડે કહ્યા પછી ગોહિલ, વિદ્યા અને બંડગર ડૉ. મંદિરાની કૅબિનમાં ગયાં તો તેમની પાછળ ડૉ. ત્યાગી પણ પ્રવેશ્યો. વિદ્યા અને ગોહિલ વચ્ચેની વાતો સાંભળી બંડગર માત્ર મલકાતો હતો.

'ચા... કૉફી લેશો?' ડૉ. મંદિરાએ વિવેક દાખવ્યો.

'નો... થેન્ક્સ! આપણે કામની વાત કરી લઈએ?' ગોહિલ મુદ્દાની વાત પર આવવા માગતો હતો.

'તમારી વાતો તો કામની ઓછી અને અમને ફસાવવાની વધુ હોય છે, ઑફિસર!' ડૉ. મંદિરા આડે પાટે જઈ રહી હતી.

'સંજોગો એવા બની રહ્યા છે કે તમારી મદદ જોઈશે જ!' ગોહિલ શબ્દજાળ ફેંકતો હતો.

'મદદ કે પછી...' ડૉ. મંદિરા કંઈ કહેવા જતી હતી, પણ ડૉ. મૃત્યુંજય હિરેમઠ કૅબિનમાં આવ્યા એટલે વાત અટકી પડી. ડૉ. હિરેમઠ ડૉ. મંદિરાની બાજુની ખુરશીમાં ગોઠવાયા. ગોહિલ હવે સમજ્યો કે ડૉ. મંદિરા વાતને આડે પાટે લઈ જઈ સમય શા માટે વેડફતી હતી?

'હવે શું થયું, ઑફિસર!' ડૉ. હિરેમઠ સીધા મુદ્દા પર આવ્યા.

'ડૉક્ટરસાહેબ... વિધાનસભ્ય જાંભુળકરના પીએ ચૌધરીએ સ્ટેટમેન્ટ આપ્યું છે કે સલ્લુને નાણાંની મદદ માટે ભલામણ પત્ર આપવા ડૉ. મંદિરાએ કહ્યું હતું. તો આ મુદ્દે હવે સ્પષ્ટતા થાય એવું અમે ઇચ્છીએ છીએ!'

ગોહિલે જાણીજોઈને ગોળ ગોળ ફેરવી આ વાત પૂછી એટલે ડૉ. હિરેમઠે ડૉ. મંદિરા તરફ જોયું, પણ જવાબ ડૉ. ત્યાગીએ આપ્યો...

'તમને કોઈ ગેરસમજ થતી લાગે છે, ઑફિસર! સલ્લુના ઑપરેશનની ફી ચૂકવવા ડૉ. પાઠકને નાણાંની વ્યવસ્થા કરવા કોઈ સંસ્થાનું નામ સૂચવવાનું કહેવાયું હતું, પણ ડૉ. પાઠકે આ રીતે વ્યવસ્થા કરી હતી!'

'તેમ છતાં મૂળ સવાલ ત્યાં જ ઊભો છે, ડૉક્ટર. ડ્રગ તસ્કર સલ્લુ માટે ડૉ. મંદિરાએ ભલામણ કરી હતી તો તેમની વચ્ચે ઓળખાણ તો હશેને?' બંડગરે વચ્ચે ઝુકાવ્યું.

'ઑફિસર... માઈન્ડ યૉર લૅન્ગ્વેજ! ઓળખાણ એટલે શું?' ડૉ. હિરેમઠ ઊકળ્યા.

'તમારે જે પૂછવું હોય તે સીધેસીધું પૂછો... આમ ફેરવી ફેરવીને સવાલ પૂછવાની જરૂર નથી!' ચીડિયા સ્વભાવની ડૉ. મંદિરાના શબ્દોમાં પણ રોષ હતો.

'મૅડમ... ડ્રગ્સ અને જંગલમાંથી મળેલાં શબનું કનેક્શન જોડવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. ખૂટતી કડી નથી મળતી એટલે આ સવાલજવાબ કરવા પડે છે!' વિદ્યા કડક અવાજે બોલી.

'ડ્રગ્સ સાથે શબ કઈ રીતે જોડાયાં?' ડૉ. હિરેમઠને આશ્ચર્ય થયું.

'શબમાં ડ્રગ્સ ભરીને મુંબઈ બહાર મોકલાતું હતું!'

'હેં!' ત્રણેય ડૉક્ટર આશ્ચર્યમાં ડૂબ્યા.

'આ હવે નવું લાવ્યા તમે! શબની અંદર ડ્રગ્સ ભરીને સ્મગલિંગ!' ડૉ. ત્યાગીએ કહ્યું.

'નવું નથી... લગભગ છ મહિનાથી ચાલતું હતું. સલ્લુના સાથીએ આ માહિતી આપી છે.' બંડગરે જણાવ્યું.

'ઓહ... પણ ઑફિસર, આ બાબતે અમને સાચે જ કંઈ ખબર નથી!' ડૉ. હિરેમઠ બોલ્યા.

'પણ સલ્લુનો સાથી પૂરી માહિતી આપતો નથી, એવું અમને લાગે છે. ડ્રગ્સ વિશે બોલે છે, પણ જંગલમાંથી મળેલી લાશ બાબતે તે હોઠ સીવી લે છે!'

પછી ગોહિલે ડૉક્ટરોનો અભિપ્રાય જાણવા અમસ્તો સવાલ કર્યો: 'ડૉક્ટર, શબમાંથી અવયવ કાઢવાનું શું ચક્કર હશે?'

'કેમ? આ સવાલનો જવાબ ડૉ. માજીવડેએ ન આપ્યો?'

ડૉ. હિરેમઠના સવાલથી ગોહિલ ચોંક્યો. ડૉ. માજીવડે આરે પોલીસ સ્ટેશનમાં આવી ગયા તેની આમને કઈ રીતે ખબર? આ ડૉક્ટરો પોલીસની દરેક હિલચાલ પર નજર રાખતા હોવાની શંકા તેને ગઈ.

'શબમાંથી અમુક અવયવ ગુમ થવા બાબતે તમારું શું માનવું છે એ કહોને, ડૉક્ટર?' ગોહિલે સીધો સવાલ કર્યો.

'કોઈ હેતુસર જ અવયવ કઢાયા હશે એ સ્વાભાવિક છે!'

'આ હેતુની સલ્લુના સાથીને જાણ હશે?'

'એની મને કઈ રીતે ખબર. અમારે ત્યાં પ્રાથમિક ઉપચાર માટે તમારી ટીમ લાવી હતી અને એ પણ ગણતરીના કલાકો માટે... હવે એ તમારી પાસે જ છે તો આ સવાલ એને પૂછો!' ડૉ. હિરેમઠ પણ મુત્સદ્દીથી જવાબ આપતા હતા.

'ડૉક્ટરસાહેબ, ઉપચાર દરમિયાન કોઈએ એને ભણાવીને તો નથી મોકલ્યોને?' ગોહિલે દાણો ચાંપ્યો.

'શું ભણાવીને?'

'એ જ કે પોલીસ સામે કેટલું અને શું બોલવું?' ગોહિલ હવે દુખતી નસ દબાવી રહ્યો હતો. તે જાણતો હતો કે કોઈની પણ ધોરી નસ દબાવો તો તે સહન ન કરી શકે અને એલફેલ બોલી પડે!

'ઑફિસર, મેં પહેલાં જ કહ્યું કે અમારી આમાં કોઈ સંડોવણી નથી... તમે ગમે તે રીતે કાન પકડો, પણ અમારો જવાબ આ જ રહેશે!' ડૉ. હિરમેઠે ચોખ્ખું પરખાવ્યું.

'અને તમે ભણાવવાની વાત કરો છો... અમે કંઈ કર્યું હોત અને અમને કોઈ વાતનો ડર હોત તો ઉપચાર દરમિયાન જ સલ્લુની બોલતી બંધ ન કરી દીધી હોત?'

ગોહિલની તરકીબ કામ કરી ગઈ. ધોરી નસ દબાવવાથી ડૉ. મંદિરાએ જીભ પરનો કાબૂ ગુમાવ્યો.

'મારપીટને કારણે મૃત્યુ પામ્યો હોવાનું દર્શાવીને કેસ હૉસ્પિટલમાં જ પતાવી દીધો હોત!' ડૉ. મંદિરાના આ વાક્યથી કૅબિનમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ... (ક્રમશઃ)■

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ખંજરી	DAGGER
ખંજર	ITCHING
ખંજવાળ	TAMBOURINE
ખડ	ROCK
ખડક	WEED

ઓળખાણ પડી?

ઐતિહાસિક મહત્ત્વ અને ઉજ્જવળ શૈક્ષણિક પરંપરા ધરાવતી નાલંદા યુનિવર્સિટી ભારતના કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવી શકશો?

અ) કેરળ બ) રાજસ્થાન ક) બિહાર ડ) પંજાબ

ગયા વખતનો ઉકેલ

૧ વા	ફ	૨ બા	ર	૩ સ		૪ સ	બ	૫ ડ	૬ કા
૨		વ		૭ મા	૮ ધ	વ		૯ ખો	ળી
૧૦ તા	૧૧ વ	ડી		૧૨ વ	ન	લ	૧૩ તા		ચૌ
	૨		૧૪ સા		૧૫ તે	ત	૨		દ
૧૬ બે	તા	૧૭ લી	સ		૨		૧૮ ક	૧૯ શિ	શ
૨૦ સ	રો	વ	૨		૨૧ સ	૨૨ દ		ળ	
તું		૨૩ ર	વા	જ		૨૪ ઇ	ન્દ્ર	સ	૨૫ ભા
૨૬ વ	૨૭ દ		સ		૨૮ દિ	લ			ઈ
૨૯ ર	વા	૩૦ ની		૩૧ ત	વા	ઇ		૩૨ ગ	બી
૩૩ સ	ત	લ	જ		ળી		૩૪ ય	તી	જ

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧	૨		૩		૪		૫		૫-અ
૬			૭	૮			૯	૧૦	
૧૧				૧૨					
૧૩			૧૪				૧૫		૧૫-અ
	૧૬	૧૭				૧૮		૧૮-અ	
૧૯				૨૦				૨૦-અ	
			૨૧						
૨૨		૨૩		૨૪	૨૫				૨૫-અ
				૨૬				૨૭	
૨૮					૨૯				

આડી ચાવી

૧. દિવાળીમાં --- ફૂટે (૪)
૪. મીઠાઇમાં --- હોય (૩)
૬. એવા શું --- ગ્યા, તા ? (૨)
૭. કેસરી ભાત (૩)
૯. ચલાણું, કંકાવટી (૩)
૧૧. આકર્ષણ (૩)
૧૨. ગધેડાનું બચ્ચું (૩)
૧૩. લડાઇમાં --- રહેવું જરૂરી (૨)
૧૪. ---થી જિંદગી શરૂ થાય (૩)
૧૫. શેખી, વડપણની વાત (૩)
૧૬. પરાયણ, તત્પર (૩)
૧૮અ. પુત્ર (૨)
૧૯. જમીન, વસુંધરા (૩)
૨૦. સીધું, સહેલું (૩)
૨૦અ. પાણી (૨)
૨૧. મારી વેણીમાં--- ફૂલ (૨)
૨૨. બાકી રહેલું, શેષ (જો. છૂ.) (૩)
૨૪. શું એકલા એકલા બબડો છો ? (૪)
૨૬. કિનારો (૨)
૨૭. --- ભાઇ હરખા, આપણે બે સરખા (૨)
૨૮. શિખામણ, ઠપકો, સજા (૪)
૨૯. ભારે આકર્ષક (૫)

ઊભી ચાવી

૧. ધ્રૂજારો, હાલચાલ (૪)
૨. સમય નોંધનાર (૬)
૩. --- આંખ ફરકવી એટલે પુરુષને અશુભ શુકન (૨)
૪. ગમ્મતનો મેળાવડો, સભા (૪)
૫. શંકા (૨)
૫અ. રાત્રિ ભોજન (૨)
૮. દિવાળીમાં બધા --- પૂરે (૩)
૧૦. દિવાળીના દિવસે --- થાય (૬)
૧૪. ચાકડો (૨)
૧૫અ. રડવાના સ્વભાવવાળું (૩)
૧૭. ચણોઠી (૨)
૧૮. --- કોલસો પકડાય નહીં (૪)
૧૯. ધનતેરસે --- થાય (૫)
૨૦. વાક્‌બારસે --- પૂજન થાય (૪)
૨૩. રીત, પદ્ધતિ (૩)
૨૫. ઊનું (૩)
૨૫અ. આય, કમાણી (૩)
૨૭. પવિત્ર, દિવ્ય, એક પ્રકારનો વિવાહ (૨)

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'સુખ - શાંતિની ઉપાસના સાથે કરવી' પંક્તિમાં 'ઉપાસના' શબ્દનો અર્થ જણાવો.

અ) આસ્થા બ) ઈચ્છા ક) આરાધના ડ) કામના

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ONEIROLOGY માટે રુચિ ધરાવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આદત બ) સંખ્યા ક) સપના ડ) વ્યવસાય

માતૃભાષાની મહેક

મહેનત એટલે જોર કે બળ વાપરવું, શ્રમ, પુરુષાર્થ, પરિશ્રમ, જહેમત. માલની ઉત્પત્તિ માટે જે શારીરિક કે માનસિક મહેનત કરવામાં આવે છે તેને મહેનત કહે છે. હદ કરતાં વધારે મહેનત માટે શ્રમ શબ્દ વપરાતો હોવાથી અને શારીરિક મહેનત માટે મજૂરી શબ્દ વપરાતો હોવાથી દરેક પ્રકારની જહેમત માટે મહેનત શબ્દ પસંદ કરવા જેવો છે.

ઈર્શાદ

સમય જાતાં બધું સહેવા હૃદય ટેવાઈ જાય છે,
ગમે તેવું દુઃખી હો પણ જીવન જીવાઈ જાય છે.

-- અમૃત ઘાયલ

માઈન્ડ ગેમ

તીખા તમતમતા મરચા રસોઈમાં રંગત લાવે છે. વિશ્વના કયા દેશમાં મરચાનું સૌથી વધુ ઉત્પાદન થાય છે એ કહી શકશો ખરા?

અ) ઈરાક બ) ચીન
ક) અફઘાનિસ્તાન ડ) બ્રાઝિલ

સુડોકુ-૯૧૨૨

૩			૬		૨			૭
	૮	૫	૩		૭	૨	૧	
	૯			૪			૬	
	૩						૮	
		૧				૪		
	૨						૫	
	૭			૩			૪	
	૫	૩	૪		૧	૯	૨	
૯			૫		૬			૩

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૯૧૨૧

૨	૬	૯	૮	૪	૩	૧	૫	૭
૧	૮	૩	૨	૫	૭	૯	૬	૪
૭	૪	૫	૯	૧	૬	૩	૨	૮
૬	૩	૮	૫	૯	૪	૨	૭	૧
૯	૫	૧	૭	૬	૨	૮	૪	૩
૪	૨	૭	૧	૩	૮	૬	૯	૫
૫	૭	૨	૩	૮	૯	૪	૧	૬
૩	૧	૬	૪	૨	૫	૭	૮	૯
૮	૯	૪	૬	૭	૧	૫	૩	૨

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
બાંક	BENCH
બાંકપન	HAPPINESS
બાધવું	FIGHT
બાળવું	BURN
બાફ	VAPOUR

ઓળખાણ પડી? ભેરવશિંગ

ગુજરાત મોરી મોરી રે વનસ્પતિ

ચતુર આપો જવાબ અર્થ જણાવો હેતુ

માઈન્ડ ગેમ ચીન

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) મહેશ સંઘવી (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિપીન શાહ (૧૫) હર્ષા મહેતા (૧૬) લજિતા ખોના (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) પ્રવીણ વોરા (૧૯) મીનળ કાપડિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ચેતના છેડા (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભરત કજરિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) અરવિંદ કામદાર (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) ડો. પ્રકાશ કટિકાય (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૩) જયવંત પદમશી ચિખલ

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

બીમારીનું કારણ ગ્લેક્સોલ

ગ્લેક્સોલ એ એક કાર્બનિક યોગિક છે, જેનું ઊંચુ પ્રમાણ રોગ કે બીમારીને અતિ સજ્જડ બનાવી દે છે. રોગનું કે બીમારીનું સારું થવું બહુ જ મુશ્કેલ થઈ જાય છે. આખી જિંદગી રોગ કે બીમારી સાથે રહેવું પડે છે. આના કારણ વ્યક્તિ સમજી જાય તો મોટી મુશ્કેલી કે વ્યાધિમાં નીકળી શકે છે. બીમારી શા માટે આવે છે તે સમજવું જરૂરી છે. જાણકારી લગભગ બધાને હોય છે, પણ આચરણમાં નથી આવતું. બીમારી થતાં માણસ ડરી જાય છે, જલદીથી દવાનો સહારો લઈ લે છે. કોઈપણ પ્રકારની દવાથી બીમારી દબાઈ જાય છે. શરીરમાં બહાર જણાતી નથી, પણ શરીરમાં પ્રક્રિયા ચાલુ રહે છે. જેથી એ જટિલ બની જાય છે. અપ્રાકૃતિક કે કેમિકલવાળા ખાદ્ય-પદાર્થ આજે આપણી માટે મોટી સમસ્યા છે. ભૂખ ન હોવા છતાં ખાવું, કોઈ કારણ વગરના ખાદ્ય-પદાર્થ લેવાં, જેમાં કોઈ ફૂડ વેલ્યૂ હોતી નથી. કબજિયાત જેવી સમસ્યા પર ધ્યાન આપવું જેનાં કારણે વ્યાધિઓ વધે છે. કબજિયાતને દવાથી દૂર કરવી કે નુસખા અપનાવવા તે વધુ નુકસાનકારક છે. પરિણામે એસિડિટી વધી જાય છે. જે કબજિયાતને કેન્સર સુધી લઈ જાય છે. શરદી પણ એસિડિટીના કારણે થાય છે. આ બાબત પર લોકો ક્યારેય ધ્યાન દેતાં નથી, દવાઓનો સહારો લે છે અથવા આદું-સૂંઠના કાઢા પીવે છે જે વધુ સમસ્યાઓ સર્જે છે. આગળ જતાં બીમારી વધુ જટિલ બની જાય છે.

બીમારીઓ લગભગ બધી જ (એ.જી.ઈ.) એડવાન્સ ગ્લાયકેસન એન્ડ પ્રોડક્ટના લીધે થાય છે. આના કારણે શરીરમાં ગ્લેકસોલ બને છે. સામાન્ય ભાષામાં વાત કરીએ તો લોહીમાં ઊંચુ સાકરનું પ્રમાણ અને અપૂરતું ઈન્સ્યુલિનના કારણે લોહીમાં એસિડિટી ઉત્પન્ન થાય છે. આને લીધે લોહીમાં ગ્લેક્સોલ બને છે. ગ્લેક્સોલના ઊંચા પ્રમાણને લીધે અનેક જાતની બીમારી થાય છે. જેમ કે હાયપર ગ્લેસેમિયા, ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઈન, રેસ્પિરેટરીના માર્ગમાં તકલીફ, પ્રોટીનનું બગડવું, ધાતુઓનું બગડવું, વિટામિન્સ બગડવા, ડી.એન.એ.માં બદલાવ, સેલની અંદર ખરાબી, હાકડાંમાં દુ:ખાવો, સ્નાયુઓ અક્કડ થવા જેવી બીમારીઓ થાય છે.

ગ્લેકસોલ કેવી રીતે બને છે, જેમ કે સાકર કેરેમલાઈઝ પ્રક્રિયા થઈને ખરાબ થઈ જાય છે. એવું નોન-એન્ઝાઈમ બ્રાઉન પ્રતિક્રિયા જેમકે મિલાર્ડ રિએક્શનના લીધે ગ્લેકસોલની વૃદ્ધિ થાય છે. આને સાદી ભાષામાં સમજીએ તો આલ્કોહોલ જેવા પદાર્થ, ખાદ્ય-પદાર્થમાં બની જાય છે. ચહા, કોફી, ચોકલેટ, બ્લેક ટી, બેવરિજ, ઈન્સ્ટન્ટ કોફી, સોયાસોસ, રોસ્ટેડ બ્રેડ, બ્રેડ ક્રમ્સ, વાઈનના બધા જ પ્રકાર (વાઈન ઘણા ખાદ્ય-પદાર્થ બનાવવામાં વપરાય છે.) ડિપ ફ્રાઈંગ (તેલમાં વારંવાર તળવું), બહારના તળેલા પદાર્થ બધા જ રિફાઈન્ડ તેલમાં બને છે અને વારંવાર તળવામાં આવે છે. ઘણીવાર ઓવનમાં વારંવાર ગરમ પણ કરવામાં આવે છે.

એક જાતનો ધૂમાડો ટ્રાફિકના કારણે થાય છે, જે ગ્લેક્સોલ છે. ઘરમાં વપરાતા હાઉસહોલ્ડ જેવાં કે સ્પ્રે (મચ્છર કે કોકરોચ માટે વપરાતા), ટોઈલેટ ક્લિનર, ફ્રિલાઈલ, દવાઓ બનાવવાની પ્રક્રિયાને કારણે ગ્લેક્સોલ પેદા થાય છે. હમણાં તાજું ઉદાહરણ છે તે કફ સિરપના કારણે બાળકોના મૃત્યુ.

તંદુરસ્ત માણસના શરીરમાં ગ્લેક્સોલનું પ્રમાણ ૦.૨૩થી ૦.૧૩ મિલીલીટર હોય છે. જેમ જેમ આનું પ્રમાણ

બ્લડ પ્લાઝમામાં વધી જાય તેમ તેમ બીમારી આવે છે. યુરેમિક (યુરિક એસિડ)ના દર્દીમાં ગ્લેક્સોલનું પ્રમાણ ૦.૪૦/૦.૧૬ મિલીલીટર એટલે ડબલ હોય છે. ડાયાલિસીસવાળા દર્દીમાં આનું પ્રમાણ ૦.૭૬/૦.૨૦૪ મિલીલીટર જેટલું હોય છે. એટલે કે ત્રણગણું હોય છે. આવી પરિસ્થિતિના કારણે હૃદયની પેશીઓમાં ગ્લેક્સોલ જામી જાય છે. સેલનો આકાર બદલાઈ જાય છે. તેથી લોહીમાં બદલાવ આવે છે. મૂત્રવર્ધકથી બ્લડ કેમિસ્ટ્રી અને કોમ્પોઝીશન બદલાઈ જાય છે. જેના કારણે પ્રોટીન ખોરવાય છે. હિમોગ્લોબિન ખરાબ થાય ત્યારે સીકલ સેલ એનિમિયા જેવી પરિસ્થિતિ થાય છે. ગ્લેક્સોલના કારણે સેલની આકૃતિ બદલાય છે. થેલેસેમિયા જેવા રોગ થાય છે. મારી પ્રેક્ટિસમાં જોયું છે કે દર્દીઓને ચૉકલેટ વધુ ભાવે છે. જે હાનિકારક છે. આજકાલ લોકો બ્લેકબેરીનો ઉપયોગ વધુ કરે છે. કારણ તેમાં એન્ટિ-ઓક્સિડેન્ટ ભરપૂર હોય છે, પણ જે લોકો એન્ટિ-ઓક્સિડેન્ટ વધારવા બ્લેકબેરી જામ ખાય છે જેમાં એનનાઇટ્રોસેમિન્સ જેવા કેમિકલ્સ નખાય છે. જે લીવરનું કેન્સર પેદા કરે છે. બેવરેજિસમાં કેમિકલના કારણે પલ્મોનરી ફાઈબ્રોસીસ પણ થાય છે.

ગ્લેક્સોલના કારણે કિડની ખરાબ થાય છે. જેમાં સોડિયમનું પ્રમાણ વધી જાય છે. સોડિયમ વધી જતાં કોશિકાની બહાર પાણી ઊભરાઈ જાય છે. (કોષોના પાણીને બહાર કાઢે છે.) જેના કારણે તે બહાર ફેલાઈ જાય છે અને સોજા આવી જાય છે. કારણ સોડિયમ અને ગ્લુકોઝ પાણીને પકડી રાખે છે. આના લીધે અનિચ્છનિય પાણીનું પ્રમાણ વધી જાય છે. લોહીમાં પાણીનું પ્રમાણ વધી જાય તેથી પગમાં સોજા જલદી મટતા નથી. તેમ જ બ્લડ-પ્રેશર પણ વધી જાય છે.

ગ્લેક્સોલના કારણે ડાયાબિટીસ વધી જાય છે. ગોળીના સેવનના કારણે ચામડીની નીચે મીણ જેવો ચીકણો પદાર્થ ભરાય છે. કારણ દવા લોહીમાંથી ગ્લુકોઝ કે શુગર ઓછું કરે તે બધા અવયવોમાં ભરાઈ જાય છે. ચામડીની નીચે આવે તો ચામડી ફલફી (સ્પંજ) જેવી થઈ જાય છે. આંખમાં ગ્લુકોઝ વધી જતાં મોતિયો થાય. કિડનીમાં ભરાતા પથરીની સમસ્યા કે ક્રિએટીનાઈન વધી જાય છે, પગમાં ભરાતા ગોઠણનો દુખાવો થાય અથવા પાનીમાં દુ:ખાવો થાય. ઘણીવાર પગ સડી જાય છે. હૃદયમાં જતાં તેની આર્ટરી ખરાબ થાય છે. મગજમાં જતાં ન્યૂરોન તકલીફમાં આવે અને અલ્ઝાઈમર કે ધ્રૂજારી (કંપવાત) જેવી બીમારી થાય છે.

ગ્લેક્સોલ થવાનું કારણ કેમિકલયુક્ત આહાર, વધુ પ્રોસેસ થયેલી ખાદ્ય-વસ્તુઓ જેવી કે ચોકલેટ. ચોકલેટમાં કેમિકલ નાખી વધુ ઉચ્ચ તાપમાનથી બનાવવામાં આવે છે. તેમાં રહેલા કેમિકલ થાયરોમાઈન અને સાલસોલીનીન આ બે કેમિકલના કારણે કોષો નાશ પામે છે. બ્લડપ્રેશર ત્રીસ જેટલું વધી જાય છે. આ ઓક્ટામાનીનનું સ્ટ્રક્ચર જે સાયનિક નલિકામાં આવેલું છે તેમાં અવરોધ પેદા કરે છે. આ ચેતાકોષોની જાળનું સ્ટ્રક્ચર બગાડી નાખે છે. જેથી માઈગ્રેન, માથું દુખવું કે સાયકોન્યૂરોલોજિક તકલીફનો સમૂહ પેદા કરે છે.

સાલસોલીનીનના કારણે કોષોનું મરણ થાય છે કે મૃત પામે છે. જેના કારણે ડોપામાયનાજિક થાય છે. અને કંપવાતનો રોગ થાય છે. સ્પષ્ટ રીતે સાલસોલીનીન એ ન્યૂરોટોક્સિક છે. આ યુરિનની બીમારીની દવામાં પણ વપરાય છે. ન્યૂરોન્સ કોશિકા મૃત પામે છે અને ડી.એન.એ. ક્ષતિવાળા થઈ જાય છે.

આનંદમાઈડ આ કેમિકલ એ ખુશીનો અણુ છે આ પ્રાકૃતિકરૂપથી શરીરના ન્યૂરોટ્રાન્સમીટર છે જે એન્ડોક્રેનાબિનોઈડ સિસ્ટમને સક્રિય કરે છે. જેનાથી આનંદની લાગણી થાય છે. બહારથી આ કેમિકલ ચોકલેટમાં નાખવામાં આવે છે. જેના કારણે નશા જેવું થાય છે. આ આનંદમાઈડ એક લિપિક મધ્યસ્થ છે, જે હાર્ટને અને હાડકાના સ્નાયુને ખરાબ રીતે અસર કરે છે. સંવેદનાના આવરણને નુકસાન કરે છે, જેના કારણે વાઈના હુમલા આવે છે. આ કેમિકલના કારણે આલ્કોહોલ, ચરસગાંજા જેવો નશો થાય છે. નશાકારક અનૂભૂતિને કારણે ચોકલેટ વધુ ખવાય છે.

એડવર્ટાઈઝર્સ અને સ્પોન્સર્સ કે મેન્યુફેક્ચરર વગેરે ચૉકલેટના ગુણધર્મો બતાવે છે. જેનાથી લોકોને લલચાવી રાખે છે. આવી રીતે ન લલચાશો. ચૉકલેટ એ બીન્સ અને કોફેનના પાંદડામાંથી બને છે. બન્નેના પ્લાંટ એક જ હોય છે, જે નશાકારક છે.

ચૉકલેટ બધી જ પ્રકારના કોલ્ડ્રિંક, બહારના ફરસાણ, બેકરીની બધી જ પ્રોડક્ટ્સ, ફેન્સી ખોરાક, આઈસક્રીમ, જામ, સોસીસ, ગ્રીલફૂડ, મિઠાઈઓ એ બધુ લાંબી પ્રોસેસથી બને છે, જેના કારણે તે ટોક્સિક બને છે. શરીરની પ્રણાલી બગાડી નાખે છે. શરીર બગડતા દવાઓ જે ઉચ્ચ તાપમાન અને કેમિકલથી બને છે. જેના કારણે શરીરમાં એક પ્રકારનો કાદવ (ગ્લેક્સોલ) બને છે, જે જ્યાં ભરાય ત્યાંનો રોગ થાય છે. આના કારણે કેટલી દવાઓ કે ઉપચાર કામ નથી આવતા. દર્દી કોઈ દિવસ સાજો નથી થવાનો તે દર્દી જ રહેવાનો.

દિવાળીમાં ચોકલેટના ડબ્બા આપતા વિચારજો. ખાવા યોગ્ય છે કે નહીં.

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

કાલથી કેલેન્ડર સિવાય શું બદલાશે?

'હે વ્હાલી વાંચક મંડળી, જાણતા - અજાણતા આ વર્ષ દરમિયાન, મારા વર્તનથી તમારા હૈયાને ઠેસ પહોચી હોય, તમારું દિલ દુભાવ્યું હોય તોતો શું? તો આ બધા માટે આ વર્ષે પણ તૈયાર રહેજો, કારણ કે કેલેન્ડર બદલાયું છે પણ હું- મારા વિચારો કે વર્તન નઈ બદલાય... બોલો જયહિન્દ...!

-ને મારા બકા-બકીઓ, તમને લાગે કે તમે બદલાયા છો તોએ તમારો ભ્રમ છે. તમે ઘરના છો એટલે કહી દઉં કે શરીર ચાલે છે એટલું મગજ નથી ચાલતું, ને મગજ નથી ચાલતુ એટલે બુદ્ધિ નથી ચાલતી... મારી જ બુદ્ધિની ખાનગી વાત જાહેર કરું તો કેટકેટલી કાળજી રાખવા છતાં જે વાત માત્ર ને માત્ર મને ને ઈશ્વર સિવાય કોઈને ખબર નથી કે મારામાં બુદ્ધિનો છાંટોય નથી એ ગંભીર વાત કોણે લીક કરી?

મારો અંતરાત્મા થોડો કકળ્યો, વધુ કકળે એ પહેલા એવી વાત કાને અથડાઈ કે 'કુવામાં હોય તો હવાડામાં આવેને?' મા-બાપને 'કુવો' ને મને 'હવેડો' કહેતા તમારી જીભ કચરાઈ કેમ ન ગઈ?. ધીસ ઇઝ ધ બીગ ઈન્સલ્ટ ઓફ માય પ્રોજ્યુસર આઈ મીન મા-બાપ. આને કહેવાય ઘોર અપમાન ને ઘોર કળીયુગની શરૂઆત. મારી ખચકે કે નઈ?... ને પેલો ઈશ્વર તો અહીં મોકલતા પહેલા કાનમાં બોલેલો 'જો બકા, મારી પાસેના જથ્થાબંધ બુદ્ધિના સ્ટોકમાંથી સૌથી વધુ સ્ટોક હું લોકલ ટ્રેનની ભીડની જેમ તારા મગજમાં ફીટ્ટમફીટ ભરું છું. હું પાછો બોલાવું ત્યાં સુધી સંભાળીને વાપરજે.'

આટલું સાંભળતા જ સુભાષ મોગેમ્બો ખુશ હુઆ. મેં કીધુ 'આભાર' પણ બકા, તારે કોઈને કેવાનું નઈ કે મને સૌથી વધુ બુદ્ધિ આપી છે. ઓકે? જાઓ, ફતેહ કરો' ને બંદા ધબાક કરતા નીચે...'

અહીં ટપક્યા પછી પ્રચંડ આઘાત એ લાગ્યો કે સાલું ઈશ્વરીયાએ આવું તો બધાને કીધું છે. આપણને લાગી ના આવે?. ઈશ્વર થઈ આવી છેતરપિંડી? તું તો માણસ છે કે ઈશ્વર?..હવે જેમ સુખ અને શાંતિ કે લાગણીઓ ક્યાંય વેચાતી મળતી નથી. એમ બુદ્ધિ પણ ક્યાં મળે છે? મને અલ્પબુદ્ધિનું દુ:ખ નથી, પણ વાત લીક થઇ એનું છે.. મેં તો ચંબુ પ્લમ્બરને કીધું 'ચપ્પા ચપ્પા છાન મારો કે મારામાં બુદ્ધિ નથી એ લીકેજ જો તું શોધી આપે તો મારા બાપુના સમ ખાઈને કહું છું તારા બાપુજીને ભલે તું માથે પડ્યો પણ એમની બીમારીનો ખર્ચ મારે માથે ને ટપકી પડે તો કારજનો ખર્ચ મારે માથે ને એ પછી પણ એમની પાપતિથિ....સોરી, પુણ્યતિથિનો ખર્ચ હું ઉઠાવવા..'

'સ્ટોપ ઇટ ...બસ કરો ખબરદાર, જો હવે આગળ બોલ્યા તો.. આ મારા એકના એક લાડકા પિતાનું હડહડતું અપમાન છે આઈ કાન્ટ ટોયલેટ સોરી... .. ટોલરેટ' ચંબુની ખોપરીમાંનું મગજ ભોંય ચકરડીની જેમ ચકરચકર ફરવા લાગ્યું.:

'શર્મ આવે છે પણ અંકલ, હું આપને માનપૂર્વક કહી દઉં કે અંકલ આપ પોતે જ અક્કલમઠ્ઠા છો, બુધ્ધું છો, બુદ્ધિના લઠ્ઠ છો આવા ખતરનાક ઘટિયા વિચારોથી તમે પોતે જ બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે એ લીક કરો છો.'

'અલ્યા ભાઈ કબૂલ કે હું બુદ્ધિનો બારદાન છું, બુદ્ધિનો બળદિયો છું, આખલો છું, ગાય છું, ભેંસ છું... તમે જે ગણો એ બધું જ છું, સૌથી ઓછી બુદ્ધિનો એવાર્ડ મને મળે એ પણ કબૂલ, પણ અંતરથી વિચારો કે તમે બધા ક્યાં બિરબલના અવતાર છો...! મારામાં બુદ્ધિનો છાંટોય નથી તો તમેં ભેજામાં કયા બુદ્ધિના ઘડા ભરીને બેઠા છો ? અરે ચંબુ, બીજાની ક્યાં માંડુ પણ આ મારા જ ઘરનો દાખલો જો... મારી ચંપાકલી બોલી : 'સુભુ, તમે બધા કહો છો કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ. પણ યુ આર ટોટલી રોંગ. આ બાજુ આવો રસોડામાં...' પછી એકે બરણી બતાવી બોલી : 'વાંચો...'

સાકરની બરણી ઉપર મીઠું ને મીઠાની બરણી ઉપર સાકરનું લેબલ જોઈ હું ચમક્યો. 'જોઈ લે, સુભુ આનું નામ બુદ્ધિ, હવે કીડીઓ નઈ ચડે' કેમ જાણે કીડીઓ વાંચીને ચડવાની હોય'!

'અરે મારી મા, નઈ ચડે નઈ ઓલરેડી ચડી ગઈ છે.' મેં કીડીઓનું ઝુંડ બતાવ્યું. તો બોલી :

'અરે એ અભણ કીડીઓ ચડી ગઈ હશે...'

ત્યાં અચાનક ટેબલ ઉપરથી ધડામ કરતી ભમ થઈ ગઈ.

'વાગ્યું તો નથી ને?' મેં પૂછ્યું

'પગની પાનીમાં જરા મચકોડ આવી લાગે છે'

'તો તો હેમરેજના ચાન્સ ખરા' આખી વાતની ચોખવટ નથી કરતો... બીકોઝ યુ આર બુદ્ધિશાળી'

સાહેબ, આમ તો આખું જગત બુદ્ધુ હોવા છતાં પોતાને બુદ્ધિશાળી સમજે છે. હવે મને સાચું કહેવા દો 'ખુદને કહેતા ન ચાલી હિંમત કે બુદ્ધુ છું એટલે કહી દીધું કે લોકો છે બુદ્ધુ ને હું બુદ્ધિશાળી...

ચલો કબૂલ કે તમે બુદ્ધિશાળી પણ એનો સદુપયોગ કર્યો? સાચું બોલજો ધનતેરસે લક્ષ્મીની છબીની પૂજા કરી પણ પેલી પુત્રવધૂ બની આવેલી લક્ષ્મીનો આદર કર્યો? કાળી ચૌદશે સિરિયલના કકળાટની ચિંતા, પણ ઘરનો કકળાટ કાઢ્યો? દિવાળીમાં આંગણે કોડિયાના દીપક પ્રગટાવશું પણ આ શરીરના કોડિયામાં અંધારું છે એનું શું ? આ બધું સમજાય તો નવું વર્ષ... બાકી શરીરની દીવાલ પર આયુષ્યનું કેલેન્ડર ટીંગાડીને બેઠા છીએ ને રોજ રોજ બદલાતી તારીખ એક દિવસ કેલેન્ડર જ બદલી નાખે છે...

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

આયુર્વેદમાં શોધનકર્મને પંચકર્મ કહે છે

શોધનકર્મ

(૧) શોધનકર્મ એટલે શું?

જેમ આપણે જળ વડે ધોઈને કે કપડાથી લૂછીને શરીરની બહારની સપાટી સાફ કરીએ છીએ તેવી રીતે શરીરની અંદરનાં અવયવોને સાફ કરવાની પદ્ધતિ યોગમાં વિકસી છે. આ માટે ભિન્ન ભિન્ન ક્રિયાઓ પ્રયોજવામાં આવે છે. આ ક્રિયાઓને શોધનકર્મ કહેવાય છે. યોગમાં શરીરનું આંતરિક શોધન કરવામાં ચાર સાધનોનો ઉપયોગ થાય છે. પાણી, વસ્ત્ર કે દોરી, હવા અને શરીર ચાલન, બસ્તિ, વારિસાર, જલનેતિ વગેરેમાં પાણીનો ઉપયોગ થાય છે. ધૌતિમાં વસ્ત્ર અને સૂત્રનેતિમાં સૂતરની દોરી વપરાય છે. કપાલભાતિમાં હવાથી શોધન થાય છે. નૌલિ કે અગ્નિસારમાં-કોઈ બાહ્ય સાધનોનો ઉપયોગ થતો નથી, પરંતુ માત્ર શરીરનાં અવયવોના ચાલન દ્વારા જ શોધન થાય છે. ત્રાટકમાં માત્ર આંખની સ્થિર સ્થિતિ દ્વારા શોધન કરવામાં આવે છે.

(૨) શોધનકર્મનું યોગમાં સ્થાનઃ

૧. યોગમાં નાડીશોધનને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. નાડીશોધન કર્યા વિના પ્રાણાયામ કે અંતરંગયોગનો અભ્યાસ કરનાર સાધક જોખમ વહોરી લે છે. આ નાડીશોધન માટે શોધનકર્મનું મૂલ્યવાન પ્રદાન છે. યોગમાં નાડીશોધન (અનુલોમવિલોમ) નામનો એક ખાસ પ્રાણાયામ છે જેનાથી સાધન નાડીશોધન સિદ્ધ કરે છે. એક પરંપરા નાડીશોધન માટે માત્ર નાડીશોધન પ્રાણાયામને પર્યાપ્ત માને છે, પરંતુ બીજી પરંપરા મુજબ નાડીશોધન માટે આ પ્રાણાયામ ઉપરાંત શોધન કર્મોથી શરીરનું શોધન કરવું આવશ્યક છે.

૨. જ્યાં સુધી શરીરમાં વાત, પિત્ત અને કફજન્ય દોષ હોય ત્યાં સુધી યોગાભ્યાસ કઠિન અને જોખમી છે. એટલે પહેલા ત્રિદોષજન્ય રોગોનું નિવારણ આવશ્યક છે. આ કાર્ય શોધનકર્મોથી સારી રીતે થઈ શકે છે.

૩. ધાતુ સામ્ય એ ચિત્તની સમ અવસ્થા માટેનું આવશ્યક સોપાન છે. ધાતુ સામ્ય વિના ચિત્તવૃત્તિ નિરોધ દુષ્કર છે. આ ધાતુ સામ્ય સિદ્ધ કરવા માટે શોધનકર્મોનું પ્રદાન મૂલ્યવાન છે.

૪. યોગાભ્યાસ દરમિયાન સાધક ક્યારેક વ્યાધિઓનો ભોગ થઈ પડે તેવી શક્યતાઓ છે. આ વખતે જાણકારની સલાહ પ્રમાણે શોધનકર્મો દ્વારા તે રોગનિવારણ કરી આ રીતે આપણે કહી શકીએ કે શોધનકર્મ સાક્ષાત્ યોગ સાધન નથી, પરંતુ એક મૂલ્યવાન સહાયક સાધન છે.

(૩) યૌગિક શોધનકર્મોનું વિશિષ્ટ સ્વરૂપઃ

આયુર્વેદમાં શોધનકર્મોને પંચકર્મ કહે છે. બસ્તિ, વમન, વિરેચન, સ્નેહન અને સ્વેદન-આ પાંચ આયુર્વેદના શોધનકર્મો છે. યૌગિક શોધનકર્મ અને આયુર્વેદના પંચકર્મમાં કેટલીક ભિન્નતાઓ રહે છે.

૧. આયુર્વેદિક શોધનકર્મમાં સામાન્યતઃ ઔષધિનો ઉપયોગ થાય છે. જ્યારે યૌગિક શોધનકર્મમાં ઔષધિનો ઉપયોગ નથી.

૨. આયુર્વેદમાં શોધનકર્મનો હેતુ રોગનિવારણ કે શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ છે. યૌગિક શોધનકર્મ તેથી આગળ વધીને નાડીશોધન અને આખરે આધ્યાત્મિક વિકાસને દૃષ્ટિ સમક્ષ રાખે છે. એટલે યૌગિક શોધનકર્મનો હેતુ વધારે સૂક્ષ્મ અને વધારે વ્યાપક છે.

૩. આયુર્વેદિક શોધનકર્મના પ્રમાણમાં યૌગિક શોધનકર્મના સ્વરૂપ અને સંખ્યા બંને દૃષ્ટિએ વિકાસ થયો છે. ઘેરંડ સંહિતામાં એકવીશ શોધનકર્મોનું વર્ણન છે.

૪. આયુર્વેદિક શોધનકર્મો કરતાં યૌગિક શોધનકર્મો વધુ કઠિન છે. આયુર્વેદમાં શોધનકર્મો દરદીઓ માટે છે. જ્યારે યૌગિક શોધનકર્મો સાધક માટે છે.

૫. યૌગિક શોધનકર્મનું મૂલ્ય આયુર્વેદિક શોધનકર્મ કરતાં વધુ છે.

૬. જે શોધનકર્મ બંનેમાં સમાન છે. તેમના સ્વરૂપમાં બંનેમાં ભિન્નતા છે. દા.ત. આયુર્વેદમાં બસ્તિ કરવા માટે પાણીને બહારના દબાણથી અંદર પસાર કરવામાં આવે છે. જ્યારે યૌગિક બસ્તિમાં નૌલિકર્મ દ્વારા પાણીને અંદર ખેંચવામાં આવે છે. આયુર્વેદિક વિરેચનમાં ઔષધિ પ્રયોગથી રેચન કર્મ થાય છે. યૌગિક પદ્ધતિમાં નૌલિ, ઉડ્ડિયાન અને આસનોના પ્રયોગથી જ વિરેચન સિદ્ધ કરવામાં આવે છે.

(૪) યૌગિક શોધનકર્મોનું વર્ગીકરણઃ

(૧) કપાલભાતિઃ

i કપાલભાતિ

ii વ્યુત્ક્રમ કપાલભાતિ

iii શીત્ક્રમ કપાલભાતિ

(૨) નૌલિ

(૩) ત્રાટક

(૪) નેતિ- i જલનેતિ, ii સૂત્રનેતિ

(૫) બસ્તિઃ i જલબસ્તિ, ii શુષ્ક બસ્તિ

(૬) ધૌતિ-(અ) અંતર્ધૌતિ

i વાતસાર, ii વારિસાર, iii અગ્નિસાર

(બ) હ્રાદધૌતિ

i દંડધૌતિ, ii વમનધૌતિ, iii ગજકરણી

iv બાધી ક્રિયા, v વસ્ત્રધૌતિ, vi વાયુભક્ષણ

(ક) મૂલશોધન

(૭) દંડધૌતિ-

i દંતમૂલ શોધન, ii કર્ણશોધન

iii જીહ્વામૂલ શોધન

iv કપાલરન્ધ્ર શોધન

૧. કપાલભાતિ

(૧) નામઃ કપાલ એટલે મસ્તક અને ભાતિ એટલે પ્રકાશિત કરે છે. કપાલભાતિના અભ્યાસથી ચહેરા પર તેજ આવે છે. તેથી તેને કપાલભાતિ કહે છે.

(૨) યોગશાસ્ત્રમાં ઉલ્લેખઃ હઠપ્રદીપિકામાં સ્વાત્મારામ કપાલભાતિનું જે સ્વરૂપ વર્ણવે છે તે સ્વરૂપ પ્રમાણે આપણે અહીં કપાલભાતિની પદ્ધતિ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

भ्रस्त्रावल्लोहकारस्य रेच पुरौ ससंभ्रमौ ।
कपालभाति विख्याता कफदोष शोषणी ।।

'લુહારની ધમણની જેમ તીવ્ર ગતિથી રેચક-પૂરક કરવાથી કપાલભાતિ થાય છે. તે કફદોષનો નાશ કરનારી છે.' ઘેરંડ સંહિતામાં શીત્ક્રમ કપાલભાતિ અને વ્યુત્ક્રમ કપાલભાતિ એવા બે વિશેષ પ્રકારોનું વર્ણન છે.

પ્રાણાયામ માટે ઉપયુક્ત એવું આસન કપાલભાતિ માટે પણ ઉપયુક્ત છે. એટલે કે કુશાસન પર મૃગચર્મ કે ઊનનું આસન પાથરી તેના પર સુતરાઉ સફેદ કાપડ પાથરી આસન બનાવવું. તેમ શક્ય ન હોય તો ગડી વાળેલો કામળો પણ ચાલી શકે.

કપાલભાતિમાં અભ્યાસ વખતે પદ્માસનમાં બેસવું તે સૌથી ઉત્તમ છે, કારણ કે કપાલભાતિ શ્વાસોચ્છ્વાસની તીવ્ર ક્રિયા છે. બીજું આસન આ તીવ્રતાને કારણે છૂટી જાય તેવી શક્યતા છે. પદ્માસનમાં આવું જોખમ નથી. જેઓ પદ્માસનમાં ન બેસી શકે તેઓ બીજા અનુકૂળ ધ્યાનોપયોગી આસનમાં બેસી શકે છે. આસન ધારણ કર્યા પછી હાથની ગોઠવણી કપાલભાતિમાં વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. બંને હાથને ઢીંચણ પર હથેળી રાખી દૃઢતાપૂર્વક ગોઠવો. શરીર સહેજ આગળ નમાવો, હાથ ઢીંચણ પર દબાવીને રાખો. આટલું કરવાથી આસન દૃઢ થશે, જે કપાલભાતિ માટે આવશ્યક છે. કમરથી ઉપરનું શરીર મસ્તક સહિત સીધી રેખામાં રાખો જેથી શ્વસનક્રિયામાં અવરોધ ન થાય.

(૪) પદ્ધતિઃ કપાલભાતિ શોધનકર્મ છે; પ્રાણાયામ નથી. છતાં એ શ્વાસોચ્છ્વાસની એક ક્રિયા છે. તેથી ઘણી બાબતમાં તેની પ્રાણાયામ સાથે સમાનતા છે અને ઘણી બાબતમાં ભિન્નતા પણ છે.

૧. કપાલભાતિમાં ઝડપથી રેચક-પૂરક કરવાના હોય છે. કુંભકને કપાલભાતિમાં સ્થાન નથી.

૨. આ ઝડપ કપાલભાતિની આખરી અવસ્થામાં એક સેકંડે બે રેચક-પૂરકની આટલી ઝડપ રાખવાની નથી. ધીમે ધીમે વધારતાં આટલી ઝડપે પહોંચવાનું છે.

૩. કપાલભાતિ દરમિયાન છાતીનું હલનચલન કરવાનું નથી. છાતી સ્થિર રહેશે. ઉદરપટલ અને પેટના હલનચલનથી રેચક-પૂરક થશે. મુખ્યતઃ નાભિથી નીચેના પેટનું હલનચલન થશે. નાભિથી ઉપરના પેટનો ભાગ પ્રમાણમાં ઓછો ચાલશે.

૪. કપાલભાતિનો પ્રારંભ રેચકથી અને અંત પૂરકથી કરવો.

૫. રેચક સક્રિય, ઝડપથી અને ઝટકા સાથે કરવાનો છે. પૂરક પ્રમાણમાં સક્રિય, ધીમેધીમે અને આપોઆપ થાય છે.

૬. રેચક સાથે પેટ ઝટકા સાથે અંદર આવશે ઉદરપટલ ઉપર જશે. પૂરક સાથે પેટ આયાસ વિના સ્વાભાવિક રીતે બહાર આવશે અને ઉદરપટલ નીચે જશે.

૭. કપાલભાતિ દરમિયાન શ્વસનમાર્ગને પૂરેપૂરો ખુલ્લો રાખવો. પ્રાણાયામની જેમ શ્વસનમાર્ગને આંશિક રીતે બંધ કરવાનો નથી. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

પ્રોટીન તથા ફાઈબરનો ખજાનો ધરાવતા મઠ...

દિવાળીના દિવસોમાં સોથી વધુ ગુજરાતીના ઘરમાં ખવાતું કોઈ ફરસાણ હોય તો તે છે, મઠિયા તથા ચોળાફળી કેમ બરાબરને! મઠિયા દિવાળીના દિવસોમાં ખાવાનો આનંદ તેમ જ તૃપ્તિ અલગ હોય છે. મઠિયા ભલે તેલમાં તળીને બનાવવામાં આવતાં હોય, પરંતુ તે અન્ય ફરસાણની સરખામણીમાં તેલ ઘણું જ ઓછું પીએ છે. તેથી બહારના ફરસાણ કરતાં ઘરે બનાવેલાં કે તૈયાર મળતાં મઠિયાને ઘરે લાવીને તળવા વધુ હિતાવહ છે.

કઠોળ ખાવાની વાત આવે ત્યારે મોટે ભાગે લાલ-લીલા ચણા, સફેદ કાબુલી ચણા કે મગનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો હોય છે. મગ જેવા જ સ્વાસ્થ્યવર્ધક મઠ છે.

મઠમાં પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો છે. વળી મઠને બાફીને તેનું પાણી અનેક બીમારીમાં ફાયદાકારક ગણાય છે. પ્રોટીન, ફાઈબર, આયર્ન, કૅલ્શિયમ જેવાં પોષક તત્ત્વોનો ખજાનો ધરાવે છે. ફણગાવેલાં મગની સાથે મઠ ભેળવીને ખાઈ શકાય છે. ફણગાવેલાં મઠ તથા ચણા-વટાણાને બાફીને મહારાષ્ટ્રમાં ખાસ પ્રકારનું સ્વાદિષ્ટ 'ઉસળ' 'વડાપાંઉ' જેટલું જ લોકપ્રિય ગણાય છે.

તેથી હવે દિવાળીમાં મનભરીને મઠિયા ખાઈ લીધા બાદ શિયાળામાં આખા મઠ કે મઠની દાળનો ઉપયોગ આહારમાં અચૂક કરવા જેવો છે.

મઠના સ્વાસ્થ્યવર્ધક ગુણો જાણી લો...

ઍનિમિયાની તકલીફથી બચાવે છે : મઠમાં આયર્નની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. આયર્ન શરીરમાં લાલ રક્તકણોને વધારવામાં મદદ કરે છે, આયર્નની ઊણપ હોવાને કારણે વ્યક્તિમાં નબળાઈ આવી જતી હોય છે. સ્વભાવ ચીડિયો બની જાય છે. તેમાં સુધારો થવા લાગે છે.

લોહીમાં શર્કરાને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ : મઠની દાળમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. ફાઈબર શરીરમાં શર્કરાનું અવશોષણ ધીમું કરી દેતું હોય છે. જેથી લોહીમાં શર્કરાનું પ્રમાણ જળવાઈ રહે છે. મઠનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે જેથી લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે. ડાયાબિટીસ તથા ઈન્સ્યુલિન વધુ હોય તેમને માટે ઉત્તમ ગણાય છે. વળી હાડકાંને મજબૂત બનાવવામાં મદદરૂપ બને છે. રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ફાઈબરયુક્ત આહાર વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.

વજનને ઘટાડવામાં મદદરૂપ : મઠમાં કૅલરીની માત્રા ઓછી હોય છે. પ્રોટીન તથા ફાઈબર ભરપૂર પ્રમાણમાં સમાયેલાં હોય છે. જે વજન ઘટાડવામાં મદદ કરે છે. દિવાળીમાં મઠિયા તથા મીઠાઈ ખાઈને વધેલું વજન ઘટાડવું હોય તો મઠનો આહારમાં દિવાળી બાદ પણ વિવિધ રીતે ઉપયોગ કરવો જોઈએ. ફાઈબરયુક્ત આહાર લેવાથી વ્યક્તિને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. તેથી વારંવાર ખાવાની ટેવ ઓછી થવા લાગે છે. જે વજનને ઘટાડવામાં મદદ કરે છે. મસલ માસને વધારવાની સાથે મેટાબોલિક રેટ વધારે છે.

કબજિયાતમાં ગુણકારી : કસમયે ભોજન-કસમયની ઊંઘ શરીરનાં વિવિધ અવયવોને ધીમે ધીમે નુકસાન પહોંચાડતી હોય છે. જે લાંબે ગાળે મોટી વ્યાધિને આમંત્રે છે. મઠમાં ફાઈબરની માત્રા વધુ હોવાથી તેનો આહારમાં ઉપયોગ કબજિયાતની તકલીફથી છુટકારો અપાવવામાં મદદ કરે છે. ત્વચા વિકારથી બચાવે છે.

શરીરનાં ઝેરીલાં તત્ત્વોને દૂર કરવામાં લાભકારી: ફણગાવેલાં મઠ કે મઠનું પાણી પીવાથી શરીરમાં પાણીની માત્રા જળવાઈ રહે છે. શરીરમાં રહેલાં ઝેરીલાં પદાર્થને બહાર ફેંકવામાં મદદ કરે છે. કિડનીનું કાર્ય સુચારૂ રીતે થાય તેની કાળજી લે છે. યુરિનરી સિસ્ટમની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ફાયદાકારક : મઠમાં ઝિંક તથા વિટામિન સી જેવાં પોષક તત્ત્વો સમાયેલાં છે. તેથી મઠનો આહારમાં સમાવેશ કરવાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ મળે છે.

હૃદયની તંદુરસ્તી માટે લાભકારી : મઠનું સેવન કરવાથી વ્યક્તિનું બ્લડ પ્રેશર નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. જેને કારણે હૃદય ઉપર વધુ બોજો વધતો નથી. જે લાંબે ગાળે હૃદયની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે. તેનું મુખ્ય કારણ મઠમાં વિટામિન બી હોય છે. જે હાઈ કૉલેસ્ટ્રોલના સ્તરને તેમજ બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ઍન્ટિ-એઈજિંગના ગુણ સમાયેલાં હોવાને કારણે ત્વચાની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે,. મઠના સેવનથી પેટની અનેક તકલીફમાં લાભ મળે છે. વૈજ્ઞાનિકો અનુસાર મઠમાં રહેલું ઝિંક ઍન્ટિ-ઓક્સિડન્ટનું કામ કરે છે. તેમજ ઑક્સિડેટિવ સ્ટ્રેસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. માનસિક તાણની સાથે જીવનમાં વધુ પડતી વ્યસ્તતા હોય તેમણે નિયમિત મઠનું વિવિધ રીતે સેવન કરવું જોઈએ. મઠની સાથે અન્ય ઝિંકયુક્ત ખાદ્યપદાર્થોનું સેવન કરવાથી વ્યક્તિ શરીરમાં ઊર્જાનો અનુભવ કરે છે.

મઠનું ઉત્પાદન એશિયાઈ દેશો જેવા કે ભારત, ચીન, પાકિસ્તાન, શ્રીલંકામાં મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. ભારતમાં મઠની ખેતી મુખ્યત્વે રાજસ્થાનમાં થાય છે. જે દેશના કુલ ક્ષેત્રફળના ૮૬ ટકા જેવી છે. ભારતમાં મઠની ખેતી ૧૩.૧૯ લાખ હૅક્ટર ક્ષેત્રમાં થાય છે. તે સૂકા પાકમાં ગણાય છે. ગરમ તથા સૂકા વાતાવરણમાં તેનો પાક વધુ મળે છે. તેથી ઉત્તર-પશ્ચિમી રણ પ્રદેશમાં તેનો પાક મોટા પ્રમાણમાં જોવા મળે છે. રાજ્યોની વાત કરીએ તો રાજસ્થાન મઠના ઉત્પાદનમાં સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે. અન્ય રાજ્યોમાં ગુજરાત, હરિયાણા, મહારાષ્ટ્ર ગણાવી શકાય. ઓછાં ઉત્પાદક રાજ્યોમાં પંજાબ, જમ્મુ-કાશ્મીર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ ગણાવી શકાય. કુલ ઉત્પાદકતાની વાત કરીએ તો ૧૩૩ કિલોગ્રામ પ્રતિહૅક્ટર જોવા મળે છે. મઠનો ઉપયોગ આયુર્વેદમાં ખાસ લાભકારક ગણાય છે. ધાર્મિક કાર્યો કે સારા પ્રસંગે મઠ ખાવાની પ્રથા ભારતના અનેક રાજ્યોમાં પ્રથા જોવા મળે છે. મઠ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોવાથી જ દિવાળીના તહેવારમાં ખાસ મઠિયા બનાવીને ખાવાનો રિવાજ ગુજરાતમાં જોવા મળે છે.

મઠને બનાવવાની વિવિધ રીતો જોવા મળે છે. લીલા મઠમાંથી તેના બીજ કાઢીને તેનું શાક બનાવી શકાય છે. દાળમાં ભેળવીને કે લીલા મઠને ઉકાળીને તેની ફળીને આછા માખણ કે ઘીમાં સાંતળીને ખાઈ શકાય છે. મઠને રાત્રે પાણીમાં પલાળીને તેને ફણગાવ્યા બાદ સલાડ તરીકે અથવા કાચા ખાઈ શકાય છે. રાત્રિભર પાણીમાં પલાળ્યા બાદ તેને મીઠાના પાણીમાં ઉકાળીને ચોખા કે બાજરી ભેળવીને તેની ખીચડી બનાવીને ખાઈ શકાય છે. આખા મઠને પાણીમાં પલાળ્યા બાદ તેને બાફીને તેનો સૂપ બનાવી શકાય છે. મઠનો ઉપયોગ પુલાવ બનાવવામાં કરી શકાય છે.

વળી સૌથી સ્વાદિષ્ટ મઠનો લોટ બનાવીને તેના મઠિયાનો આસ્વાદ માણવાની મજા જરા હટકે છે. તો દિવાળીના દિવસોમાં મઠિયાનો આસ્વાદ માણી લીધા બાદ મઠનો ઉપયોગ વિવિધ રીતે વર્ષભર કરવાથી તમારી તંદુરસ્તી તેમજ તમારો સ્વાદ બંને જળવાઈ રહેશે. ■

જાડા મઠિયા

સામગ્રી : ૫૦૦ ગ્રામ મઠિયાનો તાજો લોટ, ૨૫ ગ્રામ તેલ, ૧ નાની ચમચી હાથેથી મસળેલો અજમો, ૧ ચમચી અધકચરાં ખાંડેલાં તલ, ૨ ચમચી લાલ મરચું, ૫૦ ગ્રામ ખાંડ, સ્વાદાનુસાર હિંગ તેમજ મીઠું. તળવા માટે તેલ, જરૂર મુજબ પાણી

બનાવવાની રીત : સૌ પ્રથમ એક કથરોટમાં લોટ ચાળીને લેવો. તેમાં મુઠ્ઠી પડતું મોણ નાખવું. લાલ મરચું, તલ, અજમો, હિંગ ભેળવીને સ્વાદાનુસાર મીઠું ઉમેરવું. ખાંડને ૧ વાટકી પાણીમાં ગરમ કરીને ઓગાળી લેવી. પાણી ઠંડું થાય ત્યારબાદ ધીમે ધીમે આવશ્યકતા મુજબ ખાંડવાળું પાણી ઉમેરવું. લોટ કઠણ ભાખરી જેવો બાંધવો. લોટ બંધાઈ ગયા બાદ તેને મૂસળીથી ૫-૭ મિનિટ કૂટી લેવો. જેથી તે મુલાયમ બની જશે. હવે એક સરખાં ગુલ્લાં ચાકુ કે દોરીની મદદથી બનાવી લેવાં. મઠિયાં એક સરખાં વણી લેવાં અથવાં પૂરી બનાવવાના મશીનમાં દબાવીને એક સરખાં તૈયાર કરવાં. મઠિયાં વણાંતા જાય તેમ તરત જ મધ્યમ આંચ ઉપર તળી લેવાં. બહુ સૂકવવાં નહીં. એક વખત જાડા મઠિયા બનાવી જોજો. નાના-મોટાં સૌને મઠિયાંનો સ્વાદ દાઢે વળગશે તેની ગેરેંટી. ઓછા તેલમાં વધુ બનતાં સ્વાદિષ્ટ જાડા મઠિયાં બાળકાને લંચબૉકસમાં ભરી આપવામાં તેમ જ મુસાફરીમાં ખાવાની મઝા જરા હટકે આવશે.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

આત્માની બારી આંખઃ
આંખને પજવતી અમુક બીમારી...

સર્જનહારે આપણી કાયાને અનેક અંગ-અવયવ આપ્યાં છે. એ દરેક એક યા બીજી રીતે આપણા શરીર માટે ઉપયોગી છે. એમાંથી આંખ આપણા માટે કેટલી ઉપયોગી છે એ વિશે આપણે અહીં ગયા અઠવાડિયે જોઈ ગયા. આંખની કેમ સંભાળ રાખવી એ વિશે પણ આપણે જાણ્યું. આજે જાણીએ આંખની પજવતી કેટલીક બીમારી કે તકલીફો વિશે, જેમકે...

આંખ આવવી

આંખો આવવાનાં મુખ્ય કારણો અને તેનાં લક્ષણ :

બેકટેરિયાના રોગ

* ચેપી
* આંખોમાંથી ચીપડા, પરું નીકળવું
* એક આંખમાંથી બીજી આંખમાં ચેપ ફેલાઇ શકે છે

વાઇરસનો ચેપ

* ખૂબ જ ચેપી
* આંખોમાંથી પાણી પડવું.
* એક આંખમાંથી બીજી આંખમાં ચેપ ફેલાઇ શકે છે

એલર્જી

* ચેપી નથી
* નાક બંધ થઇ જવું, છીંકો આવવી.
* આંખોનો નીચેનો ભાગ વધુ લાલ થવો.
* ધૂળ, માટી, શેમ્પુ, કેમિકલ વગેરેની એલર્જીનાં કારણો

આંખો આવવાના ત્રણે પ્રકારના સામાન્ય લક્ષણ

* આંખો લાલ થઇ જવી અને ખંજવાળ આવવી.
* આંખોથી ધૂંધળું-આછું દેખાવું.
* આંખોમાંથી પાણી આવવું અને આંખો દુઃખવી
* તડકામાં કે અતિ પ્રકાશમાં આંખો અંજાઇ આવી

આવે વખતે શું સાવધાની રાખવી?

* ઉપરોકત કોઇ પણ કારણોસર આંખો આવી હોય ત્યારે પથી છ દિવસમાં આપોઆપ રાહત થઇ જાય છે. માટે તેને વધુ ગંભીર ન લેતા, ધીરજ રાખવી, તેમ છતાં વધુ દુઃખાવો થાય કે પસ નીકળે તો ચિકિત્સક પાસે જઇ યોગ્ય સારવાર લેવી.
* આંખો આવી હોય ત્યારે કોન્ટેક્ટ લેન્સ ન પહેરવા.
* હાથ ધોયા વિના આંખના કોઇ પણ ભાગને સ્પર્શ ન કરવો.
* દર્દીની સામે સીધી નજરે ન જોવું. તેનાથી ચેપ લાગી શકે છે.
* દર્દીએ આંખોમાંથી નીકળતા પાણી કે પરુને સાફ કરવા વાપરેલ કપડાને ગરમ પાણીમાં ધોઇ, શકય હોય તો ઇસ્ત્રી કરીને વાપરવા. જેથી કપડાં દ્વારા અન્યને ચેપ ન ફેલાય. તે કપડાં શકય હોય ત્યાં સુધી અન્ય વ્યક્તિઓએ વાપરવા નહીં.
* શકય હોય તો આંખોને આરામ મળે તથા બીજાને ચેપ ન લાગે તે માટે ગોગલ્સ, સાદા ચશ્માં પહેરી રાખવા.
* ભારે પ્રકાશવાળા પદાર્થો તરફ કે સૂર્યગ્રહણ આંખો વડે જોવું નહીં.
* ૮-૧૦ કલાક સતત પુસ્તક વાચન કરવું કે ટી.વી. અથવા કોમ્પ્યુટર પર કામ કરવું નુકસાનરકારક છે.

આંખો આવી હોય તેના ઉપચાર

૧) ત્રિફળાનો ઉકાળો કરી ગાળી તેનાં ટીપાં આંખમાં નાખવાં તથા ત્રિફળા ચૂર્ણ ૧ ચમચી મધ અને ઘીમાં લેવું.
૨) મોટી હરડે તથા ફટકડીનો ઝીણો પાઉડર કરી શુદ્ધ પાણીમાં ટીપાં બનાવી નાખવાં.
૩) ગુલાબ જળના અથવા કોથમીરના રસના ટીપાં આંખમાં નાખવાં.
૪) સરગવાના પાનનો રસ મધમાં મેળવીને આંજવો.
૫) એક ચમચીનો ચોથો ભાગ મધ અને ચોથો ભાગ પાણી બંને ભેગું કરીને ૨-૨ ટીપાં સવાર-સાંજ આંખોમાં આંજવા.
૬) આંખો ઉપર હૂંફાળા અથવા ઠંડા પાણીનો શેક કરવો.
૭) આંખમાં દિવેલ આંજવું.

આંજણી

* આંજણી : પાંપણની ઉપર બહાર કે અંદર લાલ ઉપસેલો નાના દાણા જેવો ભાગ, કે જે જોવામાં ખીલ કે ગૂમડાં જેવો લાગે. તે પરુથી ભરેલ હોય છે અને તે ઘણીવાર પોતાની રીતે અઠવાડિયામાં મટી જાય છે.

આંજણીના ઉપચાર

૧) દિવસમાં ૨થી ૩ વાર કપડાને હુંફાળા પાણીમાં બોળી-નીચોવીને તેનો બંધ આંખ ઉપર પાંચ મિનિટ શેક કરવો. શેક કર્યા બાદ આંજણી ઉપર દિવેલ લગાવવાથી ખૂબ જ રાહત મળે છે.
૨) જયાં આંજણી થઇ હોય ત્યાં કુંવારપાઠાનું લાબરું દિવસમાં ૪થી ૫ વાર, ૨૦-૨૦ મિનિટ સુધી લગાવી રાખવું.
૩) બેથી ૩ ચમચી હળદરને પાણીમાં ૧૦ મિનિટ ઉકાળી, તેને ગાળીને તે પાણી દ્વારા આંજણી થયેલ આંખને ધોવી.
૪) એક ગ્લાસ ગરમ દૂધમાં હળદર નાખી સૂતાં પહેલાં પીવું.
૫) એક ચમચી આખા ધાણાને પાણીમાં ૧૦ મિનિટ ઉકાળી, તેને ગાળીને તે પાણી દ્વારા આંજણી થયેલ આંખને ધોવી.
૬) મરી અથવા એલચીના દાણાને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલ્દી પાકીને ફૂટી જાય છે.
૭) આંખમાં આંજણી થાય ત્યારે આંબાના લીલા પાનના રસનું ટીપું આંજણી પર લગાડવું.
૮) ચણોઠીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લગાડવા.

આંખમાં બળતરા કે લાલશ



એનાં કારણ :

* કમ્પ્યુટર સ્ક્રીન કે ટી. વી. સામે લાંબો સમય સુધી એકધારુ જોઇ રહેવાથી.
* વધુ પડતા ઉજાગરા કરવાથી.
* લાંબા સમય સુધી સતત વાંચવાની આદત હોવાથી.
* વધુ પડતી ગરમીનું સેવન કરવાથી.
* શરીરમાં થાકનો અનુભવ થવાથી.
* ધૂળ, માટી, પરાગરજ, અત્તર, શેમ્પુ, કેમિકલ વગેરેની એલર્જી હોવાથી.
* વધુ મસાલેદાર કે ગરમ ખોરાક ખાવાની ટેવથી.

બળતરા કે લાલાશનો ઉપચાર

૧) ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળીને સવારે ગાળીને તે પાણી આંખોમાં છાંટવાથી આંખોની બળતરા અને લાલાશ દૂર થાય છે.
૨) ગુલાબજળનાં ટીપાં આંખોમાં સવાર-સાંજ નાખવાં.
૩) આંબળાના પાણીથી આંખો ધોવી.
૪) આંખમાં ઘી આંજવાથી આંખની લાલાશ દૂર થાય છે.
૫) રોજ તાજું માખણ ખાવાથી અથવા આંખની અંદર અને બહાર લગાડવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.
૬) ધાણા, વરિયાળી અને સાકર સરખે ભાગે લઇ તેનું ચૂર્ણ બનાવી રોજ જમ્યા પછી લેવાથી આંખની બળતરા, આંખમાંથી પાણી પડવું, આંખ લાલ રહેવી, આંખે અંધારા આવવા જેવાં દર્દો મટે છે.
૭) કાકડી કે બટાટાને ફ્રીજમાં અડધો કલાક મૂકીને તેની ચીર કરી આંખો ઉપર મૂકવાથી આંખોને ખૂબ જ ઠંડક થાય છે, અને આંખો ખેંચાતી બંધ થાય છે.
૮) ધાણાને પાણીમાં પલાળી રાખી સવારે મસળી તે પાણીને ગાળી તેનાથી આંખો ધોવી.
૯) દૂધીનું છીણ કરી, તેની નાની પોટલી કરી આંખો બંધ કરી તેના ઉપર વારંવાર મૂકવી.
૧૦) ચમચી ધાણાનું ચૂર્ણ અને ૧ ચમચી સાકર, ઘી સાથે સવાર-સાંજ લેવું. ■

feedback@bombaysamachar.com
ફોકસ
વિવેક કુમાર

ધારીએ તો નાની જગ્યામાં પણ સાધન વગર કસરત કરી શકાય

હાલના સમયમાં બધા જ પોતાના કામના હિસાબે વ્યસ્ત હોય છે. એ પછી વર્ક ફ્રોમ હોમ હોય, ઓફિસનું બિઝી સ્કેડ્યુલ હોય કે પછી કોઈ બિઝનેસ મીટિંગ હોય. તમારું નાનું ઘર હોય કે વધારે પડતા ગર્મી અને વરસાદને કારણે જો ઘરની બહાર નીકળવાની ઈચ્છા ન થતી હોય તો તમે ઘરની અંદર રહીને પણ તમારા કસરતના રુટિનને બ્રેક આપ્યા વગર પણ કરી શકો.

દોરડા કૂદવાઃ દોરડા કૂદવા એ એક એવી કસરત છે જ્યાં તમારા આખા શરીરની ઊર્જામાં વૃધ્ધિ થાય છે. દોરડા કૂદવાથી જલદીથી પરસેવો થાય છે. આમાં ઘરની બહાર જવાની જરૂર જ નથી. માત્ર એક રસ્સીની મદદ વડે આ કસરત ઘરમાં રહીને જ થઈ શકે.

જંપ સ્કવોટ્સઃ સૌથી નાની જગ્યામાં પણ જંપ સ્કવોટ્સ થઈ શકે. આ કસરતમાં તમારા પગને તમારા શોલ્ડરની પહોળાઈમાં રાખી ઊભા રહેવાનું હોય છે. છાતીને બહાર રાખવી. તમારા હીપ્સ પર ઝૂકીને તમારા ઘૂંટણને વાળવા અને તમારા શરીરને સ્કવોટ પોઝિશનમાં નીચે કરવું અને પીઠ સીધી રાખવી.

પુશઅપ્સઃ આ એક એવું વ્યાયામ છે જેના માટે કોઈ ખાસ ઉપકરણની જરૂર નથી. આ કસરત છાતીની માંસપેશીઓની મજબૂતી આપે છે. આ કસરતમાં માથું નીચે નાખી સૂવું, હાથની હથેળી નીચે તરફ રાખવી અને શોલ્ડરની પહોળાઈ જેટલું અંતર રાખવું. ત્યાર બાદ પોતાના હાથ અને પગના તળિયા પર પોતાનો ભાર આપતા પોતાના બાવડાઓથી પોતાના શરીરને ધીરે ધીરે ઊંચકવું. પંજાને આગળ રાખવા અને ગોઠણ વાળવા, હાથને ૯૦ ડિગ્રીમાં વાળી જમીનને સમાંતર રાખવા અને પછી પોતાના હાથને આગળની તરફ ધકેલીને સીધા કરવા. આ કસરત ૧૫ વખત કરવી.

માઉન્ટેન ક્લાઈબર્સઃ જો તમે જોરદાર કાર્ડિયો વર્કઆઉટ કરવા માગો છો તો માઉન્ટેન ક્લાઈબર્સ એક સારી એક્સરસાઈઝ છે. આ કસરત કરવા માટે સૌથી પહેલા પુશઅપ્સની પોઝિશનમાં આવવું. ત્યારબાદ પગને દાદરા ચડતા હોય તે રીતે કરવા. આ કસરત લગભગ ૧ મિનિટ સુધી કરવી વચ્ચે ૩૦ સેકન્ડનો બ્રેક લઈ ફરી પાછું કરવું.

સુપરમેનઃ આ કસરત ખૂબ જ જલ્દી રિઝલ્ટ આપવાવાળો વ્યાયામ છે જે શરીરને મજબૂત બનાવે છે. આ કસરત માટે ચટાઈ પર મોઢું ઊંધુ રાખી સૂઈ જવું અને પોતાના હાથ માથાની ઉપર રાખવા. ત્યાર બાદ જમણા હાથ અને ડાબા પગને જમીનથી લગભગ ૪ કે ૫ ઈંચ જેટલા ૫ સેકન્ડ સુધી ઉપર રાખવા. ત્યાર બાદ ડાબા હાથ અને જમણા પગને હવામાં ૫ સેકન્ડ સુધી રાખવા.

બટ કિક્સઃ બટ કિક્સ એટલે કે, એક જ જગ્યા પર દોડવું. આમાં ગોઠણને ઉપર લેવા કરતાં એડીઓને પાછળની સાઈડ ઉપાડવાની હોય છે. આ કસરતમાં હાથને બગલમાં જ રાખવા. તમને ફાવે તેમ કસરતની ઝડપ વધારવી. ■

ૐ ધનપ્રદાયૈ નમો નમઃ

દિવાળી નિમિત્તે લક્ષ્મી પૂજનનું મહત્ત્વ ઘણું છે ત્યારે મુંબઈના પ્રખ્યાત મહાલક્ષ્મી મંદિરે સોમવારે દિવાળીના દિવસે ભક્તોની ભીડ જામી હતી. (અમય ખરાડે)

દિવાળીમાં મુંબઈમાં પ્રદૂષણનું પ્રમાણ વધ્યું: હવાની ગુણવત્તા કથળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બરોબર દિવાળીના સમયે હવાની ગુણવત્તા ઘસરી ગઈ છે. સોમવારના સવારના મોટા પ્રમાણમાં વાતાવરણમાં પ્રદૂષણ જણાઈ આવ્યું હતું અને વિઝિબિલિટી પણ ઘણી ઓછી હતી. સવારના મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૧૮૭ નોંધાયો હતો, જે ૧૦ ઑક્ટોબરના ચોમાસા વિદાય પછીનો સૌથી ખરાબ રહ્યો હતો. મોડી સાંજના પણ મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૧૮૯ નોંધાયો હતો.

મુંબઈમાં હજી શિયાળાના આગમનને સમય હોઈ હાલ મુંબઈગરા ઓક્ટોબર હિટનો અનુભવ કરી રહ્યા છે પણ એ પહેલા જ મુંબઈમાં વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધી જતા હવાની ગુણવત્તા ઘસરી ગઈ છે. નિષ્ણાતોના કહેવા મુજબ દિવાળીના તહેવાર દરમ્યાન ફટાકડા ફોડવાનું પ્રમાણ વધવાની સાથે જ હાલ મુંબઈમાં મોટા પ્રાણમાં રિડેવલપમેન્ટના કામની સાથે જ અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ ચાલી રહ્યા છે, તેને કારણે વાતાવરણમાં ધૂળ સહિત પ્રદૂષણનું પ્રમાણ વધી ગયું છે.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ સોમવારે મુંબઈમાં સવારના સમયમાં હવાની ગુણવત્તામાં ભારે ઘટાડો નોંધાયો હતો. મુંબઈમાં હાલ ૨૪ જગ્યાએ મૂકવામાં આવેલા એક્યુઆઈ મોનિટરિંગ સ્ટેશનમાંથી નવ જગ્યાએ એક્યુઆઈ ખરાબ અને અત્યંત ખરાબ શ્રેણીમાં નોંધાયો હતો.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ સવારના સમયમાં બાન્દ્રા-કુર્લા કૉમ્પલેક્સમાં એક્યુઆઈ ૩૩૪ નોંધાયો હતો. કોલાબા-નેવી નગરમાં ૨૭૪, દેવનારમાં ૨૬૮, વિલેપાર્લેમાં ૨૬૪, અંધેરી પૂર્વમાં ૨૫૭, મઝગાવંમાં ૨૪૦, બાન્દ્રા (પૂર્વ)-ખેરવાડીમાં ૨૩૮, મલાડમાં ૨૧૪ અને વરલીમાં ૨૦૧ જેટલો ઊંચો એક્યુઆઈ નોંધાયો હતો. તો સાંજના ચાર વાગ્યાની

(જુઓ પાનું ૪) ▶▶

દિવાળીમાં આકરી ઑક્ટોબર હીટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ છેલ્લા ચાર દિવસથી સતત રાજ્યમાં સૌથી ગરમ શહેર તરીકે નોંધાઈ રહ્યું છે. છેલ્લા થોડા દિવસથી તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યો છે. સોમવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૫.૯ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં ગયા અઠવાડિયાથી ગરમીનું પ્રમાણ વધી ગયું છે. મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનમાં પણ વધારો નોંધાયો છે. ગયા શુક્રવારે મુંબઈમાં ૩૭ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયા બાદ શનિવારે ૩૫.૫ ડિગ્રી અને રવિવારે ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતું. સોમવારે ફરી ગરમીમાં થોડા વધારો જણાયો હતો.

દિવસ દરમ્યાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૧ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી અને લઘુતમ ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે મુંબઈમાં હજી થોડા દિવસ તાપમાનનો પારો ઊંચો રહેશે એવી શક્યતા વ્યક્ત કરી છે. ■

દિવાળી બોનસથી પાલિકા પર ૨૮૫ કરોડ રૂપિયાનો બોજો

પાંચ વર્ષમાં બોનસની રકમમાં ૧૦૦ ટકાનો વધારો

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓને આ વર્ષે દિવાળી બોનસ રૂ. ૩૧,૦૦૦ આપવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓના બોનસમાં ૧૦૦ ટકાનો વધારો થયો છે. ચૂંટણીઓ અને રાજકીય હસ્તક્ષેપને કારણે કામદારોને ભારે બોનસ આપવાની પ્રથા સામાન્ય બની ગઈ છે, અને આ વર્ષે, આ બોનસને કારણે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની તિજોરી પર રૂ. ૨૮૫ કરોડનો બોજ પડ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકામાં ૯૦,૦૦૦ થી વધુ કર્મચારીઓ છે. ૨૦૨૦ માં, મુંબઈ મહાનગરપાલિકાના કર્મચારીઓને ૧૫,૫૦૦ રૂપિયાનું બોનસ આપવામાં આવતું હતું. ત્યાં સુધી, દર વર્ષે બોનસમાં ૫૦૦ રૂપિયાનો વધારો થતો હતો. જોકે, છેલ્લા પાંચ વર્ષમાં, બોનસની રકમ ૧૦૦ ટકા વધી છે અને આ વર્ષે, કર્મચારીઓને ૩૧,૦૦૦

(જુઓ પાનું ૪) ▶▶

બોગસ વિજ્ઞાની પાસેથી ૧૪ નકશા અને ન્યૂક્લિયર બૉમ્બની માહિતી મળી આવી!

ઑફિશિયલ સિક્રેટ ઍક્ટ હેઠળ હુસેનીની અગાઉ યુપી પોલીસે ધરપકડ કરી હતી

મુંબઈ: ભારતીય ન્યૂક્લિયર સિક્રેટ્સ વેચવાના આરોપસર દુબઈ પોલીસે પકડીને ૨૦૦૪માં ભારતમાં ડિપોર્ટ કરેલો આરોપી અખ્તર હુસેની વારંવાર આવા પ્રકારનો ગુનો આચરતો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. અગાઉ યુપી પોલીસે પણ તેની ધરપકડ કરી હતી. યુપીના મેરઠમાં કંકરખેડા પોલીસ સ્ટેશનમાં તેની સામે સરકાર વિરુદ્ધ યુદ્ધ છેડવું, સરકાર વિરુદ્ધ દ્વેષભાવ, તિરસ્કાર અને અસંતોષ નિર્માણ કરવા સહિત ઑફિશિયલ સિક્રેટ ઍક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. એ

(જુઓ પાનું ૪) ▶▶

મોબાઈલ ફોનમાં વાંધાજનક દસ્તાવેજો મળ્યા: અંધેરીની દુકાનમાંથી પ્રિન્ટઆઉટ કઢાવ્યા: બીએઆરસીમાં પ્રવેશ્યો હતો કે કેમ તેની તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)નો વિજ્ઞાની હોવાનો દાવો કરનારા શકમંદના ઘરની તપાસમાં પોલીસને મળેલા દસ્તાવેજોથી પોલીસને પણ આંચકો લાગ્યો હતો. આરોપી પાસેથી અતિસંવેદનશીલ અને પ્રતિબંધિત પરિસરના ૧૪ નકશા અને ન્યૂક્લિયર બૉમ્બની માહિતી સંબંધી દસ્તાવેજો મળી આવ્યા હતા. તેના મોબાઈલ ફોનમાં પણ વાંધાજનક દસ્તાવેજો સ્ટોર કરી રાખવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ની માહિતીને આધારે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ છેલ્લા અમુક દિવસોથી બીએઆરસીના કથિત વિજ્ઞાની અખ્તર કુતુબુદ્દીન હુસેની પર નજર રાખી રહી હતી. તપાસ દરમિયાન મળેલા પુરાવાને આધારે ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટે (સીઆઈયુ) શુક્રવારે હુસેનીની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી અતિસંવેદનશીલ

(જુઓ પાનું ૪) ▶▶

બનાવટી કોર્ટ અને સુનાવણીથી વૃદ્ધા સાથે ૩.૭૧ કરોડનું સાયબર ફ્રોડ

મુંબઈ: સીબીઆઈના અધિકારીના સ્વાંગમાં મની લોન્ડરિંગના કેસમાં સંડોવણીનું બહાનું કરીને સાયબર ઠગોએ અંધેરીની વૃદ્ધા પાસેથી ખાસ્સા ૩.૭૧ કરોડ રૂપિયા પડાવ્યા હતા. વૃદ્ધાને છેતરવા માટે આરોપીઓએ બનાવટી કોર્ટ રૂમ તૈયાર કરીને સુનાવણી પણ કરી હતી.

અંધેરીમાં રહેતી ૬૮ વર્ષની વૃદ્ધાની ફરિયાદને આધારે વેસ્ટ રિજન સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદીને ૧૮ ઑગસ્ટના રોજ વિજય પૉલ નામની વ્યક્તિએ કૉલ કર્યો હતો અને કોલાબા પોલીસ સ્ટેશનના અધિકારીને વાત કરવાની હોવાનું જણાવ્યું હતું.

પછી વૉટ્સઍપ પર વીડિયો કૉલ કરી સીબીઆઈના અધિકારીના સ્વાંગમાં આરોપીએ વાત કરી હતી. મની લોન્ડરિંગના કેસમાં સંડોવણી હોવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું. ફરિયાદીના આધાર કાર્ડનો ઉપયોગ કરીને બૅન્કમાં ખાતું ખોલવામાં આવ્યું છે અને તેમાં છ કરોડ રૂપિયાના ગેરકાયદે વ્યવહાર થયા હોવાનું જુઠ્ઠાણું આરોપીએ ચલાવ્યું હતું.

ડિજિટલ અરેસ્ટનો ડર બતાવી વીડિયો કૉલ સામે કોર્ટ રૂમ પણ ઊભી કરાઈ હતી. કોર્ટમાં જજથી માંડીને વકીલોની હાજરી હતી. સુનાવણી પૂરી કરીને કાર્યવાહી ટાળવાને નામે ફરિયાદી પાસેથી નાણાં પડાવવામાં આવ્યા હતા. વિવિધ બૅન્ક ખાતાંમાં ૩.૭૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરિયાદીને ફરજ પડાઈ હતી. બાદમાં ફરિયાદી પાસે વધુ નાણાંની માગણી કરવામાં આવતાં તેમને શંકા ગઈ હતી. પોતે છેતરાઈ હોવાનું જણાતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.■

યશ વિઠ્ઠલ ખોટ

કફ પરેડની ચાલીમાં લાગેલી આગમાં કિશોરનું મોત અને ત્રણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના કફ પરેડમાં મચ્છીમાર નગરમાં આવેલી એક ચાલમાં સોમવારે વહેલી સવારે લાગેલી આગમાં ૧૫ વર્ષના સગીરનું મૃત્યુ થયું હતું, તો અન્ય ત્રણ જખમી થયા હતા.

કફ પરેડમાં શિવશક્તિ નગરમાં કેપ્ટન પ્રકાશ પેંઠે માર્ગ પર મચ્છીમાર નગર ત્રણમાં સોમવારે સવારના ૪.૧૫ વાગે આગ ફાટી નીકળી હતી. આગ ખામીયુક્ત વાયરિંગને કારણે લાગી હોવાની શંકા છે, જેને કારણે ઈલેક્ટ્રિક વાહનની બેટરી ફાટી ગઈ હતી, જેમાં ગ્રાઉન્ડ પ્લસ વન સ્ટ્રક્ટચરના પહેલા માળે સૂતા ચાર પીડિતોને ગંભીર ઈજા પહોંચી હતી.

જખમીઓને નજીકની સેન્ટ જ્યોર્જ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં સારવાર અગાઉ જ ૧૫ વર્ષના યશ વિઠ્ઠલ ખોટને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અન્ય જખમીમાં ૩૦ વર્ષનો દેવેન્દ્ર ચૌધરી, ૧૩ વર્ષનો વિરાજ ખોટ અને ૨૫ વર્ષના સંગ્રામ કુર્નેનો સમાવેશ થાય છે. જખમીઓ પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જેમાં દેવેન્દ્ર ચૌધરી પર આઈસીયુમાં હોઈ તેની હાલત ગંભીર છે. તો અન્ય બેની હાલત સ્થિર છે.

ચાલીના પહેલા માળા પર ૧૦ બાય ૧૦ ફૂટની જગ્યામાં લાગેલી આગમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈન્સ્ટોલેશન, ત્રણ ઈલેક્ટ્રિક વેહિકલ બેટરી સહિત

(જુઓ પાનું ૪) ▶▶

વિપક્ષી લવિંગિયા અને સુરસરિયાંને મહાયુતિનો એટમ બોમ્બ ઉડાવી દેશે

મુંબઈ: વિપક્ષ હવે ગમે તેટલા લવિંગિયા અને સુરસુરિયાં ફોડે, અમે તેના પર ધ્યાન આપતા પણ નથી. કારણ કે અમારી મહાયુતિ પાસે એટમ બોમ્બ છે અને જો તે ફૂટશે તો વિપક્ષનું રાજકીય અસ્તિત્વ ફૂંકાઈ જશે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ થાણેમાં જણાવ્યું હતું. મહારાષ્ટ્રના લોકો મહાયુતિ સાથે મજબૂતીથી ઉભા છે, જેના કારણે અમે આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવીશું.

થાણેના રાહેજા ગાર્ડનમાં આયોજિત 'દિવાળી પહાટ' કાર્યક્રમ બાદ શિંદેએ પત્રકારો સાથે વાત કરી હતી. વિપક્ષ દરરોજ આરોપોના નવા નવા ફટાકડા ફોડે છે, પરંતુ તેમના ખાલી લવિંગિયાની કોઈ અસર થશે નહીં. અમે અમારા કામના એટમ બોમ્બથી મહારાષ્ટ્રને પ્રકાશિત કરીશું અને વિપક્ષની ધૂળ ઉડાવીશું, એમ શિંદેએ કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે અમારું ધ્યાન અત્યારે વિકાસ પર છે અને વિપક્ષનું કામ ફક્ત આરોપો અને ટીકા કરવાનું છે.

થાણેના યુવાનો જે ઉત્સાહ અને આનંદ જુએ છે. મહારાષ્ટ્રનું ભવિષ્ય એ જ છે. આ પરંપરા આનંદ દિઘેએ સ્થાપી હતી અને અમે તેને આગળ લઈ જઈ રહ્યા છીએ, એમ શિંદેએ કહ્યું હતું. ગોપાલકાલા, ગણેશોત્સવ, નવરાત્રી, દશેરા, દિવાળી, થાણેનો દરેક તહેવાર શક્તિ પ્રદર્શન છે. થાણેકર મારો પરિવાર છે. તેમણે કહ્યું કે હું તેમના આશીર્વાદથી મુખ્ય પ્રધાન બન્યો હતો. આજે મને આનંદ દિઘે અને બાળાસાહેબ ઠાકરે યાદ આવી રહ્યા છે. બાળાસાહેબ થાણેને પ્રેમ કરતા હતા, દિઘે સાહેબે થાણેમાં પાર્ટીનો વિકાસ કર્યો. એટલા માટે થાણેને તહેવારોની પંઢરી કહેવામાં આવે છે, એમ તેમણે કહ્યું.

ખેડૂતોના દુઃખને સમજવું એ આપણી સંસ્કૃતિ છે

જ્યારે ખેડૂતો સંકટમાં હોય છે, ત્યારે શિવસેના અને મહાયુતિ સરકાર તેમની સાથે ઉભી રહે છે. અમે અમારું વચન પાળ્યું છે. સહાયના પૈસા સીધા ખેડૂતોના ખાતામાં પહોંચે છે. વાહનવ્યવહાર ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે ધારાશિવ જિલ્લામાં આ પૂરમાં જેમની ગાયો તણાઈ ગઈ હતી તેમને ૧૦૧ દૂધાળી ગાયો આપવાનો નિર્ણય લીધો છે. કારણ કે ખેડૂતોના દુઃખને સમજવું એ આપણી સંસ્કૃતિ છે, એમ શિંદેએ કહ્યું હતું.

મોદી-શાહના કારણે મદદ

પૂરની પરિસ્થિતિ દરમિયાન કેન્દ્રએ ઘણી મદદ કરી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તક્ષેપને કારણે આ શક્ય બન્યું. આપણે ફરીથી વિધાનસભા ચૂંટણી બહુમતીથી જીતીશું. રાજ્યના ખેડૂતો, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો બધાને મહાયુતિમાં વિશ્વાસ છે. આપણે કામ કરીએ છીએ અને લોકો મતપેટી દ્વારા તેનો જવાબ આપે છે, એમ શિંદેએ જણાવ્યું હતું.

વિપક્ષને હાર દેખાવા લાગી છે

વિપક્ષને હવે હાર દેખાવા લાગી છે, તેથી તેઓ ચૂંટણી પંચ, ઈવીએમ, મહાયુતિ અને આપણા પર દોષારોપણ કરે છે. સુપ્રીમ કોર્ટમાં અરજી હોવાથી ચૂંટણી થઈ શકી નથી. તેના માટે આપણે જવાબદાર નથી, એમ પણ શિંદેએ સ્પષ્ટ કર્યું હતું.

તો એટમ બોમ્બ ફૂટશે

વિપક્ષ ચૂંટણી ન કરાવવા વિનંતી કરી રહ્યો છે. કારણ કે તેઓ જાણે છે. તેમણે એવી પણ ટીકા કરી હતી કે જો ચૂંટણી યોજાશે તો મહાયુતિનો અણુ બોમ્બ સીધો તેમની ખુરશી નીચે ફૂટશે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિપક્ષની બેવડી ભૂમિકા

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે વિપક્ષની 'બેવડી ભૂમિકા' માટે ટીકા કરી હતી, અને કહ્યું હતું કે શરૂઆતમાં તેઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પ્રાથમિકતાને ધોરણ યોજવાની માગણી કરી હતી, પરંતુ હવે કથિત વિસંગતીઓનું કારણ આપીને તેને મુલતવી રાખવાની માગણી કરી રહી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, વિપક્ષને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં 'હાર'નો ડર છે, તેમણે ઉમેર્યું હતું કે ભાજપ, શિવસેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ કરતી શાસક મહાયુતિ ચૂંટણીમાં સ્પષ્ટ વિજય મેળવશે.

તેમણે અધિકારીઓને એવી વિનંતી કરી હતી કે તેઓ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થનારી ગ્રામીણ અને નાગરી સંસ્થાઓની ચૂંટણીઓ યોજતા પહેલા મતદાર યાદીઓમાં 'સુધારણા' કરે અને 'વિસંગતીઓ' દૂર કરે.

'વિપક્ષ પોતે પ્રાથમિકતા પર ચૂંટણીઓ યોજવાનો આગ્રહ રાખી રહ્યો હતો, અને જ્યારે તે યોજાવાની છે, ત્યારે વિપક્ષ ઇચ્છે છે કે તે મુલતવી રાખવામાં આવે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે શાસક મહાયુતિની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ભૂતકાળની સફળતાનું પુનરાવર્તન કરવાની ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

'જ્યાં સુધી નાગરિકો મહાયુતિ સાથે રહેશે, ત્યાં સુધી કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં,' એમ પણ તેમણે જણાવ્યું હતું. ■

'આત્મહત્યા કરવાને બદલે, એકાદ વિધાનસભ્યને કાપી નાખો'

બચ્ચુ કડુના નિવેદનથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ

મુંબઈ: બુલઢાણા જિલ્લાના પાતુર્ડા ગામમાં રાજ્યવ્યાપી ખેડૂત અધિકાર પરિષદ યોજાઈ હતી. આ પરિષદમાં પ્રહાર જનશક્તિ પક્ષના સ્થાપક અને અપક્ષ વિધાનસભ્ય બચ્ચુ કડુએ ખેડૂતોને આત્મહત્યા કરવાથી દૂર રાખવા ખળભળજનક નિવેદન આપ્યું છે.

રાજ્યમાં કૃષિ ક્ષેત્રના સંકટ અને ખેડુતોની વધતી આત્મહત્યા અંગે આકરી ભાષામાં વાત કરતી વખતે બચ્ચુ કડુએ હાજર લોકોને સંબોધિત કરતા કહ્યું હતું કે અરે, આત્મહત્યા કરવાને બદલે, એકાદ વિધાનસભ્યને કાપી નાખો.

બચ્ચુ કડુના નિવેદનને પગલે હવે

(જુઓ પાનું ૪) ▶▶

શનિવારવાડામાં નમાજનો વિવાદ: મહાયુતિમાં વિખવાદ એનસીપીના નેતાએ મેધા કુલકર્ણી સામે કેસ નોંધવાની માગણી કરી

પુણે: પુણેના ઐતિહાસિક શનિવારવાડામાં કેટલીક મુસ્લિમ મહિલાઓ દ્વારા નમાજ પઢવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો જોયા પછી, ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ મેધા કુલકર્ણીએ રવિવારે બપોરે કેટલાક હિન્દુત્વ સંગઠનોના કાર્યકરો સાથે શનિવારવાડામાં દાખલ થઈને મુસ્લિમ મહિલાઓએ નમાજ પઢેલી જગ્યા પર ગૌમૂત્ર છાંટ્યું અને તે જગ્યાનું ગાયના છાણથી લેપણ કર્યું હતું.

તેમણે તે જગ્યાએ બધા કાર્યકરો સાથે શિવવંદના પણ કરી. આ સાથે, મેધા કુલકર્ણી અને તેમની સાથે આવેલા કાર્યકરોએ શનિવારવાડા વિસ્તારમાં આવેલી દરગાહને દૂર કરવાની પણ માગણી કરી હતી. આ અંગે

(જુઓ પાનું ૪) ▶▶

ડીઆરઆઈનું 'ઑપરેશન ફાયર ટ્રેઈલ' ૪.૮૨ કરોડના ચાઈનીઝ ફટાકડા જપ્ત: વેરાવળના રહેવાસીની ધરપકડ

મુંબઈ: ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ ઑપરેશન ફાયર ટ્રેઇલ હેઠળ ભારતમાં ચાઇનીઝ મૂળના ફટાકડા અને ફટાકડાની ગેરકાયદે આયાત સાથે સંકળાયેલી અત્યાધુનિક દાણચોરીના પ્રયાસનો પર્દાફાશ કર્યો હતો. આ ઑપરેશન દરમિયાન ડીઆરઆઇની ટીમે ન્હાવા શેવા બંદરે ૪૦ ફૂટના કન્ટેઇનરને અટકાવ્યું હતું, જે ચીનથી આઇસીટી અંકલેશ્વર જઇ રહ્યું હતું અને તેને 'લેગિંગ્સ' વહન કરતું જાહેર કરાયું હતું. આ કન્ટેઇનરની તલાશી લેવામાં આવતાં આગળના ભાગમાં કપડાંની અંદર છુપાવેલા ફટાકડા મળ્યા હતા, જેની કિંમત ૪.૮૨ કરોડ રૂપિયા થાય છે. ડીઆરઆઇની ત્યાર બાદની તપાસમાં સ્મગલિંગ સિન્ડિકેટની મોડસ ઑપરેન્ડી છતી કરતા વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા. બાદમાં ગુજરાતના વેરાવળના રહેવાસી મોહંમદ આઝમ સમદ પોથિયાવાલાની ધરપકડ કરાઈ હતી. ફટાકડાની આયાત વિદેશી વેપાર નીતિના આઇટીસી વર્ગીકરણ હેઠળ પ્રતિબંધિત છે અને એક્સપ્લોઝિવ્સ રૂલ્સ, ૨૦૦૮ હેઠળ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ તથા પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન બંને પાસેથી માન્ય લાઇસન્સ જરૂરી છે. ■

થાણેમાં એલિવેટેડ અને ભૂગર્ભ રોડ નેટવર્ક, ગ્રીન થાણેની સફર: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે

વાગલે એસ્ટેટ વિસ્તારમાં રાજમાતા જીજાઉ ઉદ્યાન ઓક્સિજન પાર્ક અને સ્વર્ગીય આનંદ દિઘે ઉદ્યાનનું ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મુંબઈથી આવનારા ફ્રીવે પરથી ઉતર્યા પછી આનંદનગર-સાકેત-ગાયમુખ-ફાઉન્ટેન હોટેલ સુધી એક એલિવેટેડ રોડ બનાવવામાં આવી રહ્યો છે. ઉપરાંત, ટીકુજી-ની-વાડીથી બોરીવલી સુધીનો ભૂગર્ભ રોડ બનાવવામાં આવી રહ્યો છે અને આ રોડ ભવિષ્યમાં આ અંતર માત્ર દસથી પંદર મિનિટમાં કાપવામાં મદદ કરશે. હાલમાં, મીરા-ભાયંદરથી બોરીવલી સુધી મુસાફરી કરવામાં બે થી અઢી કલાક લાગે છે. આ બંને પ્રોજેક્ટ ટ્રાફિક ભીડ ઘટાડશે અને થાણેના વિકાસને વેગ આપશે એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

રાજમાતા જીજાઉ ઉદ્યાન 'ઓક્સિજન પાર્ક'નું ઉદ્ઘાટન એકનાથ શિંદે દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં જય ભવાની નગરમાં નવનિર્મિત આનંદ દિઘે પાર્કનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક, સાંસદ નરેશ મ્હસ્કે, વિધાનસભ્ય રવિન્દ્ર ફાટક, ભૂતપૂર્વ મેયર હરિશ્ચંદ્ર

(જુઓ પાનું ૪) ▶▶

બધા જાણે છે કે નરકાસુર કોણ છે: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં ભાજપના ભૂતપૂર્વ કોર્પોરેટર સંગીતા ગાયકવાડ શિવસેનામાં જોડાયા. કેટલાક અન્ય નેતાઓ પણ શિવસેનામાં જોડાયા. ત્યારે ઉદ્ધવ ઠાકરેએ એક સૂચક નિવેદન કર્યું હતું કે તમે જાણો છો કે નરકાસુર કોણ છે અને તેને કેવી રીતે મારવો. ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે હું ફરીથી નાશિક આવીશ. ત્યારબાદ ઉપસ્થિતોમાં હાસ્યનો માહોલ છવાઈ ગયો હતો. અહીં ઉલ્લેખનીય છે કે નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ નજીક છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'દરેકને દિવાળીની શુભકામનાઓ. આજે નરક ચતુર્દશી છે, કૃષ્ણે નરકાસુરનો વધ કર્યો હતો. નરકાસુર કોણ છે તે કહેવાની જરૂર નથી. સંગીતા ગાયકવાડ અને અન્ય લોકો તેને મારવા માટે શિવસેનામાં જોડાયા છે. હવે આ ટ્રેન્ડ શરૂ થયો છે. અમે ચોરો અને ત્યાં બેસીને મત ચોરી કરનારાઓને પકડી લીધા

(જુઓ પાનું ૪) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

૧૭૬.૫ નહીં પણ ૧૪૦.૮...

યસ, મિશેલ સ્ટાર્કે રોહિત શર્માને ફાસ્ટેસ્ટ બૉલ નહોતો નાખ્યો, સ્પીડગન બગડેલી હતી

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૦૩ના વર્લ્ડ કપ દરમિયાન ન્યૂલૅન્ડ્સ, કૅપટાઉન ખાતે ઈંગ્લૅન્ડના નિક નાઈટ વિરુદ્ધ શોએબ અખ્તરે ૧૬૧.૩ કિ.મી. (૧૦૦.૨૩ માઈલ પ્રતિકલાક)ની ઝડપે નાખેલા બૉલને ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપે નખાયેલ બૉલ લેખવામાં આવે છે.

રવિવારે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની પ્રથમ વન ડેમાં પર્થના ઑપ્ટસ સ્ટેડિયમ ખાતે સ્પીડગને રસપ્રદ આંકડો દર્શાવ્યો હતો.

સ્ટાર્કે રોહિત શર્માને નાખેલા પ્રથમ વન ડેના પ્રથમ બૉલની ઝડપ સ્પીડગન પર ૧૭૬.૫ કિ.મી. (૧૦૯ માઈલ પ્રતિકલાક) નોંધાઈ હતી.

જોકે બાદમાં એ ભૂલ હોવાનું જણાઈ આવ્યું હતું અને બ્રોડકાસ્ટરના ગ્રાફિક્સ મુજબ બૉલની ઝડપ ૧૪૦.૮ કિ.મી (૮૭ માઈલ પ્રતિકલાક) હતી. સ્પીડ ગન જ બગડેલી હતી.

રવિવારે અહીં ભારત સામે પ્રથમ વન-ડેમાં વરસાદના વિઘ્ન વચ્ચે ત્રણ વિકેટે વિજય મેળવનાર ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કે રોહિત શર્માને ફેંકેલો પ્રથમ બોલ કલાકે ૧૭૬.૫ કિલોમીટરની ઝડપવાળો વિશ્વનો ફાસ્ટેસ્ટ બોલ હતો એવી વાતો રવિવારથી સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ હતી, પરંતુ એ વિશે ખુલાસો પણ બહાર આવ્યો છે.

રોહિત એ મેચમાં માત્ર આઠ રન કરીને જોશ હેઝલવૂડના બોલ પર કેચઆઉટ થયો હતો. સ્ટાર્કે પછીથી વિરાટ કોહલીને ઝીરો પર આઉટ કર્યો એ બોલ કરતા સ્ટાર્કે રોહિતને જે પહેલો બોલ ફેંક્યો હતો એની ક્રિકેટ જગતમાં વધુ ચર્ચા છે.

સ્ટાર્કનો એ બોલ કલાકે ૧૭૬.૫ કિલોમીટરની સ્પીડનો હતો એવું સ્પીડ ગનમાં બતાવાતાં મીડિયામાં એને વિશ્વના ફાસ્ટેસ્ટ બોલ તરીકે ઓળખાવવામાં આવ્યો હતો. જોકે પછીથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે સ્પીડ ગન ખરાબ થઈ જતાં એ બોલની પેસ વિશે ખોટો આંકડો બતાવાયો હતો.

હકીકતમાં સ્ટાર્કના એ ચર્ચાસ્પદ બોલની ઝડપ કલાકે ૧૪૦.૮ કિલોમીટર હતી. સ્ટાર્કે સરેરાશ ૧૪૦.૦૦ની ઝડપે બોલ ફેંક્યા હતા. પાકિસ્તાનના શોએબ અખ્તરે ૨૦૦૩ના વર્લ્ડ કપમાં ઇંગ્લેન્ડના નિક નાઈટને ફેંકેલા એક બોલની સ્પીડ કલાકે ૧૬૧.૩ કિલોમીટર હતી અને એ હજીયે ફાસ્ટેસ્ટ બોલ છે. એક બ્રોડકાસ્ટરે કહ્યું હતું કે કલાકે ૧૭૬.૫ કિલોમીટરની ઝડપે જો બોલ ફેંકાય તો ભલભલો બેટ્સમેન એ રમી ન શકે. (એજન્સી) ■

મહિલા વર્લ્ડ કપઃ સેમિ ફાઈનલના છેલ્લા સ્થાન માટે ભારત સહિત અનેક દાવેદાર

ઑસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને ઇંગ્લેન્ડ સેમિમાં પહોંચી ગયા છે

ઇન્દોરઃ રવિવારે અહીં મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ભારતને થ્રિલરમાં ચાર રનથી હરાવીને ઇંગ્લેન્ડ સેમિ ફાઈનલમાં પહોંચનારી ત્રીજી ટીમ બની અને હવે ચોથા તથા છેલ્લા સ્થાન માટે ભારત સહિત ઘણા દેશ વચ્ચે હરીફાઈ છે. ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા રવિવાર પહેલાં જ સેમિમાં પહોંચી ગયા હતા.

હવે સાત લીગ મેચ બાકી છે જેમાં ભારતે ગુરુવારે નવી મુંબઈના ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં ન્યૂ ઝીલેન્ડ સામે અને રવિવારે એ જ મેદાન પર બાંગ્લાદેશ સામે રમવાનું છે.

શ્રીલંકા-બાંગ્લાદેશ વચ્ચેના ગઈ કાલના મુકાબલા બાદ આજે પાકિસ્તાન-સાઉથ આફ્રિકા વચ્ચે મેચ છે.

ભારત પાંચમાંથી બે મેચ જીતીને ચાર પોઇન્ટ મેળવી શક્યું છે. +૦.૫૨૬ ભારતનો રન રેટ છે. ભારત હવે ન્યૂ ઝીલેન્ડ અને બાંગ્લાદેશને હરાવીને સેમિમાં જઈ શકે. જો ભારત બેમાંથી એક જ મેચ જીતશે તો ભારતે અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર રહેવું પડશે. ભારતે ગુરુવારે ન્યૂ ઝીલેન્ડને સારા માર્જિનથી હરાવવું પડશે જેથી ઊંચો રન રેટ સેમિમાં જવા ભારતને કામ લાગે. વરસાદને લીધે ભારતની મેચ ધોવાઈ જશે તો પણ સિનારિયો બદલાઈ જશે.

ન્યૂ ઝીલેન્ડ પાસે એક જ મેચ જીતવા છતાં ચાર પોઇન્ટ છે. બીજા પોઇન્ટ અનિર્ણીત પરિણામોને લીધે મળ્યા છે. એનો રન રેટ -૦.૨૪૫ છે. કિવીઓ માટે ગુરુવારે ભારત સામે જીતવું અત્યંત જરૂરી છે. જો ન્યૂ ઝીલેન્ડ હારશે તો સેમિની રેસની બહાર થઈ શકે. જો તેઓ ભારતને હરાવશે, પણ પછી ઇંગ્લેન્ડ સામે હારશે તો ભારતને રવિવારે બાંગ્લાદેશ હરાવે એવું ન્યૂ ઝીલેન્ડ ઇચ્છશે.

સોમવારે બાંગ્લાદેશ પાસે પાંચ મેચ પછી માત્ર બે પોઇન્ટ હતા અને ત્યારે -૦.૬૭૬નો ખરાબ રન રેટ હોવા છતાં એને સેમિનો થોડો ચાન્સ હતો. બાંગ્લાદેશ પોતાની લીગ મેચ જીતવા ઉપરાંત ઇચ્છશે કે ઇંગ્લેન્ડ રવિવારે ન્યૂ ઝીલેન્ડને હરાવે.

સોમવારે સવારે શ્રીલંકા પાસે પાંચ મેચ પછીયે એકેય પોઇન્ટ નહોતો અને -૧.૫૬૪ એનો ખરાબ રન રેટ હતો. એમ છતાં સેમિનો એને થોડો મોકો હતો. જોકે સોમવારે સવારે એવું સમીકરણ હતું જે મુજબ શ્રીલંકા માટે બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામે જીતવું જરૂરી હોવા ઉપરાંત ભારત પોતાની બન્ને લીગ મેચ હારે એ પણ શ્રીલંકાના હિતમાં હોવાથી એ અસંભવ જણાતા શ્રીલંકા માટે માર્ગ ખૂબ કઠિન હતો. ન્યૂ ઝીલેન્ડને ઇંગ્લેન્ડ હરાવે એ પણ શ્રીલંકા માટે આવશ્યક હતું.

પાકિસ્તાન પાસે પણ હજી એકેય પોઇન્ટ નથી અને -૧.૮૮૭ એનો સૌથી ખરાબ રન રેટ છે. જોકે પાકિસ્તાન માટે જરૂરી છે કે એ સાઉથ આફ્રિકા અને શ્રીલંકા સામેની છેલ્લી બન્ને મેચ જીતે અને એવો રન રેટ તૈયાર કરે જે ન્યૂ ઝીલેન્ડથી પણ ચડિયાતો હોય. ■

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ભારત નહીં આવે

મડગાંવઃ પોર્ટુગલનો સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ભારત આવે તેવી શક્યતા ખૂબ ઓછી છે. ચાહકો રોનાલ્ડોને ભારતમાં રમતા જોવા માટે ઉત્સુક હતા, પરંતુ એવું માનવામાં આવે છે કે રોનાલ્ડો ભારત આવશે નહીં. સાઉદી અરેબિયાની ટોચની ક્લબ અલ નાસરની ટીમ સોમવારે રાત્રે એફસી ગોવા સામેની તેમની એએફસી ચેમ્પિયન્સ લીગ ૨ મેચ માટે પહોંચશે, પરંતુ દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો બાવીસ ઓક્ટોબરે રમાનારી મેચ માટે મુલાકાતી ટીમ સાથે આવે તેવી શક્યતા ઓછી છે.

સાઉદી અરેબિયાના સ્પોર્ટ્સ ન્યૂઝપેપર અલ રિયાદિયાના જણાવ્યા અનુસાર, એફસી ગોવા મેનેજમેન્ટની વારંવાર વિનંતીઓ છતાં ૪૦ વર્ષીય રોનાલ્ડો અલ નાસરની ટીમનો ભાગ રહેશે નહીં. એફસી ગોવાએ ભૂતપૂર્વ એએફસી કપ વિજેતા અલ સીબને હરાવીને ચેમ્પિયન્સ લીગના બીજા તબક્કામાં પ્રવેશ કર્યો હતો. આ પછી તેમને ટુર્નામેન્ટના આ તબક્કા માટે અલ નાસર સાથે ગ્રુપ-ડીમાં મૂકવામાં આવી છે. રોનાલ્ડો છેલ્લા કેટલાક સમયથી આ સાઉદી અરેબિયન ક્લબ માટે રમી રહ્યો છે. રોનાલ્ડો આવતા વર્ષે યોજાનાર ફિફા વર્લ્ડ કપમાં રમવા માગે છે. તે પોતાના વર્કલોડનું સંચાલન કરવા અને પોતાને વર્લ્ડ કપમાં ભાગ લેવાની તક આપવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. એફસી ગોવા સામેની મેચ બાદ અલ નાસર ૨૮ ઓક્ટોબરના રોજ કિંગ્સ કપ રાઉન્ડ ઓફ ૧૬માં હરીફ અલ ઇત્તિહાદ સામે ટકરાશે. ■

વર્લ્ડકપઃ રોમાંચક મૅચમાં લંકાએ હરાવ્યું બાંગ્લાદેશને

નવી મુંબઈ : મહિલાઓના વર્લ્ડકપની અહીં રમાયેલી મૅચમાં શ્રીલંકા ગઈ કાલે બાંગ્લાદેશને સાત રને હરાવ્યું હતું. શ્રીલંકાના ૪૮.૪ ઓવરમાં ૨૦૨ રનમાં ઓલઆઉટના સ્કૉરનો પીછો કરી રહેલી બાંગ્લાદેશની ટીમ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૧૯૫ રન જ બનાવી શકી હતી. છેલ્લી ઓવરમાં બાંગ્લાદેશને નવ રન જોઈતા હતા પણ તેણે પહેલા ચાર બોલમાં ચાર વિકેટ ગુમાવી હતી અને મૅચ પણ ગુમાવી હતી.

અગાઉ, શોરના અખ્તરે ૨૭ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી જેની મદદથી સોમવારે મહિલા વર્લ્ડ કપ મેચમાં બાંગ્લાદેશે શ્રીલંકાને ૨૦૨ રનમાં ઓલઆઉટ કર્યું હતું. શ્રીલંકા તરફથી હસિની પરેરાએ ૯૯ બોલમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૮૫ રન કર્યા હતા. તેણીએ ચમારી અટાપટ્ટુ (૪૬) અને નિલાક્ષિકા ડી સિલ્વા (૩૭) સાથે બે મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી પરંતુ બાકીના બેટ્સમેન નિષ્ફળ રહ્યા હતા. શોરનાએ દસ ઓવરમાં ૨૭ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. હસિની પરેરા પોતાની સદી ચૂકી ગઇ હતી.

શ્રીલંકાએ ૩૨મી ઓવરમાં ચાર વિકેટે ૧૭૪ રન ફટકાર્યા હતા. ■

હૅપી દિવાળી... વિરાટથી લઇને મંધાના સુધીના ક્રિકેટરોની શુભેચ્છા

નવી દિલ્હી : આજે સમગ્ર ભારતમાં દિવાળીના તહેવારની ધૂમધામ છે, જ્યાં લોકો પોતાના સ્વજનો અને મિત્રોને શુભેચ્છા સંદેશા મોકલી રહ્યા છે. આ તહેવારની ખુશીમાં ભારતીય ક્રિકેટર્સ પણ જોડાયા છે, જેઓ હાલ ઓસ્ટ્રેલિયામાં વનડે સિરીઝ રમી રહ્યા છે. તેમના વીડિયો અને સોશ્યલ મીડિયા પોસ્ટ્સ દ્વારા તેઓ ચાહકોને દિવાળીની શુભકામનાઓ પાઠવી રહ્યા છે, અને તેનાથી તહેવારની રોનકમાં વધારો થઇ રહ્યો છે.

સોશ્યલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં વિરાટ કોહલીએ દિવાળીની હાર્દિક શુભકામનાઓ આપી છે. તેની સાથે કેએલ રાહુલ, શુભમન ગિલ અને સ્મૃતિ મંધાના જેવા ખેલાડીઓએ પણ ચાહકોને તહેવારની શુભેચ્છાઓ પાઠવી છે. સ્મૃતિ મંધાનાએ પ્રાર્થના કરી કે આ દિવાળી તમામ માટે ખુશીઓ લાવે, જ્યારે ઋચા ઘોષે ટીમ ઈન્ડિયાની જીત અને વર્લ્ડ કપ માટે કામના કરી.

શુભમન ગિલ, રાહુલ, કુલદીપ યાદવ અને મોહંમદ સિરાજ જેવા અન્ય ક્રિકેટર્સે પણ વીડિયોમાં દિવાળીની શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. આ તમામ ખેલાડીઓ હાલ ઓસ્ટ્રેલિયામાં છે, જ્યાં શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળ ભારતીય ટીમ ૨૩ ઓક્ટોબરે બીજી વન-ડે મેચ રમશે. સિરીઝમાં ભારત ૦-૧થી પાછળ છે, પરંતુ તહેવારની ખુશીમાં તેઓના સંદેશા ચાહકોને પ્રોત્સાહિત કરી રહ્યા છે.

બીસીસીઆઈ અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરીને ચાહકોને દિવાળીની શુભેચ્છાઓ આપી છે. પૂર્વ ક્રિકેટર ઇરફાન પઠાને શાંતિ, સમૃદ્ધિ અને અનંત ખુશીઓની કામના કરી, જ્યારે વીવીએસ લક્ષ્મણે દિવાળીના પ્રકાશથી જીવનને ઉજ્જવળ બનાવવાની વાત કરી. આ તમામ સંદેશા તહેવારની રોનકમાં વધારો કરી રહ્યા છે. ■

હેરી બ્રૂક બાદ રશિદનો જાદૂ, બીજી ટી-૨૦માં ઇંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને આપી કારમી હાર

ક્રાઇસ્ટચર્ચ : ન્યૂઝીલેન્ડ સામે ક્રાઇસ્ટચર્ચમાં રમાયેલી બીજી ટી૨૦ મેચમાં ઇંગ્લેન્ડે ૬૫ રનથી જીત મેળવી હતી. આ સાથે ઇંગ્લેન્ડે ત્રણ મેચની શ્રેણીમાં ૧-૦ ની લીડ મેળવી લીધી હતી. સ્પિનર આદિલ રશીદે ઇંગ્લેન્ડની જીતમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. તેણે ચાર વિકેટ ઝડપી હતી. ટોસ હારીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ઇંગ્લેન્ડે ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૨૩૬ રન કર્યા હતા.

ટીમે જોસ બટલર (૪) અને જેકબ બેથેલ (૨૪) ની વિકેટ ૬૮ રનના સ્કોરે ગુમાવી દીધી હતી. ત્યાંથી કેપ્ટન હેરી બ્રુકે ફિલ સોલ્ટ સાથે ત્રીજી વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી કરીને ઇંગ્લેન્ડને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું. હેરી બ્રુકે ૩૫ બોલમાં ૭૮ રન ફટકાર્યા હતા, જેમાં પાંચ છગ્ગા અને છ ચોગ્ગાનો સમાવેશ થાય છે, જ્યારે ફિલ સોલ્ટે ૫૬ બોલમાં ૮૫ રન ફટકાર્યા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી કાયલ જેમિસને બે વિકેટ લીધી, જ્યારે જેકબ ડફી અને માઈકલ બ્રેસવેલે એક-એક વિકેટ લીધી હતી. બંને ટીમો વચ્ચેનો પહેલી મેચ વરસાદના કારણે ડ્રો રહી હતી. સીરિઝની ત્રીજી મેચ હવે ૨૩ ઓક્ટોબરે રમાશે, ત્યારબાદ બંને દેશો ત્રણ મેચની વનડે શ્રેણી રમશે.

આ મેચમાં ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડ તરફથી ટોમ બેન્ટને પણ અંતિમ ઓવરમાં ૧૨ બોલમાં ૨૯ રનની ધમાકેદાર ઇનિંગ રમી હતી. ૨૩૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા કિવી ટીમ સારી શરૂઆત કરી શકી નહોતી. ટીમ ૧૮ ઓવરમાં ૧૭૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓપનર ટિમ સીફર્ટે સૌથી વધુ ૩૯ રન કર્યા હતા, જ્યારે માર્ક ચેપમેને ૨૮ અને મિશેલ સેન્ટનરે પણ ૩૬ રન ફટકાર્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી આદિલ રશીદે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. લ્યુક વુડ, બ્રાઇડન કાર્સ અને લિયામ ડોસને બે-બે વિકેટ ઝડપી હતી. ■

જોકોવિકે ફેડરરના વિક્રમની બરોબરી કરી

ટુરિનઃ નોવાક જોકોવિક નિટ્તો એટીપી ફાઈનલ્સમાં કાર્લોસ અલકારાઝ અને જાનિક સિનર સાથે જોડાયો હતો. જોકોવિકે આ સાથે રોજર ફેડરરના ૧૮ વાર યોગ્યતા મેળવવાના વિક્રમની બરોબરી કરી હતી. સર્બિયાનો જોકોવિક સારા ફોર્મમાં છે અને આ વર્ષે તેણે જિનીવામાં તેનું ૧૦૦મું ટૂર લેવલ ટાઈટલ મેળવ્યું હતું. તે ઓપન યુગમાં આ સિદ્ધિ મેળવનાર જીમી કોન્નર્સ (૧૦૯) અને ફેડરર (૧૦૩) પછી ત્રીજો ખેલાડી છે.

જોકોવિકે સતત આઠમી વાર નિટ્તો એટીપી ફાઈનલ્સમાં ભાગ લેવાની યોગ્યતા મેળવી હતી. તેણે ૨૦૦૭માં ૨૦ વર્ષનો હતો ત્યારે પહેલી વાર યોગ્યતા મેળવી હતી. ૨૦૧૭માં ઈજાને લીધે તે યોગ્યતા મેળવી શક્યો નહોતો.

તાજેતરમાં રિયાધમાં વાતચીત કરતા તેણે કહ્યું હતું કે ટકી રહેવું એ જ મારી પ્રેરણા છે. મારે જોવું છું કે હું કેટલો આગળ વધી શકું છું. જો તમે ગ્લોબલ સ્પોર્ટ્સ જુઓ તો લેબ્રોન ૪૦ વર્ષનો છે છતાં સારું રમી રહ્યો છે. ક્રિસ્ટિયનો રોનાલ્ડો અને ટોમ બ્રેડી ૪૦ વર્ષના હતા ત્યાં સુધી રમ્યા હતા. તેઓ મને પ્રેરણા આપે છે. ■

સાઉથ આફ્રિકા સામે બીજી ટેસ્ટના પ્રથમ દિવસે મજબૂત સ્થિતિમાં પાકિસ્તાન

રાવલપિંડી : રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા સામેની બીજી અને અંતિમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસના અંતે પાકિસ્તાન ક્રિકેટ ટીમે ૫ વિકેટ ગુમાવીને ૨૫૯ રન કરી લીધા હતા. પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો.

પાકિસ્તાનને ૩૫ રનના કુલ સ્કોર પર પ્રથમ વિકેટ ગુમાવી હતી. ઇમામ-ઉલ-હક ૧૭ રન કરી આઉટ થયો હતો. ત્યારબાદ કેપ્ટન શાન મસૂદ અને અબ્દુલ્લા શફીકે બીજી વિકેટ માટે ૧૧૧ રન ઉમેરીને ઇનિંગ્સને સ્થિરતા આપવાનો પ્રયાસ કર્યો હતો. પ્રથમ દિવસે મસૂદે ૧૭૬ બોલમાં ૮૭ રન કર્યા હતા જ્યારે શફીકે ૧૪૬ બોલમાં ૫૭ રન ફટકાર્યા હતા. પ્રથમ દિવસના અંતે સઉદ શકીલ ૪૨ રન અને સલમાન આગા ૧૦ રન પર અણનમ રહ્યા હતા.

દક્ષિણ આફ્રિકા તરફથી સાઈમન હાર્મર અને કેશવ મહારાજે બે-બે વિકેટ લીધી, જ્યારે કગીસો રબાડાએ એક વિકેટ લીધી હતી.

નોંધનીય છે કે બે મેચની શ્રેણીમાં ૧-૦થી આગળ રહેલા પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાએ પણ આ મેચ માટે ટીમમાં બે ફેરફાર કર્યા હતા, જેમાં વિઆન મુલ્ડર અને પ્રેનેલન સુબ્રયેનની જગ્યાએ કેશવ મહારાજ અને માર્કો યાન્સેનને ટીમમાં સામેલ કર્યા હતા. ■

પાકિસ્તાન ટીમમાં મોટા ફેરફારના સંકેત, મોહમ્મદ રિઝવાન પાસેથી છીનવાઈ શકે છે કેપ્ટનશિપ

ઈસ્લામાબાદ : પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં મોટા ફેરફારના સંકેત મળી રહ્યા છે. વન-ડે ટીમના કેપ્ટન મોહમ્મદ રિઝવાનની કેપ્ટનશિપ છીનવાઈ શકે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દક્ષિણ આફ્રિકા સામેની આગામી ત્રણ મેચની વન-ડે સીરિઝ માટે નવા કેપ્ટન પર વિચાર કરી રહ્યું છે, જે ૪ થી ૮ નવેમ્બર દરમિયાન ફૈસલાબાદના ઇકબાલ સ્ટેડિયમમાં રમાશે. નવો કેપ્ટન દક્ષિણ આફ્રિકામાં ૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપ સુધી આ પદ પર રહેશે.

ગયા વર્ષે પીસીબીએ રિઝવાનને વન-ડે ટીમનો કેપ્ટન બનાવ્યો હતો. તેણે ઓસ્ટ્રેલિયા, ઝિમ્બાબ્વે અને દક્ષિણ આફ્રિકામાં ટીમને જીત અપાવી હતી. જોકે, ન્યૂઝીલેન્ડ સામે ઘરેલુ ત્રિકોણીય શ્રેણીની ફાઇનલમાં પાકિસ્તાનની હાર, ત્યારબાદ ઘરેલુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં શરમજનક હાર અને વેસ્ટ ઇન્ડિઝમાં વિદેશ શ્રેણીમાં હાર બાદ તેની કેપ્ટનશિપ પર સવાલો ઊઠી રહ્યા છે.

જિઓ ન્યૂઝના એક રિપોર્ટ અનુસાર, મુખ્ય કોચ માઇક હેસને ૨૦૨૭ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ચર્ચા શરૂ કર્યા પછી પીસીબી રિઝવાનને વન-ડે કેપ્ટન તરીકે બદલવા માટે તૈયાર છે. આ પછી પીસીબીએ કેપ્ટનને બદલવા માટે ''પ્રારંભિક ચર્ચાઓ'' શરૂ કરી હતી. એક પાકિસ્તાની મીડિયા ચેનલને સૂત્રોએ જણાવ્યું હતું કે, ''સંભવિત દાવેદાર સાથે પણ ચર્ચા થઈ છે.''

પીસીબીના પ્રવક્તાએ જિયો ન્યૂઝને જણાવ્યું હતું કે હેસને પીસીબીના અધ્યક્ષ મોહસીન નકવીને પણ પત્ર લખીને દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી માટે સત્તાવાર રીતે કેપ્ટન પસંદ કરવા માટે પસંદગી સમિતિ અને સલાહકાર સમિતિની સંયુક્ત બેઠક બોલાવવાની વિનંતી કરી હતી. ત્યારબાદ આ પત્ર બંને સમિતિઓને મોકલવામાં આવ્યો હતો, જે ૨૦ ઓક્ટોબરે મળી હતી. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, '' બેઠકમાં વનડે કેપ્ટનશિપ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.''

રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે ફાસ્ટ બોલર શાહીન આફ્રિદી આ રેસમાં સૌથી આગળ છે, જ્યારે અન્ય દાવેદારોમાં બાબર આઝમ અને વર્તમાન ટી૨૦ કેપ્ટન સલમાન અલી આગાનો સમાવેશ થાય છે. બાબર અગાઉ ૨૦૧૯ થી ૨૦૨૩ સુધી આ પદ સંભાળી ચૂક્યો હતો. ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપમાં પાકિસ્તાનના નિરાશાજનક પ્રદર્શન બાદ તેણે કેપ્ટનશિપ છોડી દીધી હતી અને તેના સ્થાને શાન મસૂદને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. ■

નિવૃત્તિની ઉંમરે પાકિસ્તાની સ્પિનર આસિફ આફ્રિદીનો ડેબ્યૂ

આ બૉલર પર ફિક્સિંગ કેસમાં પ્રતિબંધ મુકાયો હતો

રાવલપિંડી : પાકિસ્તાને સોમવારથી દક્ષિણ આફ્રિકા સામે શરૂ થનારી બીજી ટેસ્ટ મેચ માટે ૩૯ વર્ષીય ડાબોડી સ્પિનર આસિફ આફ્રિદીને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. એટલે કે નિવૃત્તિની ઉંમરે આસિફને ટેસ્ટમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી. સ્પોટ ફિક્સિંગ માટે છ મહિનાનો પ્રતિબંધ ભોગવી ચૂકેલા આફ્રિદીએ હજુ સુધી કોઈ ટેસ્ટ મેચ રમી નથી. પાકિસ્તાને અબરાર અહેમદ કરતાં તેને પ્રાથમિકતા આપી હતી. તે પાકિસ્તાનના નિયમિત સ્પિનરો નોમાન અલી અને ઓફ સ્પિનર સાજિદ ખાન સાથે સ્પિન બોલિંગની જવાબદારી સંભાળશે.

સ્થાનિક ક્રિકેટમાં સ્પોટ ફિક્સિંગમાં સંડોવણી બદલ આફ્રિદી પર એક વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા પરત ફરવાની મંજૂરી આપવામાં આવે તે પહેલાં છ મહિનાનો પ્રતિબંધ મુકાયો હતો. જોકે, બોર્ડે તેના પ્રતિબંધમાં રાહત આપવાનું કોઈ કારણ આપ્યું નથી. નોંધનીય છે કે પાકિસ્તાને પહેલી ટેસ્ટ મેચ ૯૪ રનથી જીતી હતી.

આફ્રિદીની પસંદગીનો અર્થ એ છે કે ટીમ મેનેજમેન્ટે બીજી ટેસ્ટમાં બે ડાબોડી સ્પિનરોને તક આપવાનું પસંદ કર્યું છે. ■

સંસ્કૃતિની રંગોળી

તમે કોઈ હટકે રંગોળી બનાવી હોય તો ... 'મુંબઈ સમાચાર'ના વૉટ્સએપ નંબરઃ 7045430579 પર મોકલી આપો. જેને અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે.

અનેરી ગાંધી

પ્રાર્થના દાલવલિયા, પરિતા સુથરિયા-દહીંસર (પૂર્વ)

ઉર્વી નાથવાણી- કાંદિવલી

ચીન સાથેની ટ્રેડ વોર ઠંડી પડવાના સંકેત વચ્ચે સતત ચોથા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ ૪૧૧ પોઇન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારની ઝડપી તેજી સાથે સ્થાનિક સ્તરે ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોની લેવાલીના બળે સતત ચોથા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ સોમવારે ૪૧૧ પોઇન્ટ ઊછળ્યો હતો. ચીન સાથેની ટ્રેડ વોર ઠંડી પડી રહી હોવાના સંકેત વચ્ચે વોલસ્ટ્રીટના તેજીમય સાપ્તાહિક સુધારા પાછળ એશિયાઇ બજારોમાં સુધારો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડાને કારણે યુએસ ફ્યુચર્સમાં સુધારો હતો.

સત્રની શરૂઆત તેજી સાથે થઈ હતી જોકે, ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદવા સંદર્ભે વધુ ટેરિફ લાદવાની ચીમકી ઉચ્ચારી હોવાથી ઊંચા મથાળે વેચવાલી આવતા બેન્ચમાર્કે અમુક સુધારો ગુમાવ્યો હતો.

સત્ર દરમિયાન ૭૦૪.૩૪ પોઇન્ટ અથવા તો ૦.૮૩ ટકાના ઊછાળા સાથે ૮૪,૬૫૬.૫૬ પોઇન્ટ સુધી ઊંચે જઇને અંતે ૪૧૧.૧૮ પોઇન્ટ અથવા તો ૦.૪૯ ટકાના વધારા સાથે ૮૪,૩૬૩.૩૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૩૩.૩૦ પોઇન્ટ અથવા તો ૦.૫૨ ટકાના સુધારા સાથે ૨૫,૮૪૩.૧૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં રિલાયન્સ ૩.૫૨ ટકા ઊછળ્યો હતો, અન્ય ટોપ ગેઇનર્સમાં બજાજ ફિનસર્વ, એક્સિસ બેન્ક, સ્ટેટ બેન્ક, ટીસીએસ, ટાઇટન અને ભારતી એરટેલનો સમાવેશ હતો. જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇટર્નલ, અદાણી પોર્ટ અને પાવરગ્રીડનો સમાવેશ ટોચના ઘટનારા શેરોમાં સામેલ હતા.

રિલાયન્સે વાર્ષિક ધોરણે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૯.૬ ટકાના વધારા સાથે રૂ. ૧૮,૧૬૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યા બાદ તેના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. સત્ર દરમિયાનના ત્રણેક ટકાના વધારા સાથે તેનું વેલ્યુએશન રૂ. ૫૩,૧૧૫ કરોડ સુધી પહોંચ્યું હતું. જોકે, એઇપ્રલથી જુલાઇના ત્રિમાસિક ગાળાના રૂ. ૨૬,૯૯૪ કરોડના ચોખ્ખા નફા સામે ૩૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. એ જ રીતે, એચડીએફસી બેન્કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૧૦ ટકાના વધારા સાથે રૂ. ૧૯,૬૧૦.૬૭ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ જાહેર કર્યા બાદ તેના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. બેન્કની આવક રૂ. ૯૧,૦૪૦ કરોડ નોંધાઇ હતી. વ્યાપક બજારોમાં પણ મજબૂતી જોવા મળી, જેમાં મિડકેપ ઇન્ડેક્સ ૦.૮૦ ટકા અને સ્મોલકેપ ૦.૫૦ ટકા વધ્યો. સેન્સેક્સ અને નિફ્ટી હવે ચાર સત્રોમાં ૨.૮૦ ટકા વધ્યા છે, જેના કારણે તેઓ સપ્ટેમ્બર ૨૦૨૪ના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી બે ટકા કરતા પણ ઓછા અંતરે છે.

દરમિયાન બીએસઇ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ મંગળવાર, ૨૧ ઓક્ટોબરે દિવાળી લક્ષ્મી પૂજા માટે અને ફરીથી બુધવાર, ૨૨ ઓક્ટોબરે બલિપ્રતિપદા માટે બંધ રહેશે. ૨૧ ઓક્ટોબરે બજારની એકમાત્ર પ્રવૃત્તિ એક કલાકનું મુહૂર્ત ટ્રેડિંગ સત્ર હશે, જે નવા હિન્દુ નાણાકીય વર્ષના પ્રારંભના પ્રતિક તરીકે બપોરે ૧:૪૫ થી ૨:૪૫ વાગ્યા દરમિયાન યોજાશે.

છેલ્લા ૧૦ વર્ષના ડેટા અનુસાર, બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટીમાં મુહૂર્ત ટ્રેડિંગના ૧૦ સેશનમાંથી આઠ સેશનમાં તેજી જોવા મળી છે, જ્યારે માત્ર બે વખત જ ઘટાડા સાથે બંધ થયો છે. એટલે કે આ સેશનમાં માર્કેટનો ટ્રેન્ડ મોટાભાગે સકારાત્મક રહ્યો

છે. છેલ્લે ૨૦૧૭માં નિફ્ટીએ ૦.૬૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો, પરંતુ ત્યારબાદ સતત ૭ વર્ષ સુધી મુહૂર્ત ટ્રેડિંગમાં બજારે પોઝિટિવ રિટર્ન આપ્યું છે. સરેરાશ નિફ્ટીએ આ દરમિયાન ૦.૩૫ ટકાનું રિટર્ન આપ્યું છે. વર્ષ ૨૦૨૨માં તો બજારે ૦.૮૭ ટકાની જોરદાર છલાંગ લગાવી હતી, જે પાછલા દસ વર્ષમાં સૌથી વધુ હતી.

ભારતીય બજારે બીજા ક્વાર્ટરના મજબૂત પરિણામો, ઉત્સવના આશાવાદ અને સકારાત્મક વૈશ્વિક સંકેતોને આધારે પોતાની ઉર્ધ્વ ગતિ જાળવી રાખી હતી. ડીઆઇઆઇની મજબૂત લેવાલી સાથે ઓક્ટોબરમાં એફઆઇઆઇના પ્રવાહમાં સુધારો થવાથી બજારને સારો ટેકો મળ્યો છે. પીએસયુ બેંકો અને મધ્યમ કદના નાણાકીય ક્ષેત્રોમાં વધારો થયો, જ્યારે ક્રૂડ ઓઇલના નરમ ભાવ અને મજબૂત રૂપિયાથી ઓઇલ શેરોને ફાયદો થયો છે.

સ્થાનિક સકારાત્મક આર્થિક ડેટા, સારા કોર્પોરેટ પરિણામ અને એફઆઇઆઇની વેચવાલી અટકવાના આશાવાદ ઉપરાંત શોર્ટ કવરિંગને કારણે વચ્ચે સાર્વત્રિક લેવાલીનો માહોલ જામ્યો છે. એફઆઇઆઇની શરૂ થયેલી ધીમી લેવાલી, યુએસ બોન્ડ યીલ્ડના ઘટાડા અને રૂપિયાની મજબૂતીથી નિફ્ટી બાવન અઠવાડિયાની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ઉત્સવના આશાવાદ અને ઘટતા જતા આઇપીઓ દબાણે પણ તેજીમાં ફાળો આપ્યો અને તેમાં શોર્ટ કવરિંગે ઉછાળાની ગતિને વધુ મજબૂત બનાવી છે.

જોકે, ગઈ દિવાળીથી આ દિવાળી સુધી તેજીવાળા શેરબજારો માટે મુશ્કેલ સમય રહ્યો છે. ફ્રન્ટ લાઇન શેરઆંક નિફ્ટી અને સેન્સેક્સમાં ૫.૫૦ ટકા અને બેંક નિફ્ટીમાં ૧૧ ટકા સુધારા સામે મિડકેપમાં ૦.૫૦ ટકા સુધારો થયો છે, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ તો ચાર ટકા ગબડ્યો છે. આમાના અમુક શેરો ઊંચા સ્તરથી ૨૦થી ૨૫ ટકાથી વધુ ઘટ્યા હતા. જો આપણે કામગીરી નોંધાવનાર એસેટ ક્લાસ પર નજર કરીએ, તો પાછલી ધનતેરસથી અત્યાર સુધીમાં સોનામાં ખરેખર ધમાલ મચી છે, ત્યારબાદ ચાંદીનો ક્રમ આવે છે. ક્ષેત્રીય ધોરણે, બેંકો, એફએમસીજી ઓટો અને મેટલ ૧૦ ટકાથી વધુ ઉછાળા સાથે ટોચના ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે મીડિયા, એનર્જી અને આઇટી ૧૦ ટકાથી વધુ ઘટાડા સાથે ટોચના લૂઝર્સ રહ્યા હતા. પાછલું એક વર્ષ ભારતીય બજારો માટે ખૂબ જ અસામાન્ય રહ્યું છે. ૨૦૨૦ પછીના સૌથી લાંબા સમયથી, આપણે વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરતા બજારોમાં સામેલ છીએ, પરંતુ તાજેતરમાં તેમાં ફેરફાર થયો હોય તેવું લાગે છે અને જો આપણે અમેરિકા, ચીન, જાપાન, કોરિયા, તાઇવાન અથવા તો યુરોપ જેવા કેટલાક બજારો સાથે સરખામણી કરીએ તો, ભારતીય બજારોએ ગતિ જાળવી નથી.આ સમયગાળાને અસામાન્ય બનાવતી બાબત એ છે કે ફુગાવો ૧.૫૪ ટકાની આઠ વર્ષ નીચી સપાટીએ, જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા, રાજકોષીય ખાધ ૪.૪ ટકા જેવા મજબૂત મેક્રો હોવા છતાં ઇક્વિટી બજારની કામાગીરી નબળી રહી છે. સરકારના તાજેતરના જીએસટી સુધારા, આવકવેરામાં ૧૨ લાખ રૂપિયાની રાહત, વ્યાજ દરમાં ઘટાડો અને ૨૦૨૬માં સીઆરઆરમાં ૧૦૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો એ યોગ્ય સમયે બૂસ્ટર શોટ છે અને પરિણામે આપણે આગામી ક્વાર્ટરમાં કમાણીમાં સુધારો જોવા મળી રહ્યો છે. વધુમાં, ઉત્પાદન અને ઇન્ફ્રા ક્ષેત્રમાં થઈ રહેલા માળખાકીય સુધારાઓ સાથે જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ આર્થિક ચક્ર વધુ મજબૂત દેખાય છે.

ડૉલર સામે રૂપિયામાં નવ પૈસાની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવઘટાડો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલ સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના બંધ સામે નવ પૈસાના સુધારા સાથે ૮૭.૯૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૦૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૯૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૯૭ અને ઉપરમાં ૮૭.૭૪ સુધી મજબૂત થયા બાદ અંતે નવ પૈસાના સુધારા સાથે ૮૭.૯૩ની સપાટીએ બંધ રહ્યો હતો. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ રૂપિયો ૮૮ની નીચી સપાટીએ ખૂલે તેવી બાંયધરી આપી હતી. જોકે, ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની સ્થિતિમાં કોઈ ફેરફારો નથી થયા, જ્યારે અમેરિકા અને ચીન વચ્ચે સરકારી અધિકારીઓ દ્વારા થઈ રહેલી વાટાઘાટોમાં ઉકેલ આવે તેવો આશાવાદ સેવાઈ રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આવતીકાલે મંગળવારની અને બુધવારની રજા પશ્ચાત્ ડૉલર સામે રૂપિયો ૮૭.૭૦થી ૮૮.૩૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૩૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૧.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૧૧.૧૮ પૉઈન્ટનો અને ૧૩૩.૩૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૦૮.૯૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૧ ટકા વધીને ૯૮.૫૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વૈશ્વિક સોના-ચાંદીમાં ઘટ્યા મથાળેથી સુધારો સ્થાનિકમાં ચાંદી ₹ ૬૧૮૦ અને સોનું ₹ ૧૯૫૧ તૂટ્યું

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત શુક્રવારે ચીનથી થતી આયાત સામે ૧૦૦ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવી શક્ય ન હોવાનું અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ સાથે મંત્રણા થવાની શક્યતા વ્યક્ત કરતાં ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવમાં ૨.૫૦ ટકાનો અને ચાંદીના ભાવમાં ૪.૪ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ગત શુક્રવારના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૪૩થી ૧૯૫૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૧૮૦નો ઘટાડો આવ્યો હતો.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ, સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૧૮૦ના ઘટાડા સાથે રૂ. ૧,૬૩,૦૫૦ના

મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેતાં વૈશ્વિક બજાર પાછળ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૪૩ ઘટીને રૂ. ૧,૨૭,૧૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૫૧ ઘટીને રૂ. ૧,૨૭,૬૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બન્ને કિંમતી ધાતુઓમાં રોકાણકારોની લેવાલી રહી હતી. આ સિવાય દિવાળીના તહેવારને ધ્યાનમાં લેતા રિટેલ સ્તરની શુકન પૂરતી છૂટીછવાઈ માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં ચીન પરની ટૅરિફના મુદ્દે યુ ટર્નને કારણે ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં ૨.૫૦ ટકા અને ચાંદીના ભાવમાં ૪.૪ ટકા જેટલા કડાકા બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે ઘટ્યા મથાળેથી ધીમો સુધારો જોવા મળ્યો હતો. જેમાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૨૫૬.૨૮ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૬ ટકા વધીને ૪૨૮૦.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદી ૫૧.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં વધુ ઘટાડો ન આવતાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૦ ડૉલરની ઉપરની સપાટી આસપાસ જળવાઈ રહે તેવી શક્યતા સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઑલે હેન્સેને વ્યક્ત કરી હતી.

ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ટ્રમ્પે બે સપ્તાહ દરમિયાન ચીનના પ્રમુખ શિ જિનપિંગ સાથે બેઠક કરશે, એવો સંકેત આપ્યો હોવાથી અમેરિકાની ચીન સાથેની વાટાઘાટો પર તેમ જ આગામી શુક્રવારે અમેરિકાનાં જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી છે. જોકે, સપ્ટેમ્બર મહિનામાં ફુગાવો ૩.૧ ટકા આસપાસ રહે તેવી ધારણા મુકાઈ રહી છે. વધુમાં આગામી ૨૮-૨૯ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૨.૮૧ લાખ કરોડની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એકંદર તેજીમય સત્રમાં એનર્જી, ટેક અને ટેલિકોમ્યુનિકેશન શેરો સૌથી અધિક વધ્યા હતા, જ્યારે મેટલ અને કોમોડિટીઝ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપિટલમાં રૂ. ૨.૮૧ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી.

સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૧ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૯ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૩૫ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૧ ટકા વધ્યો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૩,૯૫૨.૧૯ના બંધથી ૪૧૧.૧૮ (૦.૪૯ ટકા) પોઈન્ટ્સ વધ્યો હતો. સેન્સેક્સ ૮૪,૨૬૯.૩૦ ખૂલીને નીચામાં ૮૪,૧૯૬.૭૯ સુધી અને ઊંચામાં ૮૪,૬૫૬.૫૬ સુધી જઈને અંતે ૮૪,૩૬૩.૩૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૬.૯૨ લાખ કરોડથી રૂ. ૨.૮૧ લાખ કરોડ વધીને રૂ. ૪૬૯.૭૩ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ એનર્જી ૧.૪૮ ટકા, ટેક ૧.૩૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૨૨ ટતા.ઓઈલ એન્ડ ગેસ ૧.૧૧ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૦૫ ટકા, આઈટી ૦.૯૬ ટકા, બેન્કેક્સ ૦.૪૯ ટકા, રિયલ્ટી ૦.૪૪ ટકા, અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૦.૦૮ ટકા, કોમોડિટીઝ ૦.૦૫ ટકા, પાવર અને ઓટો ૦.૦૩ ટકા અને એફએમસીજી ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૬૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૩૦ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૭૪૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૯૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૦૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૦ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૪ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે રિલાયન્સ ૩.૫૨ ટકા, બજાજ ફિનસર્વ ૨.૬૫ ટકા, એક્સિસ બેન્ક ૨.૧૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૯૭ ટકા, ભારતી એરટેલ ૧.૯૫ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૭૪ ટકા, ટાઈટન ૧.૬૯ ટકા, ઈન્ફોસિસ ૧.૪૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૦૧ ટકા, લાર્સન ૦.૯૦ ટકા, બીઈએલ ૦.૮૭ ટકા, અને તાતા મોટર્સ ૦.૭૯ ટકા વધ્યા હતા, જ્યારે આઈસીઆઈસીઆઈ બેન્ક ૩.૧૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૮ ટકા, ઈટર્નલ ૧.૩૧ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૭૭ ટકા, પાવર ગ્રીડ ૦.૬૪ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૪૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૪૧.૫૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૨૬૦ સોદામાં ૧,૪૨૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૪,૦૮,૪૬૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૫૩,૧૯,૧૧૦.૯૪ કરોડનું રહ્યું હતું.

હાજર ખાંડમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને હાજરમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો આગળ ધપ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મર્યાદિત માગ વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૦૬થી ૪૦૭૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કોપરની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો, ટીનમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ખાસ કરીને કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે વૈશ્વિક ભાવમાં પ્રવર્તી રહેલા મક્કમથી સુધારાતરફી વલણને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી આઠનો સુધારો આવ્યો હતો. આ સિવાય નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે રૂ. છનો અને વપરાશકારોની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર ટીનમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે કોપરની વેરાઈટીઓમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૦૧૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૯૨૪, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૩૮ અને કોર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૯૦૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સમાં કામકાજો પાંખાં રહેતા ભાવ કિલોદીઠ રૂ. ૮૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા. વધુમાં આજે નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૩૪૮ના મથાળે અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૬૬ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, ગત શુક્રવારે ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૫૯ વધી આવ્યા બાદ આજે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. નવના ઘટાડા સાથે રૂ. ૩૧૮૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે બ્રાસ અને એલ્યુમિનિયમની અન્ય વેરાઈટીઓ તથા ઝિન્ક સ્લેબમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

(તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

દિવાળીના મહાપર્વ નિમિત્તે ધંધા-રોજગારમાં વૃદ્ધિ અને સમૃદ્ધિના આશીર્વાદ મેળવવા ઠેર-ઠેર ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર દિવસે રાજકોટના કુવાડવા રોડ પર આવેલા સુપ્રસિદ્ધ રણછોડદાસ બાપુના આશ્રમ ખાતે પણ ભક્તિભાવ સાથે ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીનો દિવસ ચોપડા પૂજન માટે ઉત્તમ માનવામાં આવે છે, ત્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ આશ્રમ ખાતે ચોપડા પૂજન વિધિમાં ભાગ લઈને આશીર્વાદ મેળવ્યા હતા.

ગિરનારનાં તમામ ધાર્મિક સ્થળોએ સ્વખર્ચે સીસીટીવી લગાવવા જૈન-સનાતન સંતોનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિરનાર પર્વત પર આવેલા ગોરખનાથ શિખરના મંદિરમાં થયેલી તોડફોડ અને મૂર્તિ ખંડિત કરવાના ગંભીર કેસનો ભેદ ઉકેલવા બદલ આજે ગૌરક્ષનાથ આશ્રમ ખાતે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો ભવ્ય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સનાતન ધર્મ અને જૈન ધર્મના અગ્રણી સંતો-મહંતોએ એક મંચ પર આવી, ભેદ ઉકેલવામાં કામગીરી કરનાર પોલીસકર્મીઓનું સન્માન કર્યું હતું.

આ સન્માન સમારોહમાં જૈન સંત નમ્રમુનિજી, ભાઈ મહારાજ, ગૌરક્ષનાથ આશ્રમના મહંત શેરનાથબાપુ, પરબધામના મહંત કરશનદાસબાપુ, હવેલીના પીયૂષબાવાશ્રી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા. જૈન સંતોએ આ પ્રસંગે સનાતન અને જૈન સમાજ એક જ હોવાનો ભાવ વ્યક્ત કર્યો હતો, જેને સનાતન ધર્મના સંતોએ હર્ષભેર આવકાર્યો હતો.

સૌથી મહત્ત્વનો નિર્ણય લેતા સંતોએ ભવિષ્યમાં આવી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ગિરનાર પર્વત પરના તમામ ધાર્મિક સ્થળોએ સ્વખર્ચે આધુનિક ટેકનોલોજીથી સજ્જ સીસીટીવી કેમેરા લગાવવાનો સંકલ્પ કર્યો હતો. આ અંગે જૈન સંતોએ તત્કાળ રૂ. ૨૫ લાખનું માતબર યોગદાન જાહેર કર્યું હતું. જ્યારે ભવનાથ ક્ષેત્ર, સતાધાર, ચાપરડા, પરબ, ધોરાજી સહિતના સનાતન ધર્મના સંતોએ પણ આ ભગીરથ કાર્યમાં યથાયોગ્ય આર્થિક યોગદાન આપવાની જાહેરાત કરી હતી. સર્વસંમતિથી લેવાયેલા આ નિર્ણય મુજબ, ગમે તેટલો ખર્ચ થાય, પરંતુ ગિરનારની મુખ્ય સીડી, પાછળની સીડી અને જંગલ સહિતનો સમગ્ર વિસ્તાર સીસીટીવી કેમેરાના કવરેજ હેઠળ લાવવામાં આવશે. ■

ભુજ-ખાવડા માર્ગ પરના લુડિયા બાયપાસ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે યુવાનોના મોત

ભુજઃ ભારે વાહનોની અવરજવરથી સતત ગાજતા રહેતા અને 'એક્સિડેન્ટ ઝોન' તરીકે કુખ્યાત ભુજ-ખાવડા ધોરીમાર્ગ પરના લુડિયા બાયપાસ પાસે વધુ એક વાર જીવલેણ અકસ્માતનો બનાવ બન્યો હતો, જેમાં ઓવરટેક કરવાની લ્હાયમાં ખાનગી બસ અને ઇકો કાર ટકરાઈ જતાં ૨૦ વર્ષીય મહાવેશ ખીમજી આહીર અને ખાવડાના નવાવાસના ૧૭ વર્ષીય તરુણ એવા ઇમામ હાસમ સમાનાં ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મૃત્યુ થયાં હતાં. જ્યારે બસમાં બેઠેલા કેટલાક મુસાફરોને હળવાથી મધ્યમ પ્રકારની ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, ગત રવિવારે સાંજના ચારેક વાગ્યાના સુમારે ખાનગી બસ ખવડાથી ભુજ તરફ આવી રહી હતી ત્યારે આ માર્ગ પરના લુડિયા બાયપાસ પાસે ભુજ તરફથી આવતી મારુતિ ઇકો કાર સાથે ઓવરટેક કરતાં સમયે જોરદાર ટક્કર થઇ હતી જેમાં બુકડો વળી ગયેલી કાર ચલાવી રહેલા મહાવેશનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે બસમાં આગળ બેઠેલા ઇમામ હાસમ સમાનું પણ ગંભીર ઇજા પહોંચતાં બનાવસ્થળે મૃત્યુ નીપજ્યું હતું. આ ગમખ્વાર અકસ્માત બાદ માર્ગની બંને બાજુ ટ્રાફિક અવરોધાયો હતો અને વાહનોની લાંબી કતાર લાગી હતી. બંને મૃતકોને ખાવડાની સરકારી હોસ્પિટલ લઇ જવાયા હતા. ખાવડા પોલીસે ફરિયાદ દાખલ કાર્યવાહી હાથ ધરી હતી. તે ઉપરાંત ગાંધીધામ તાલુકાના શિણાય ગામના પાદરે આવેલા તળાવમાં નહાવા માટે ગયેલા આદિપુરના યશ ચારણ (ઉ.વ.૧૨) નામના બાળકનું ડૂબી જતાં મોત થયું હતું. કરુણાંતિકા અંગે પ્રાપ્ત માહિતી મુજબ, આદિપુર શહેર ખાતેના ઓમ મંદિરની બાજુમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેનાર યશ ચારણ ગત સાંજના અરસામાં શિણાયમાં આવેલા તળાવમાં ન્હાવા માટે ગયો હતો. આ દરમ્યાન તળાવના ઊંડા પાણીમાં ડૂબી જતાં તેણે જીવ ખોયો હતો. દિવાળીના પર્વો દરમ્યાન માસૂમ બાળકનાં અકાળ મોતથી પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.■

આઝાદી બાદ પ્રથમવાર સાવરકુંડલામાં 'નાવલી ઉત્સવ'ની રંગારંગ ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના પર્વની પૂર્વ સંધ્યાએ અમરેલી જિલ્લાના સાવર કુંડલામાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર અમરેલી તેમજ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા રંગારંગ ''નાવલી ઉત્સવ'' યોજાયો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સાવરકુંડલા શહેરની ઐતિહાસિક ધરોહર સમાન નાવલી નદીના પટાંગણમાં મહાનુભાવોએ શહેરની અસ્મિતાના ઓવારણા લીધા હતા. રાજ્ય કક્ષાના પ્રધાન કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને આ પ્રસંગે રાજ્ય કક્ષાના પ્રધાન કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ પ્રથમ વખત સાવરકુંડલા શહેરમાં ઉજવાઈ રહેલો ''નાવલી ઉત્સવ'' એ વિકાસ સાથે વિરાસતની જતનનું પ્રતીક છે. સાવરકુંડલા શહેરને આગામી દિવસમાં ભવ્ય નાવલી રીવરફ્રન્ટની ભેટ મળવા જઈ રહી છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યના સુપ્રસિદ્ધ કલાકાર રાજ ગઢવી, પેક્ષાબેન પંડ્યા, લોક સાહિત્યકાર કિશનભાઇ રાદડિયા સહિતના કલાકારોએ સંગીત અને સાહિત્યનો રસથાળ પીરસ્યો હતો. વધુમાં કાર્યક્રમમાં ઉપસ્થિત શહેરીજનોને 'હર ઘર સ્વદેશી અભિયાન' અંતર્ગત સ્વદેશી ચીજ વસ્તુઓની ખરીદી કરવાનો આગ્રહ રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો.■

ગુજરાત સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત ભાવનગર આવેલા જીતુ વાઘાણીએ દિવાળીના આ પવિત્ર પ્રકાશપર્વ નિમિત્તે વિખ્યાત રાજપરા ખોડિયાર માતાજીના મંદિરે શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. પ્રધાન જીતુ વાઘાણીએ માતાજીનાં ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. (તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

સામખિયાળી નજીક સૂરજબારી ટોલ પ્લાઝા પાસે લક્ઝરી બસમાં ભીષણ આગઃ બસ બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં રાજસ્થાન ખાતે એક લકઝરી બસમાં લાગેલી ભીષણ આગમાં ૨૦થી વધારે મુસાફરો જીવતા ભૂંજાયા હોવાની દુર્ઘટના હજુ લોકોના માનસપટ પર તાજી છે તેવામાં કચ્છના સામખિયાળીના સૂરજબારી ટોલ પ્લાઝા નજીક ગત મોડી રાત્રે પસાર થઇ રહેલી ખાનગી લક્ઝરી બસમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં મુસાફરોનો જીવ તાળવે ચોંટ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, ગત રાત્રે ભુજથી નીકળેલી ડબલડેકર ખાનગી લક્ઝરી બસ સૂરજબારી ટોલ પ્લાઝાથી થોડે આગળ ભચાઉના શિકારપુર નજીક પહોંચી ત્યારે અચાનક પાછળની બાજુએથી ધુમાડા નીકળ્યા બાદ આ બસમાં જોતજોતામાં આગ ફાટી નીકળી હતી. સમયસૂચકતા વાપરીને બસચાલકે ઇલેક્ટ્રોનિક દરવાજાને તાત્કાલિક ખોલી, રસ્તાની સાઈડમાં ઊભી રાખી દીધી હતી અને અંદર રહેલા તમામ મુસાફરો સળગતી બસમાંથી હેમખેમ બહાર આવી ગયા હતા.

આ ઘટનાને પગલે કચ્છનો આ મહત્ત્વનો માર્ગ અવરોધાયો હતો અને ૬થી ૭ કિ.મી. સુધી ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.

આગના બનાવ અંગે ભચાઉ અગ્નિશમન દળને જાણ કરાતાં ટીમ ત્યાં દોડી આવી હતી. ભારે ટ્રાફિકના પગલે અગ્નિશમન દળને પણ બનાવ સ્થળે પહોંચવામાં વાર લાગતાં બસ સળગીને રાખ બની ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■

સુરેન્દ્રનગરના દુધરેજ ધામ ખાતે વડવાળા મંદિર દિવાળીની રોશનીથી ઝળહળી ઊઠ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના પાવન પર્વ નિમિત્તે સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ગામ ખાતે આવેલું પૌરાણિક વડવાળા દેવ મંદિર ભવ્ય રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. સમગ્ર દેશમાં રબારી અને માલધારી સમાજ માટે આસ્થાના કેન્દ્ર સમાન આ મંદિરે દિવાળી પર્વને ધ્યાનમાં રાખીને અદ્‌ભુત શણગાર કરવામાં આવ્યો હતો.

દિવાળી પર્વ નિમિત્તે વડવાળા દેવ મંદિરના દર્શનાર્થે લાખોની સંખ્યામાં અનુયાયીઓ અને શ્રદ્ધાળુઓ ઊમટી પડતા હોય છે. આ વર્ષે પણ મંદિરને રંગબેરંગી રોશનીની હારમાળાઓથી સજાવવામાં આવ્યું હતું. રાત્રિના સમયે આ રોશનીના કારણે મંદિરનો નજારો અત્યંત દિવ્ય અને મનમોહક બની ગયો હતો, જેના આકાશી દ્રશ્યો જોઈને કોઈ પણ મંત્રમુગ્ધ બની જાય. વડવાળા દેવ મંદિરના આ ભવ્ય શણગારને કારણે સમગ્ર દુધરેજ ધામ ભક્તિ અને ઉલ્લાસના વાતાવરણમાં તરબોળ થયું હતું. આ આસ્થાના કેન્દ્ર પર થયેલો પ્રકાશનો વૈભવ શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યો હતો. ■

ગોહિલવાડમાં દિપોત્સવી પર્વની રંગેચંગે ઉજવણીઃ ચોપડા પૂજન, મંગળા આરતી અને ધર્મસ્થાનકોમાં ઉત્સાહનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ હર્ષોલ્લાસ અને રોશનીના મહાપર્વ સમા દીપોત્સવી તહેવારની ગોહિલવાડમાં ભારે ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. દિવાળીના તહેવાર નિમિત્તે સમગ્ર ગોહિલવાડ વિસ્તારમાં ચોતરફ આનંદનો સંચાર જોવા મળ્યો હતો. આ વર્ષે તિથિના અપવાદોને કારણે બે દિવસ ધનતેરસની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે રવિવારના રોજ કાળી ચૌદશના પર્વે મંત્ર અને તંત્રની સાધના કરાઈ હતી. હનુમાનજી, શનિદેવ, કાળભૈરવ અને મહાકાળી માતાજીના મંદિરોમાં વિશેષ પૂજા, યજ્ઞ સહિતના કાર્યક્રમોનું આયોજન થયું હતું. લોકોએ કુળદેવી માતાજી અને સુરાપૂરા દાદાને નૈવેદ્ય અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

દીપોત્સવીના પ્રસંગે ધર્મસ્થાનકોમાં મંગળા આરતીનું વિશેષ મહત્ત્વ હોવાથી શહેરના સ્વામિનારાયણ મંદિરો અને પુષ્ટિમાર્ગીય હવેલીઓ સહિતના ધર્મસ્થાનકોમાં મંગળા આરતીનો ઘંટારવ ગૂંજી ઉઠ્યો હતો. દિવાળીના તહેવારમાં ચોપડા પૂજનનું અનન્ય મહત્ત્વ હોય છે. વેપારી પેઢીઓમાં વ્યક્તિગત રીતે તેમ જ સ્વામિનારાયણ મંદિર અને હવેલીઓ સહિતના ધર્મસ્થાનકોમાં સામૂહિક ચોપડા પૂજનના કાર્યક્રમોનું આયોજન થયું હતું. મોડી સાંજથી શહેરના ઘોઘાગેટ, દિવાનપરા રોડ, વોરાબજાર, પીરછલ્લા શેરી સહિતના સ્થળોને સાંકળતા મેરી ગો રાઉન્ડમાં આબાલ-વૃદ્ધ શહેરીજનો મિત્રવર્તુળ અને પરિવારજનો સાથે હોંશે હોંશે ઊમટી પડ્યા હતા અને આનંદ માણ્યો હતો. ■

'ધનતેરસ' સાવરણીના વેપારીઓને ફળીઃ તળાજામાં એક જ દિવસમાં લાખોનો રેકોર્ડ બ્રેક વેપાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દિવાળીના પર્વની શરૂઆત ધનતેરસના શુભ દિવસથી થાય છે, અને આ દિવસે સાવરણી ખરીદવાનો શુકનવંતો રિવાજ તળાજાના વેપારીઓ માટે ફળ્યો હતો. ધનતેરસના એક જ દિવસમાં તળાજા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સાવરણીનો લાખો રૂપિયાનો રેકોર્ડ બ્રેક વેપાર નોંધાયો હતો.

ધનતેરસના દિવસે સાવરણી ખરીદવાથી ઘરમાં લક્ષ્મીનો વાસ થાય છે અને લાભ થાય છે, તેવી માન્યતાના કારણે સાવરણીની ખરીદી ધર્મ, શ્રદ્ધા અને લાભ સાથે જોડાઈ ગઈ છે. જેના પરિણામે, સાવરણી-સાવરણાના વેપારીઓને આ ધનતેરસ મોટા પાયે ફળી હતી. કિચનવેરના

(તસવીરઃ વિપુર હિરાણી)

વેપારી રાજુભાઈ દવેએ જણાવ્યું હતું કે, ''આ પરંપરાની અસર છેલ્લા ત્રણેક વર્ષથી જોવા મળી રહી છે, પરંતુ આ વખતે તો રેકોર્ડ બ્રેક કહી શકાય તેવી ઘરાકી નીકળી હતી.'' અન્ય એક વેપારીએ તો ત્યાં સુધી જણાવ્યું હતું કે, તેમની એક જ દુકાનનો એક દિવસનો વેપાર અડધા લાખ રૂપિયાનો હતો, જેમાં મોટાભાગે સાવરણીનો વેપાર હતો.

વેપારીઓના જણાવ્યા મુજબ, તળાજામાં ભાગ્યેજ જ કોઈ ઘર હશે, જ્યાં લોકો નવી સાવરણી ખરીદીને નહીં લઈ ગયા હોય. આ માન્યતામાં માત્ર મહિલાઓ જ નહીં, પણ પુરુષ વર્ગ દ્વારા પણ મોટા પાયે ખરીદી કરવામાં આવી હતી. અમુક પરિવારોએ તો આખા વર્ષ માટેની સાવરણી એકી સાથે ખરીદી લીધી હતી. ■

બોટાદ જિલ્લાના ગઢડામાં શાકમાર્કેટ નજીક બે કેબિન બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદ જિલ્લાના ગઢડા શહેરની શાકમાર્કેટ નજીક આવેલા ચબૂતરા પાસે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનામાં બે કેબિન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી, જોકે ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચી જઈને આગ પર કાબૂ મેળવી લેતાં મોટી દુર્ઘટના થતા ટળી ગઈ હતી.

આગ લાગવાના કારણે આસપાસની બે કેબિનને ભારે નુકસાન થયું હતું અને તે સંપૂર્ણપણે રાખ થઈ ગઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે, આ આગ લાગી તે સ્થળથી માત્ર ૫૦ મીટરના અંતરે ફટાકડા બજાર આવેલું હોવાથી, જો આગ વધુ પ્રસરી હોત તો ગંભીર દુર્ઘટના સર્જાઈ શકતી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુદ્ધના ધોરણે પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ પર કાબૂ મેળવી લેવાયા બાદ સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. ■

દિવાળીમાં આગ લાગવાના બનાવોને પહોંચી વળવા રાજકોટ ફાયર વિભાગે પાંચ હંગામી સ્ટેશન શરૂ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાના ફાયર અને ઇમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા દિવાળીના તહેવારોમાં આગના બનાવો વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. સુરક્ષાના ભાગરૂપે પાંચ હંગામી ફાયર સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યા હતા અને ૪૪૫ કર્મચારીઓને વિશેષ તહેનાત કરાયા હતા. આ કર્મચારીઓ નવા વર્ષની સવાર સુધી ખડેપગે ફરજ બજાવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, તહેવારોમાં આગ લાગવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. આથી, કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને અને બને તો તેને ઝડપથી કાબૂમાં લઈ શકાય તે માટે ફાયર વિભાગે પૂરતી વ્યવસ્થા ગોઠવી છે. જેમાં પાંચ હંગામી ફાયર સ્ટેશન ઊભા કરવામાં આવ્યા છે, અને ૪૪૫ કર્મચારીઓનો કાફલો નવા વર્ષની સવાર સુધી સતત કાર્યરત રહેશે.

શહેરમાં ભીડવાળા વિસ્તારો, મોટી માર્કેટો, સાંકડી શેરીઓ અને ગીચ બજારોને ધ્યાનમાં રાખીને પાંચ અલગ-અલગ સ્થળોએ આ હંગામી ફાયર સ્ટેશન ઊભા કરાયા છે. આ વિસ્તારોમાં પરાબજાર, ફૂલછાબ ચોક, યુનિવર્સિટી રોડ, પંચાયત ચોક અને વેડક રોડનો સમાવેશ થાય છે. આ તમામ પાંચ હંગામી ફાયર સ્ટેશનો પર ૨૪ કલાક માટે એક ફાયર ટેન્ડર વાહન અને એક ટીમ સંપૂર્ણ સજ્જતા સાથે તહેનાત રહેશે. ત્રણ દિવસ માટે ફાયર વિભાગના કુલ ૪૪૫ માણસોનો મેનપાવર ૨૪ કલાક સેવા આપવા માટે ઉપલબ્ધ રહેશે. સૂત્રોના કહેવા મુજબ, સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં સરેરાશ ૧૨૫ થી ૧૫૦ જેટલા ફાયર કોલ આવતા હોય છે. ■

લોકોના વિરોધ બાદ પોરબંદરનું ઉદ્યોગનગર રેલવે ફાટક ફરી ખોલવાનો નિર્ણય લેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા ચાર મહિનાથી બંધ રહેલા પોરબંદરના ઉદ્યોગનગર રેલવે ફાટકને ફરીથી ખોલવાનો આખરે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ફાટક બંધ થવાને કારણે આસપાસના રહેવાસીઓમાં વ્યાપક રોષ જોવા મળતો હતો અને સ્થાનિકોએ ફાટક ખોલોના નારા સાથે રેલ રોકો આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

દિવાળીના શુભ દિવસે કેબિનેટ પ્રધાન અને પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ સ્થળની મુલાકાત લીધી હતી. કેબિનેટ પ્રધાને મીડિયાને જણાવ્યું હતું કે રેલવે દ્વારા કોઈ ચર્ચા કર્યા વિના ફાટક બંધ કરી દેવાયું હતું, જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તેમણે આ બાબતે પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાને રજૂઆત કરી હતી.

રેલવે ફાટક એકવાર બંધ થયા પછી સ્થાનિક અધિકારીઓ પાસે તેને ખોલવાની સત્તા ન હોવાથી, મનસુખ માંડવિયા સાથે ચર્ચા કરીને રેલવે વિભાગને ફાટક ફરીથી ખોલવા માટે સૂચના આપવામાં આવી હતી. ■

જેતપુરમાં ₹ ૫૩ કરોડના ખર્ચે બનેલા 'વિઠ્ઠલભાઈ રાદડિયા રેલવે ઓવરબ્રિજ'નું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દીપાવલીના શુભ દિવસે જેતપુર શહેરના નાગરિકો માટે વિકાસનો એક મોટો પ્રોજેક્ટ સાકાર થયો હતો. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ધોરાજી રોડ રેલવે ફાટક નં-૬૧ બી ઉપર રૂ. ૫૩/- કરોડના ખર્ચે નવનિર્માણ પામેલા ''વિઠ્ઠલભાઈ રાદડિયા રેલ્વે ઓવરબ્રિજ''નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય જયેશ રાદડિયાએ આ ઓવરબ્રિજનું લોકાર્પણ કરીને શહેરના તમામ નાગરિકોને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

આ રેલવે ઓવરબ્રિજ બનવાથી જેતપુર શહેરના લોકોને વર્ષો જૂની અને માથાના દુખાવા સમાન ટ્રાફિક સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. અગાઉ, રેલવે ફાટક વારંવાર બંધ થવાને કારણે સર્જાતી ટ્રાફિકની ગંભીર સમસ્યાથી શહેરના લોકોને મોટી રાહત મળી છે, જે શહેરના વિકાસ અને નાગરિકોની સુવિધા માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે શહેરના ધોરાજી રોડ પરના આ રેલવે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી છેલ્લાં કેટલાય વર્ષોથી ચાલી રહી હતી. વિકાસકાર્યની ગોકળગતિને કારણે ધોરાજી, ઉપલેટા, પોરબંદર તેમજ પેઢલા, પાંચપીપળા, મોટા ગુંદાળા, જેતલસર જંક્શન, મંડલીકપૂર સહિતના ગામના મુસફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ધોરાજી, ઉપલેટા, પોરબંદર તરફથી આવતી મોટાભાગની એસટી અને ખાનગી બસને પણ નવાગઢથી આવવું પડતું હતું. ■